વર્ષ : ૬૨ ■ અંક : ૭ ■ તા.૧-૪-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આઝાદી કા અમૃત મહોત્સવ



## ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું ગુજરાત

### રાષ્ટ્રપતિશ્રીનું ગુજરાત વિધાનસભાને સંબોધન



## 200 દિવસની જનસેવાનું સરવૈયું

## મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રીશ્રીની પરિશ્રમ યાત્રા

## વિકાસકાર્યોની વરસી હેલી... તસવીરી ઝલક













Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 7 ▪ Date 1-4-2022

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨

**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com

**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**64 + 4 Cover = Total 68 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશ:

- દરેકનું 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે.
- રાજ્યમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં છેલ્લા બે વર્ષોમાં ૬૯૦૦ હેક્ટરની વૃદ્ધિ થઈ છે.
- વડાપ્રધાનશ્રીની આત્મનિર્ભરતાની પહેલ દેશની નારીશક્તિની સહભાગીતાથી સફળ થશે.
- ભારતમાં ગુરુકુળ પરંપરાને પુનઃ પ્રસ્થાપિત કરી ભારતને શ્રેષ્ઠ બનાવીએ.
- રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાની દિશામાં સરકારે મક્કમ ડગ માંડ્યા છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 5 ટ્રિલિયન ઈકોનોમીના સંકલ્પને પૂરો કરવામાં ICAIનો રોલ મહત્ત્વનો બની રહેશે.
- કૌશલ્ય અને જ્ઞાન સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન થાય તેવા શિક્ષણની આવશ્યકતા છે.
- આરોગ્ય સેવામાં ગુજરાત ગ્લોબલ હેલ્થ ડેસ્ટીનેશન બની ગયું છે.
- આત્મનિર્ભર, સંપન્ન અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે આપણે દરેક યુવાનમાં દેશપ્રેમની ભાવના ઉજાગર કરવી પડશે.
- સેંકડો કુશળ કારીગરોની આવડતથી ગુજરાત દેશનું મોસ્ટ ઈન્ડસ્ટ્રીયલાઇઝ્ડ સ્ટેટ બન્યું છે.
- રાજયના કુલ વીજ પુરવઠાનો ૪૦ ટકા ફાળો રીન્યુએબલ સ્ત્રોતમાંથી આવે છે.
- ભારતના જીડીપીમાં ગુજરાતનો હિસ્સો ૮ ટકા અને ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૧૭ ટકા છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)





**20** કવર સ્ટોરી **મૃદુ પણ મક્કમ, નિર્મળ અને પરિશ્રમી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના ૨૦૦ દિવસની જનસેવા પરિશ્રમયાત્રા** - પુલક ત્રિવેદી

**26** **ખેડૂતોની પડખે સદાય અડીખમ સરકાર...** - હર્ષદ રૂપાપરા

**28** **મહિલા સશક્તીકરણ માટે પ્રતિબદ્ધતાપૂર્ણ 200 દિવસ** - મનીષા વાઘેલા

**30** **૨૦૦ દિવસમાં વંચિતો, આદિવાસી બાંધવો, દરિદ્રનારાયણોએ ભરી વિકાસની હરણફાળ** - દેવાંગ મેવાડા • નીરવ રાવલ

**33** **ગુજરાતના યુવાનોના સામર્થ્ય વડે નવા ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ થઈ રહ્યું છે** - મિનેશ ત્રિવેદી

**6 અતિથિ**
ગુજરાતમાં યોજાયું લોકશાહીનું મહાપર્વ : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું ગુજરાત વિધાનસભાને સંબોધન

**10 સંવાદ**
મન કી બાત

**14 જનસુખાકારી**
અમદાવાદને મળી વિકાસકામોની ભેટ

**16 અભિયાન**
12 થી 14 વર્ષની વયજૂથનાં બાળકો માટે રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ

**18 સંવેદના**
પૂર્વ જાણ કર્યા વિના સુખાલીપુરા પહોંચ્યા CM

**36 જળ શક્તિ**
જળવ્યવસ્થાપન -જળસંચયનું જનઅભિયાન... સુજલામ સુફલામ જળઅભિયાન...

**43 જનકલ્યાણ**
સુરતમાં આરોગ્ય સેવાનાં બે પ્રકલ્પનું ભૂમિપૂજન

**44** આણંદના ઓડમાં ઔદ્યોગિક વસાહતનું ભૂમિપૂજન

**45 ગૌરવ**

**47 વાત વિધાનસભાની**

**54 વિધાનસભાના દ્વારેથી**

**56 આસપાસ**

**60 નિર્ણય**

**61 સમાચાર વિશેષ**

**64 સાફલ્યગાથા**
ખેડૂતપુત્રની જમીનથી હવાઈ સફર - ક્રિષ્ના સિસોદિયા

**65** છાત્રોએ પૉકેટમનીથી બનાવી હર્બલ પ્રોડક્ટ કંપની - દર્શન ત્રિવેદી

**66 આરોગ્ય સુધા**
એક જ દિવસમાં બે અંગદાતાઓથી સાતને નવજીવન - અમિતસિંહ ચૌહાણ

# જનસેવા પરિશ્રમયાત્રાના ૨૦૦ દિવસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો મૃદુ સ્વભાવ અને મક્કમ નિર્ણયશક્તિ સૌ કોઇને સ્પર્શી ગઇ છે



૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ને બરાબર ૨૦૦ દિવસ પુરા થયા. આ એ દિવસ હતો કે જ્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળતા વેંત ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે મક્કમ નિર્ણયશક્તિનો ગુજરાતને સાક્ષાત્કાર કરાવ્યો. એમણે એમના સરળ, સહજ અને સૌમ્ય સ્વભાવ સાથે દ્રઢ નિર્ણયશક્તિ અને મક્કમ મનોબળના સથવારે જનસેવાની પરિશ્રમયાત્રા આરંભી. એમના મૃદુ સ્વભાવ અને મક્કમ મનોબળને આજે સૌ કોઇ એક અવાજે સત્કારે છે, પોંખે છે. ગુજરાત ચાર અક્ષરનો શબ્દ વિકાસનો પર્યાય બની ગયો છે. રાજ્યનાં તમામ ક્ષેત્રનો, તમામ સમાજના સર્વાંગી વિકાસની વિચારધારાની પ્રતીતિ અંદાજપત્રમાં પ્રતિપાદિત થઇ છે. ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટા કદના આ વર્ષના અંદાજપત્રમાં ખેડૂતોનું કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, યુવાનોના શિક્ષણ-રોજગાર અને વંચિતોના સર્વાંગી વિકાસને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની તાજેતરની ગુજરાતની મુલાકાત ઐતિહાસિક બની રહી. મહામહિમ રાષ્ટ્રપતિશ્રીએ રાજ્યની વિધાનસભાને સંબોધિત કરી હોય એવી વિરલ ઘટનાનું ગુજરાત સાક્ષી બન્યું. રાષ્ટ્રપતિશ્રીએ લોકશાહીને મજબૂત બનાવવા માટે ધારાસભ્યશ્રીઓને મહામૂલુ માર્ગદર્શન આપ્યું. રાજ્યનાં પશ્ચિમ કિનારે આવેલા વાલસુરા નૌસેના તાલીમ સંસ્થાનને પ્રેસિડેન્સિયલ કલર્સથી સન્માનિત કરી, રાષ્ટ્રપતિશ્રીએ શાંતિ અને યુદ્ધના સમયે વાલસુરા સંસ્થાએ કરેલી કામગીરીને બિરદાવી.

ગુજરાતે પાછલા બે દાયકામાં જળસંચય અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે નેત્રદિપક કામ કર્યું છે. નર્મદા યોજના, સૌની યોજના અને સુજલામ સુફલામ જળસંચય યોજનાના માધ્યમથી રાજ્યમાં ટેન્કરરાજને સમાપ્ત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કામગીરી થઇ છે. આ વર્ષે જળસંચય યોજના થકી ૧૫ હજાર લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો કરવાનું લક્ષ્ય રાજ્ય સરકારે નિર્ધારીત કર્યુ છે.

કોરોના મહામારીના કપરા કાળમાં પણ ગુજરાતે જનહિતલક્ષી વિકાસ કાર્યોની ગતિ મંદ પડવા નથી દીધી. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ, કલોલમાં વિકાસ કાર્યોના વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. શ્રી અમિતભાઈ શાહે અમદાવાદની મુલાકાત દરમિયાન યથાર્થ જણાવ્યું હતું કે, જ્યારે કોરોનાકાળમાં જગતના વિકસિત દેશો મંદીનો સામનો કરી રહ્યા હતા ત્યારે પણ ગુજરાતમાં વિકાસકાર્યો તેજ રફતારથી આગળ વધી રહ્યા છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો ત્યારથી એકપણ દિવસનો વિરામ લીધા વગર સાડા છ કરોડ નાગરિકોના ઉત્કર્ષ માટે સતત કામ કર્યું છે. તેમના સરળ, સહજ અને સાલસ સ્વભાવની પ્રતીતિ જન જનને થઇ રહી છે. વડોદરાના સુખાલીપુરાના નાગરિકોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અનોખા સંવેદનશીલ વ્યક્તિત્વની અનુભૂતિ થઇ. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનો સાથે વિવિધ મુદ્દાઓ ઉપર સીધો સંવાદ કર્યો હતો. લોકોની વચ્ચે જઈને, લોકોના બનીને તેઓ લોકોના પ્રશ્નો મૃદુતાથી સાંભળી તેના ત્વરિત નિવારણ કરી છે. તેમની આ કાર્યશૈલીએ તેમને સાચા અર્થમાં જનનાયક તરીકે પ્રસ્થાપિત કર્યા છે.

મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યાના ૨૦૦ દિવસમાં તેમણે સમાજના તમામ વર્ગના અને વય જૂથના લોકો અને તમામ વ્યવસાયના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. ખેડૂત હિતલક્ષી નિર્ણયો હોય કે મહિલા સશક્તિકરણની વાત હોય, યુવાનોનો વિકાસ હોય કે સ્વાસ્થ્ય સુરક્ષાના કાર્યો હોય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો સાલસ સ્વભાવ અને કામ કરવાની ધગશને સૌ કોઇ આવકારી રહ્યાં છે. ૨૦૦ દિવસમાં સાડા છ કરોડ ગુજરાતીઓને વિકાસયાત્રામાં સાંકળીને એમણે જનહિતના કાર્યો માટે વ્યાપક જનશક્તિને જોડી છે. આ ઉપરાંત ગુજરાત પાક્ષિકના પ્રસ્તુત અંકમાં વિધાનસભાના અંદાજપત્રીય સત્રમાં વિવિધ વિભાગોની માંગણીઓ પરની ચર્ચા તેમજ પ્રશ્નોત્તરીની વિગતો, વિકાસગાથા તથા રાજ્ય સરકારનાં નિર્ણયોની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જય જય ગરવી ગુજરાત...

- ડી.પી. દેસાઈ આઇ.એ.એસ.
માહિતી નિયામક



### ગુજરાતમાં યોજાયું લોકશાહીનું મહાપર્વ

# રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું ગુજરાત વિધાનસભાને સંબોધન

કેટલીક ઘટનાઓ ઇતિહાસના પાને ચીરસ્મરણીય બની જતી હોય છે. 24 માર્ચ, 2022નો દિવસ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો. ગત 24 માર્ચના રોજ ઇતિહાસમાં સૌપ્રથમ વાર રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રીઓને સંબોધવામાં આવ્યા. દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તાજેતરમાં બે દિવસીય ગુજરાત પ્રવાસે આવ્યા હતા. ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાનાં સ્પીકર શ્રી નીમાબહેન આચાર્યે પુષ્પગુચ્છ આપીને તેમનું ભાવસભર સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં જનપ્રતિનિધિઓની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ છે. વિધાનસભાના સભ્યો તેમના મતવિસ્તાર અને રાજ્યના લોકોના પ્રતિનિધિઓ છે, પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે લોકો તેમને પોતાના ભાગ્યનિર્માતા માને છે. તેમની સાથે લોકોની આશાઓ અને આકાંક્ષાઓ જોડાયેલી છે. લોકોની આ આકાંક્ષાઓને પૂર્ણ કરવાના પ્રયાસો તમામ ધારાસભ્યો માટે સર્વોપરી હોવા જોઈએ.

રાષ્ટ્રપતિશ્રીએ એવા સમયે ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધિત કર્યા જ્યારે ભારત આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. આ વાતને ટાંકીને રાષ્ટ્રપતિએ કહ્યું કે આઝાદી અને તેના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે ગુજરાત કરતાં વધુ સારી જગ્યા કોઈ નથી. ગુજરાતના લોકો સ્વતંત્ર ભારતની કલ્પના કરવામાં અગ્રેસર હતા. 19મી સદીના છેલ્લા દાયકાઓમાં દાદાભાઈ નવરોજી અને ફિરોઝ શાહ મહેતા જેવી હસ્તીઓએ ભારતીયોના અધિકારો માટે અવાજ ઉઠાવ્યો હતો. સ્વતંત્રતાના આ સંઘર્ષને ગુજરાતના લોકોનો સતત સહકાર મળ્યો હતો અને આખરે મહાત્મા ગાંધીજીના માર્ગદર્શન હેઠળ તે ભારતની આઝાદીમાં પરિણમ્યો.

મહાત્મા ગાંધીજીએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને માત્ર નેતૃત્વ પૂરું પાડ્યું નહોતું, પરંતુ સમગ્ર વિશ્વને એક નવો રસ્તો, નવી વિચારસરણી અને નવી ફિલસૂફી પણ

બતાવી હતી. આજે જ્યારે પણ દુનિયામાં કોઈપણ પ્રકારની હિંસા થાય છે ત્યારે બાપુના સૂત્ર 'અહિંસા'નું મહત્ત્વ આપણને સમજાય છે. રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, ગુજરાતનો ઈતિહાસ અનોખો છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ભૂમિને સત્યાગ્રહની ભૂમિ કહી શકાય. સત્યાગ્રહનો મંત્ર સમગ્ર વિશ્વમાં સંસ્થાનવાદ સામે એક અમોઘ શસ્ત્ર તરીકે સ્થાપિત થયો હતો. બારડોલી સત્યાગ્રહ, મીઠાનો સત્યાગ્રહ અને દાંડીકૂચે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામને ન માત્ર નવો આકાર આપ્યો, પરંતુ વિરોધની અભિવ્યક્તિ અને જનઆંદોલનના આચરણને પણ એક નવું પરિમાણ આપ્યું.

સરદાર પટેલે સ્વતંત્ર ભારતને તેનું એકીકૃત સ્વરૂપ આપ્યું અને વહીવટનો પાયો મજબૂત કર્યો. નર્મદાકિનારે તેમની પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી', જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, તે તેમની સ્મૃતિમાં કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી માત્ર એક નાનકડી ભેટ છે. ભારતના લોકોના હૃદયમાં તેમનું કદ તેનાથી પણ વધારે ઊંચું છે.

ગુજરાતે રાજકારણ ઉપરાંત સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નરસિંહ મહેતાની આ ભૂમિ પર આધ્યાત્મિકતાનો ઘણો પ્રભાવ રહ્યો છે. તેમનું ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે' આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનું ગીત બની ગયું. તેણે ભારતીય સંસ્કૃતિના માનવતાવાદનો પણ પ્રસાર કર્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુજરાતની પ્રજાની ઉદારતા એ ભારતીય સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ છે. પ્રાચીનકાળથી આ પ્રદેશમાં તમામ સંપ્રદાયો અને સમુદાયોના લોકો ભાઈચારાથી આગળ વધતા રહ્યા છે.

ગુજરાતે આધુનિક યુગમાં વિજ્ઞાન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું હોવાની વાત કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ડૉ. હોમી જહાંગીર ભાભાને ભારતીય પરમાણુ કાર્યક્રમના પિતા માનવામાં આવે છે, ત્યારે ભૌતિક સંશોધન પ્રયોગશાળાના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઈને ભારતીય વિજ્ઞાન, ખાસ કરીને ભારતના અવકાશ સંશોધનના પ્રણેતા તરીકે સન્માનવામાં આવે છે.

વર્ષ 1960માં રાજ્યની સ્થાપના થયા બાદ ગુજરાત ઔદ્યોગિક એકમો અને નવીનીકરણ દ્વારા વિકાસના પંથે અગ્રેસર રહ્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતની ધરતી પર શરૂ થયેલી શ્વેત ક્રાંતિએ પોષણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે. આજે ભારત દૂધના કુલ ઉત્પાદન અને વપરાશની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. આ સફળતાનું શ્રેય ગુજરાતની દૂધ સહકારી

## રાજભવનમાં રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત



**ગુજરાતની બે દિવસની મુલાકાત દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ રાજભવન ખાતે પધાર્યા હતા. જ્યાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજભવનના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.**

## ગૌરવપૂર્ણ ક્ષણનું સાક્ષી બન્યું ગુજરાત

**સમગ્ર ભારત દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે ત્યારે દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત વિધાનસભા ગૃહના તમામ સભ્યોને સંબોધન કર્યું હતુ. આ અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ ઘટના ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત વિધાનસભામાં ઉપસ્થિત રહીને સભ્યોને સંબોધન કર્યું તે ગૌરવની ક્ષણ અને ઘડી બની રહી છે. આ વાત ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમવાર બની છે.**

**મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિશ્રીનો ગુજરાત સાથે ખૂબ જૂનો નાતો છે. તેઓ ગુજરાત અને ગુજરાતીઓને સારી રીતે ઓળખે છે. તેમણે તેમના સંબોધનમાં કહ્યું હતું કે, તેઓએ મોરારજી દેસાઈ સાથે પણ કામ કર્યું છે. આ અવસરે એક કલાક માટે ગુજરાત વિધાનસભાનું વિશેષ સત્ર બોલવામાં આવ્યું હતું, આ સંબોધન દરમ્યાન માત્ર સભાગૃહમાં વિધાયકો જ નહિ, પણ સંતો-મહંતો, અધિકારીઓ, વેપારી- ઉદ્યોગપતિઓ અને પત્રકારો પણ આ ગૌરવશાળી ઘડીના સાક્ષી બન્યા હતા.**



મંડળીઓને જાય છે. ગુજરાતની સહકારી મંડળીઓની સંસ્કૃતિની સફળતાનો લાભ સમગ્ર દેશમાં પહોંચાડવાના હેતુથી ભારત સરકારે કેન્દ્રીય સહકારી મંત્રાલયની રચના કરી છે.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યુ કે, ગુજરાત વિધાનસભાએ આ રાજ્યના સર્વાંગી વિકાસ માટે ઘણાં ક્રાંતિકારી પગલાં લીધાં હતા. ગુજરાત પંચાયત વિધેયક, 1961 અને ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1961 દ્વારા અનુક્રમે સ્થાનિક સ્વરાજ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિશીલ પ્રણાલીની સ્થાપના કરવામાં આવી હોવાની વાત પણ તેમણે કરી હતી. તેમણે કહ્યું કે ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઍક્ટ, 1999 વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ભવિષ્યલક્ષી કાયદાઓ બનાવવાની દિશામાં આ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ગુજરાત ઑર્ગેનિક ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટી ઍક્ટ, 2017 પણ નોંધનીય છે. તેમણે ગુજરાતની બહુઆયામી પ્રગતિમાં ગુજરાતની વર્તમાન અને અગાઉની સરકારો તેમજ ગુજરાત વિધાનસભાના વર્તમાન અને ભૂતકાળના સભ્યોના યોગદાન બદલ પ્રશંસા કરી હતી.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના વિકાસ મૉડેલને એક ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે દેશના કોઈપણ પ્રદેશ અને રાજ્યમાં લાગુ કરી શકાય છે. સાબરમતી રિવરફ્રન્ટ શહેરી પરિવર્તનનું એક મુખ્ય ઉદાહરણ છે. અહીંયાં પર્યાવરણને સુરક્ષિત રાખીને સાબરમતી અને તેના રહેવાસીઓ વચ્ચેના સંબંધોને નવો આયામ આપવામાં આવ્યો છે. નદીકિનારે વસેલા દેશનાં અન્ય તમામ શહેરો માટે આ એક સારું ઉદાહરણ બની શકે છે.

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, આપણે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે પગલાં ભરવાની આપણી ફરજ છે, જેથી વર્ષ 2047માં જ્યારે ભારત તેની શતાબ્દીની ઉજવણી કરી રહ્યું હોય, ત્યારે તે સમયની પેઢી તેમના દેશ પર ગર્વ અનુભવશે. પોતાનું સંબોધન પૂર્ણ કર્યા પછી રાષ્ટ્રપતિ સત્તાપક્ષના તેમજ વિરોધપક્ષના સભ્યોને મળ્યા હતા અને તેમનું અભિવાદન ઝીલ્યું હતું. ●




## રાષ્ટ્રપતિશ્રીનું એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાતે પધાર્યા હતા. અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર દ્વારા રાષ્ટ્રપતિશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે રાકેશ, રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાંગલે અને શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે પણ ઉપસ્થિત રહી રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કર્યું હતું.

# INS વાલસુરાને પ્રેસિડન્ટસ કલર એવોર્ડથી સન્માનિત કરતા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ





ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે INS વાલસુરાને તાજેતરમાં પ્રતિષ્ઠિત પ્રેસિડન્ટસ કલર અવૉર્ડ એનાયત કર્યો હતો. વાલસુરામાં યોજાયેલી પરેડમાં 'નિશાન અધિકારી' લેફ્ટેનન્ટ અરુણ સિંહ સાંબ્યાલે યુનિટ વતી રાષ્ટ્રપતિના હસ્તે આ અવૉર્ડ મેળવ્યો હતો. આ પ્રસંગે નેવીના ૧૫૦ જવાનો દ્વારા રાષ્ટ્રપતિશ્રી માટે ગાર્ડ ઑફ઼ ઓનર પરેડ યોજાઇ હતી અને નેવલ બૅન્ડની ધૂન પર ગર્વથી કૂચ કરી હતી. શાંતિ અને યુદ્ધ બંનેમાં રાષ્ટ્રને આપેલી અસાધારણ સેવાની માન્યતામાં લશ્કરી એકમને રાષ્ટ્રપતિનું નિશાન આપવામાં આવે છે. ભારતીય નૌકાદળે પ્રથમ ભારતીય સશસ્ત્ર દળ હતું, જેને અગાઉ ૨૭મે ૧૯૫૧ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પ્રેસિડેન્ટ્સ કલર એનાયત કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીની પ્રગતિ સાથે ગતિ જાળવી રાખવા ઉપરાંત વધુ ને વધુ જટિલ શસ્ત્રો અને ઇલેક્ટ્રૉનિક સિસ્ટમ્સની લડાઈ યોગ્યતા જાળવવા અને સુનિશ્ચિત કરવા માટે ભારતીય નૌકાદળના અધિકારીઓ અને ખલાસીઓને જરૂરી કૌશલ્ય-સેટ્સથી સજ્જ કરવા માટે યુનિટ હંમેશાં આગળ રહે છે તેમજ આ એકમ તાલીમ માળખાની પ્રગતિશીલ વૃદ્ધિ દ્વારા સમકાલીન અને વિશિષ્ટ તકનિકો પર ગુણવત્તાયુક્ત તાલીમ આપે છે. તાજેતરનાં વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા અને મીડિયમ વૉલ્ટેજ લેબની સ્થાપના, અધિકારીઓ અને ખલાસીઓને તાલીમ આપવામાં સમકાલીન તકનિકી શ્રેષ્ઠતા માટે તેની શોધનું ઉદાહરણ અપાય છે. INS વાલસુરા મૈત્રીપૂર્ણ વિદેશી નૌકાદળ માટે પસંદગીના તાલીમ સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. ૧૫ મિત્રદેશોના નૌકાદળના ૧૮૦૦ તાલીમાર્થીઓને આ અગ્રણી સંસ્થામાંથી અત્યાર સુધીમાં તાલીમ આપવામાં આવી છે.

આ સીમાચિહ્ન ઘટના પર, ભારતના રાષ્ટ્રપતિશ્રીએ INS વાલસુરાના અધિકારીઓ અને ખલાસીઓને દરિયાઈ સરહદોની સુરક્ષા માટે તેમની વ્યાવસાયિકતા અને સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે INS વાલસુરાના જવાનોને ભૂતકાળ અને વર્તમાન એમ બંને રીતે છેલ્લા ૭૯વર્ષથી રાષ્ટ્રને આપેલી સરાહનીય સેવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.



આ પ્રસંગની યાદમાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા એક ખાસ પોસ્ટલ કવર બહાર પાડવામાં આવ્યું હતું તેમજ વાલસુરાના ઇતિહાસની ગૌરવપૂર્ણ ગાથા રજૂ કરતી મેમોરેટિવ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ભારતીય નૌસેના સ્ટાફના વડા ઍડમિરલ આર. હરિકુમાર, સધર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઑફિસર વાઇસ ઍડમિરલ એમ. એમ. હમ્પીહોલી, આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી આર. સી. ફળદુ તથા શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા અન્ય મહાનુભાવો તથા સેનાની ત્રણેય પાંખના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# મન કી બાત

## માર્ચ 2022

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર.

વીતેલા સપ્તાહે આપણે એક એવી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી જેણે આપણને બધાંને ગર્વાન્વિત કર્યા. તમે સાંભળ્યું હશે કે ભારતે ગત સપ્તાહે ૪૦૦ અબજ ડૉલર, એટલે કે ૩૦ લાખ કરોડ રૂપિયાનું નિકાસ લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. પહેલી વાર સાંભળવામાં લાગે છે કે આ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી વાત છે, પરંતુ આ અર્થવ્યવસ્થાથી પણ વધુ, ભારતના સામર્થ્ય, ભારતની ક્ષમતા સાથે જોડાયેલી વાત છે. એક સમયે ભારતનો નિકાસનો આંકડો ક્યારેક ૧૦૦ અબજ, ક્યારેક દોઢસો અબજ, ક્યારેક ૨૦૦ અબજ સુધી રહેતો હતો. હવે આજે જ્યારે ભારત ૪૦૦ અબજ ડૉલર પર પહોંચી ગયું છે ત્યારે તેનો એક અર્થ એ છે કે દુનિયાભરમાં ભારતમાં બનેલી ચીજોની માગ વધી રહી છે. બીજો અર્થ એ છે કે ભારતની સપ્લાય ચેઈન દિન-પ્રતિદિન મજબૂત થઈ રહી છે અને તેનો એક બહુ મોટો સંદેશ પણ છે. દેશ વિરાટ ડગલું જ્યારે ભરે છે, જ્યારે સપનાંઓથી મોટા સંકલ્પ હોય છે, જ્યારે સંકલ્પ માટે દિવસ-રાત પ્રામાણિકતાથી પ્રયાસ થાય છે તો તે સંકલ્પ સિદ્ધ પણ થાય છે. અને તમે જુઓ, કોઈ વ્યક્તિના જીવનમાં પણ તો આવું જ થતું હોય છે. જ્યારે કોઈના સંકલ્પ, તેના પ્રયાસ, તેનાં સપનાંથી પણ મોટા થઈ જાય છે તો સફળતા તેની પાસે સામે ચાલીને આવે છે.

સાથીઓ, દેશના ખૂણે-ખૂણેથી નવાં-નવાં ઉત્પાદન જ્યારે વિદેશ જઈ રહ્યાં છે. આસામના હૈલાકાંડીના લેધર પ્રોડક્ટ હોય કે પછી ઉસ્માનાબાદની હેન્ડલૂમ પ્રોડક્ટ, બિજાપુરનાં ફળ-શાક હોય કે ચંદોલીના બ્લેક રાઈસ, બધાની નિકાસ વધી રહી છે. હવે તમને લદ્દાખની વિશ્વપ્રસિદ્ધ એપ્રિકૉટ દુબઈમાં પણ મળશે અને સાઉદી અરબમાં તમિલનાડુથી મોકલાયેલાં કેળાં મળશે. હવે સૌથી મોટી વાત એ છે કે નવાં-નવાં ઉત્પાદનો નવા-નવા દેશોમાં મોકલાઈ રહ્યાં છે. જેમ કે હિમાચલ, ઉત્તરાખંડમાં ઊગેલી બાજરી - જાડા અનાજની પહેલી ખેપ ડેન્માર્કમાં નિકાસ કરવામાં આવી. આંધ્ર પ્રદેશના કૃષ્ણા અને ચિત્તુર જિલ્લાની બંગનપલ્લી અને સુવર્ણરેખા કેરી, દક્ષિણ કોરિયામાં નિકાસ કરવામાં આવી હતી. ત્રિપુરાથી તાજાં ફણસ, હવાઈ માર્ગે, લંડન નિકાસ કરવામાં આવ્યાં અને પહેલી વાર નાગાલૅન્ડના રાજા મરચાને લંડન મોકલવામાં આવ્યું. આ રીતે ભાલિયા ઘઉંની પહેલી ખેપ ગુજરાતથી કેન્યા અને શ્રીલંકા નિકાસ કરવામાં આવી. અર્થાત્, હવે તમે બીજા દેશોમાં જશો તો મેઈડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સ પહેલાંની સરખામણીમાં ઘણી

વધુ નજરે પડશે. સાથીઓ, આ યાદી બહુ લાંબી છે. જેટલી લાંબી આ યાદી છે, તેટલી જ મોટી મેઈક ઇન ઇન્ડિયાની તાકાત છે. તેટલું જ વિરાટ ભારતનું સામર્થ્ય છે અને સામર્થ્યનો આધાર છે - આપણા ખેડૂતો. આપણા કારીગરો, આપણા વણકરો, આપણા એન્જિનિયરો, આપણા લઘુ ઉદ્યમો, આપણું MSME ક્ષેત્ર, અલગ-અલગ અનેક વ્યવસાયના લોકો, આ બધા તેની સાચી તાકાત છે. તેમની મહેનતથી જ ૪૦૦ અબજ ડૉલરના નિકાસનું લક્ષ્ય પ્રાપ્ત થઈ શક્યું છે.

સાથીઓ, 'મન કી બાત'ના શ્રોતાઓને એ જાણીને સારું લાગશે કે ઘરેલુ સ્તર પર પણ આપણા લઘુ ઉદ્યમીઓની સફળતા આપણને ગર્વ અપાવે તેવી છે. આપણા લઘુ ઉદ્યમી સરકારી ખરીદીમાં ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ અર્થાત્ GEMના માધ્યમથી મોટી ભાગીદારી નિભાવી રહ્યા છે. ટેક્નોલૉજીના માધ્યમથી ખૂબ જ પારદર્શી વ્યવસ્થા વિકસિત કરવામાં આવી છે. ગત એક વર્ષમાં GEM પૉર્ટલ મારફત, સરકારે એક લાખ કરોડ રૂપિયાથી વધુની ચીજો ખરીદી છે. દેશના ખૂણે-ખૂણેથી લગભગ સવા લાખ લઘુ ઉદ્યમીઓ, નાના દુકાનદારોએ પોતાનો સામાન સરકારને સીધો વેચ્યો છે. એક જમાનો હતો, જ્યારે મોટી કંપનીઓ જ સરકારને સામાન વેચતી હતી, પરંતુ હવે દેશ બદલાઈ રહ્યો છે, જૂની વ્યવસ્થાઓ પણ બદલાઈ રહી છે. હવે નાનામાં નાનો દુકાનદાર પણ GEM પૉર્ટલ પર સરકારને પોતાનો સામાન વેચી શકે છે - આ જ તો નવું ભારત છે.

> **"દેશ વિરાટ ડગલું જ્યારે ભરે છે, જ્યારે સપનાંઓથી મોટા સંકલ્પ હોય છે, જ્યારે સંકલ્પ માટે દિવસ-રાત પ્રામાણિકતાથી પ્રયાસ થાય છે તો તે સંકલ્પ સિદ્ધ પણ થાય છે. અને તમે જુઓ, કોઈ વ્યક્તિના જીવનમાં પણ તો આવું જ થતું હોય છે."**

મારા પ્રિય દેશવાસીઓ, તાજેતરમાં જ યોજાયેલા પદ્મ સમ્માન સમારોહમાં તમે બાબા શિવાનંદજીને જરૂર જોયા હશે. ૧૨૬ વર્ષના વૃદ્ધની સ્ફૂર્તિ જોઈને મારી જેમ બધા જ આશ્ચર્ય પામી ગયા અને મેં જોયું, આંખ પટપટાવી ત્યાં તો તેઓ નંદી મુદ્રામાં પ્રણામ કરવા લાગ્યા. મેં પણ બાબા શિવાનંદજીને ઝૂકીને વારંવાર પ્રણામ કર્યા. ૧૨૬ વર્ષની ઉંમર અને બાબા શિવાનંદની ફિટનેસ, બંને, આજે દેશમાં ચર્ચાનો વિષય છે. મેં સોશિયલ મીડિયા પર અનેક લોકોની ટિપ્પણી જોઈ, કે બાબા શિવાનંદ, પોતાની ઉંમરથી ચાર ગણી ઓછી ઉંમરના લોકોથી પણ વધુ ફિટ છે. ખરેખર, બાબા શિવાનંદનું જીવન આપણને બધાને પ્રેરિત કરનારું છે. હું તેમના દીર્ઘ આયુની કામના કરું છું. તેમનામાં યોગ પ્રતિ એક પ્રેમ છે અને તેઓ ખૂબ જ આરોગ્યમય જીવનચર્યા જીવે છે.

जीवेम् शरदः शतम् ।

આપણી સંસ્કૃતિમાં બધાને સો વર્ષના સ્વસ્થ જીવનની શુભકામનાઓ આપવામાં આવે છે. સાત એપ્રિલે વિશ્વ સ્વાસ્થ્ય દિવસ તરીકે ઊજવાય છે. સમગ્ર વિશ્વમાં આરોગ્ય માટે ભારતીય ચિંતન, ચાહે તે પછી યોગ હોય કે આયુર્વેદ, તેના પ્રત્યે ઝુકાવ વધી રહ્યો છે. હમણાં જ તમે જોયું હશે કે ગત સપ્તાહે જ કતારમાં એક યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૧૪ દેશોના નાગરિકોએ ભાગ લઈ એક નવો વિશ્વવિક્રમ બનાવી દીધો. આ રીતે આયુષ ઉદ્યોગનું બજાર પણ સતત મોટું થઈ રહ્યું છે. છ વર્ષ પહેલાં આયુર્વેદ સાથે જોડાયેલી દવાઓનું બજાર ૨૨ હજાર કરોડ રૂપિયાની આસપાસ હતું, આજે આયુષ મૅન્યુફૅક્ચરિંગ ઈન્ડસ્ટ્રી એક લાખ ચાલીસ હજાર કરોડ રૂપિયાની આસપાસ પહોંચી રહી છે, અર્થાત્ આ ક્ષેત્રમાં સંભાવનાઓ સતત વધી રહી છે. સ્ટાર્ટ અપ વિશ્વમાં પણ આયુષ આકર્ષણનો વિષય બનતો જાય છે.

સાથીઓ, આરોગ્ય ક્ષેત્રના બીજા સ્ટાર્ટ અપ પર તો હું પહેલાં અનેક વાર વાત કરી ચૂક્યો છું, પરંતુ આ વખતે આયુષ સ્ટાર્ટ અપ પર તમારી સાથે વિશેષ રીતે વાત કરીશ. એક સ્ટાર્ટ અપ છે - Kapiva (કપિવા). તેના નામમાં જ તેનો અર્થ છુપાયેલો છે. તેમાં Kaનો અર્થ થાય છે કફ, Piનો અર્થ થાય છે પિત્ત અને Vaનો અર્થ થાય છે - વાત. આ સ્ટાર્ટ અપ આપણી પરંપરાઓ મુજબ આરોગ્યપ્રદ ખાવાની ટેવો પર આધારિત છે. એક બીજું સ્ટાર્ટ અપ નિરોગ સ્ટ્રીટ પણ છે. આયુર્વેદ આરોગ્ય આર્થિક પ્રણાલીમાં એક અનોખી પરિકલ્પના છે. તેનું ટેક્નોલૉજી ચાલિત પ્લૅટફૉર્મ દુનિયાભરના આયુર્વેદિક ડૉક્ટરોને સીધા લોકો સાથે જોડે છે. ૫૦ હજારથી વધુ પ્રૅક્ટિશનર તેની સાથે જોડાયેલા છે. આ રીતે અત્રેય ઇનોવેશન્સ એક આરોગ્ય કાળજી ટેક્નોલૉજી સ્ટાર્ટ અપ છે જે સમગ્ર સુખાકારીના ક્ષેત્રમાં કામ કરી રહ્યું છે. ઇક્ઝૉરિયલે ન માત્ર અશ્વગંધાના ઉપયોગ માટે જાગૃતિ ફેલાવી છે, પરંતુ ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનની પ્રક્રિયામાં પણ મોટા પાયે રોકાણ કર્યું છે. ક્યૉરવેદ એ જડીબુટ્ટીઓની આધુનિક શોધ અને પારંપરિક જ્ઞાનના સંગમથી સમગ્ર જીવન માટે આહારવિહાર પૂરક (ડાયેટ્રી સપ્લિમેન્ટ)નું નિર્માણ કર્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, આવો વાત કરીએ કેરળના મુપટ્ટમ શ્રી નારાયણજીની. તેમણે એક પ્રોજેક્ટની શરૂઆત કરી છે, જેનું નામ છે Pots for water of life. તમે જ્યારે આ પ્રોજક્ટ વિશે જાણશો તો વિચારશો કે કેવું કમાલનું કામ

છે? સાથીઓ, મુપટ્ટમ શ્રી નારાયણજી, ઉનાળાની ગરમી દરમિયાન પશુ-પક્ષીઓને પાણીની તકલીફ ન પડે તે માટે માટીનાં વાસણો વહેંચવાનું અભિયાન ચલાવી રહ્યા છે. ઉનાળામાં તેઓ પશુ-પક્ષીઓની આ તકલીફ જોઈને પોતે પણ તકલીફ પામતા હતા. પછી તેમણે વિચાર્યું કે તેઓ પોતે જ માટીનાં વાસણો વહેંચવાનું શરૂ કરે, જેથી બીજા પાસે તે વાસણોમાં માત્ર પાણી ભરવાનું કામ રહે. તમને આશ્ચર્ય થશે કે નારાયણજી દ્વારા વહેંચવામાં આવેલાં વાસણોનો આંકડો એક લાખને પાર કરવા જઈ રહ્યો છે. તેમના અભિયાનમાં એક લાખમું વાસણ તેઓ ગાંધીજી દ્વારા સ્થાપિત સાબરમતી આશ્રમને દાન કરશે. આજે જ્યારે ઉનાળાની ઋતુએ ટકોરા માર્યા છે તો નારાયણજીનું આ કામ આપણને બધાને જરૂર પ્રેરિત કરશે અને આપણે પણ આ ઉનાળામાં આપણાં પશુ-પક્ષી મિત્રો માટે પાણીની વ્યવસ્થા કરીશું.

સાથીઓ, હું ‘મન કી બાત’ના શ્રોતાઓને પણ અનુરોધ કરીશ કે આપણે આપણા સંકલ્પોનો ફરી ઉચ્ચાર કરીએ. પાણીનું એક-એક ટીપું બચાવવા માટે આપણે જે પણ કંઈ કરી શકીએ તે આપણે જરૂર કરવું જોઈએ. રહીમદાસજી, સદીઓ પહેલાં, કંઈક હેતુથી જ કહી ગયા હતા કે ‘રહીમન પાની રાખિએ, બિન પાની સબ સૂન’. અને પાણી બચાવવાના આ કામમાં મને બાળકો પાસે ઘણી આશા છે. સ્વચ્છતાને જે રીતે આપણાં બાળકોએ આંદોલન બનાવ્યું, તે જ રીતે ‘પાણી યૌદ્ધા’ બનાવીને, પાણી બનાવવામાં મદદ કરી શકે છે.

> **“હું ‘મન કી બાત’ના શ્રોતાઓને પણ અનુરોધ કરીશ કે આપણે આપણા સંકલ્પોનો ફરી ઉચ્ચાર કરીએ. પાણીનું એક-એક ટીપું બચાવવા માટે આપણે જે પણ કંઈ કરી શકીએ તે આપણે જરૂર કરવું જોઈએ.”**

સાથીઓ, આપણા દેશમાં જળસંરક્ષણ, જળસ્રોતોની સુરક્ષા સદીઓથી સમાજના સ્વભાવનો હિસ્સો રહ્યો છે. મને આનંદ છે કે દેશમાં ઘણા લોકોએ પાણી જાળવવાને જ જીવનનું ધ્યેય બનાવી લીધું છે. જેમ કે ચેન્નાઈમાં એક સાથી છે અરુણ કૃષ્ણમૂર્તિજી. અરુણજી પોતાના વિસ્તારમાં તળાવોને સાફ કરવાનું અભિયાન ચલાવી રહ્યા છે. તેમણે ૧૫૦થી વધુ તળાવોની સફાઈની જવાબદારી ઉપાડી અને તેને સફળતા સાથે પૂરી કરી. આ જ રીતે, મહારાષ્ટ્રના એક સાથી રોહન કાળે છે. રોહન વ્યવસાયથી એક એચઆર વ્યાવસાયિક છે. તેઓ મહારાષ્ટ્રમાં અનેક વાવના સંરક્ષણની ઝુંબેશ ચલાવી રહ્યા છે. તેમાંથી અનેક વાવ તો સેંકડો વર્ષ જૂની છે અને આપણા વારસાનો હિસ્સો હોય છે. સિકંદરાબાદમાં બંસીલાલ-પેટ કૂવો પણ આવી જ એક વાવ છે. વર્ષોની ઉપેક્ષાના કારણે આ વાવ માટી અને કચરાથી પુરાઈ ગઈ હતી, પરંતુ હવે ત્યાં એ વાવને પુનર્જીવિત કરવાનું અભિયાન જનભાગીદારીથી શરૂ થયું છે.

સાથીઓ, હું જે રાજ્યમાંથી આવું છું ત્યાં પાણીની સદા બહુ જ કમી રહી છે. ગુજરાત જેવા રાજ્યમાં વાવની મોટી ભૂમિકા રહી છે. આ કૂવા અથવા વાવડીઓના સંરક્ષણ માટે ‘જળ મંદિર યોજના’એ બહુ મોટી ભૂમિકા ભજવી. સમગ્ર ગુજરાતમાં અનેક વાવડીઓને પુનર્જીવિત કરવામાં આવી. તેનાથી તે વિસ્તારોમાં પાણીનું સ્તર વધારવામાં પણ ઘણી મદદ મળી. આવું જ અભિયાન તમે સ્થાનિક સ્તર પર ચલાવી શકો છો. ચેકડૅમ બનાવવાના હોય કે વરસાદી પાણીનો સંગ્રહ કરવાનો હોય, તેમાં વ્યક્તિગત પ્રયાસ પણ મહત્ત્વના છે અને સામૂહિક પ્રયાસો પણ જરૂરી છે, જેમ કે સ્વતંત્રતાના અમૃત મહોત્સવમાં આપણા દેશના દરેક જિલ્લામાં ઓછામાં ઓછાં ૭૫ અમૃત સરોવર બનાવી શકાય છે. કેટલાંક જૂનાં સરોવરોને સુધારી શકાય છે, કેટલાંક નવાં સરોવર બનાવી શકાય છે. મને વિશ્વાસ છે કે તમે આ દિશામાં કંઈ ને કંઈ પ્રયાસ જરૂર કરશો.

મારા પ્રિય દેશવાસીઓ, ‘મન કી બાત’ તેની એક સુંદરતા એ પણ છે કે મને તમારા સંદેશ અનેક ભાષાઓ, અનેક બોલીઓમાં મળે છે. અનેક લોકો MYGov પર ઑડિયો મેસેજ પણ મોકલે છે. ભારતની સંસ્કૃતિ, આપણી ભાષાઓ, આપણી બોલીઓ, આપણી રહેણીકરણી, ખાણીપીણીનો વિસ્તાર, આ બધી વિવિધતાઓ આપણી ઘણી મોટી શક્તિ છે. પૂર્વથી પશ્ચિમ સુધી, ઉત્તરથી દક્ષિણ સુધી, ભારતને આ વિવિધતાઓ એક કરીને રાખે છે. એક ભારત-શ્રેષ્ઠ ભારત બનાવે છે. તેમાં પણ આપણાં ઐતિહાસિક સ્થળો અને પૌરાણિક કથાઓ, બંનેનું ઘણું યોગદાન હોય છે. તમે વિચારી રહ્યા હશો કે આ વાત હું અત્યારે તમને કેમ કરી રહ્યો છું? તેનું કારણ છે માધવપુર મેળો. માધવપુર મેળો ક્યાં યોજાય છે, કેમ યોજાય છે, કેવી રીતે તે ભારતની વિવિધતા સાથે જોડાયેલો છે તે જાણવું મન કી બાતના શ્રોતાઓને બહુ જ રસપ્રદ લાગશે.

સાથીઓ, ‘માધવપુર મેળો’ ગુજરાતના પોરબંદરના સમુદ્ર પાસે માધવપુર ગામમાં યોજાય છે, પરંતુ તેનો હિન્દુસ્તાનના પૂર્વીય છેડા સાથે પણ સંબંધ જોડાય છે. તમે વિચારતા હશો કે આવું કઈ રીતે સંભવ છે? તો તેનો પણ ઉત્તર એક પૌરાણિક કથામાં મળે છે. કહેવાય છે કે હજારો વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણનો વિવાહ પૂર્વોત્તરનાં રાજકુમારી રુક્મિણી સાથે થયો હતો. આ વિવાહ પોરબંદરના માધવપુરમાં સંપન્ન થયો અને

આ વિવાહના પ્રતીક રૂપે આજે પણ ત્યાં માધવપુર મેળો યોજાય છે. પૂર્વ અને પશ્ચિમનો આ ગાઢ સંબંધ, આપણો વારસો છે. સમયની સાથે હવે લોકોના પ્રયાસથી, માધવપુર મેળામાં નવી-નવી ચીજો જોડાઈ રહી છે. આપણે ત્યાં કન્યા પક્ષને ઘરાતી કહેવાય છે અને આ મેળામાં હવે ઈશાન ભારતથી ઘણા ઘરાતી પણ આવવા લાગ્યા છે. એક સપ્તાહ સુધી ચાલતા માધવપુર મેળામાં ઈશાન ભારતનાં બધાં રાજ્યોના કલાકારો પહોંચે છે, હસ્તકળા સાથે જોડાયેલા કલાકારો પહોંચે છે અને આ મેળાની રોનકને ચાર ચાંદ લગાવી દે છે. એક સપ્તાહ સુધી ભારતના પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનો આ મેળ, આ માધવપુર મેળો, એક ભારત-શ્રેષ્ઠ ભારતનું બહુ સુંદર ઉદાહરણ બની રહ્યો છે. મારો તમને અનુરોધ છે કે તમે પણ આ મેળા વિશે વાંચો અને જાણો.

મારા પ્રિય દેશવાસીઓ, દેશમાં સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ, હવે જનભાગીદારીનું નવું ઉદાહરણ બની રહ્યો છે. કેટલાક દિવસો પહેલાં ૨૩ માર્ચે શહીદ દિવસ પર દેશના અલગ-અલગ ખૂણામાં અનેક સમારોહ થયા. દેશે પોતાનાં સ્વતંત્રતાનાં નાયક-નાયિકાઓને યાદ કર્યાં, શ્રદ્ધાપૂર્વક યાદ કર્યાં. આ દિવસે જ મને કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલમાં વિપ્લોબી ભારત ગૅલેરીનું લોકાર્પણ કરવાનો અવસર મળ્યો. ભારતના વીર ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે તે પોતાની રીતે બહુ જ અનોખી ગૅલેરી છે. જો અવસર મળે તો તમે તેને જોવા જરૂર જજો.

સાથીઓ, એપ્રિલના મહિનામાં આપણે બે મહાન વિભૂતિઓની જયંતી પણ મનાવીશું. તેમનું નામ છે મહાત્મા ફુલે અને બાબાસાહેબ આંબેડકર. મહાત્મા ફુલેની જયંતી ૧૧ એપ્રિલે છે અને બાબાસાહેબની જયંતી આપણે ૧૪ એપ્રિલે ઊજવીશું. આ બંને મહાપુરુષોએ ભેદભાવ અને અસમાનતા વિરુદ્ધ મોટી લડાઈ લડી. મહાત્મા ફુલેએ તે જમાનામાં દીકરીઓ માટે શાળાઓ ખોલી. કન્યા શિશુ હત્યા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. તેમણે જળસંકટથી મુક્તિ અપાવવા માટે પણ મોટાં અભિયાન ચલાવ્યાં.

સાથીઓ, મહાત્મા ફુલેની આ ચર્ચામાં સાવિત્રીબાઈ ફુલેનો ઉલ્લેખ પણ જરૂરી છે. સાવિત્રીબાઈ ફુલેએ અનેક સામાજિક સંસ્થાઓના નિર્માણમાં મોટી ભૂમિકા નિભાવી. એક શિક્ષિકા અને એક સમાજસુધારક તરીકે તેમણે સમાજને જાગૃત પણ કર્યો અને તેની હિંમત પણ વધારી. બંનેએ સાથે મળીને સત્યશોધક સમાજની સ્થાપના કરી. જન-જનના સશક્તીકરણના પ્રયાસ કર્યા. આપણે બાબાસાહેબ આંબેડકરનાં કાર્યોમાં પણ મહાત્મા ફુલેનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. તેઓ કહેતા હતા કે કોઈ પણ સમાજના વિકાસનું આકલન તે સમાજમાં મહિલાઓની સ્થિતિને જોઈને કરી શકાય છે.

મહાત્મા ફુલે, સાવિત્રીબાઈ ફુલે, બાબાસાહેબ આંબેડકરનાં જીવનમાંથી પ્રેરણા લઈને, હું બધાં માતાપિતા અને વાલીઓને અનુરોધ કરું છું કે તેઓ દીકરીઓને જરૂર ભણાવે. દીકરીઓનો શાળામાં પ્રવેશ વધારવા માટે કેટલાક દિવસો પહેલાં જ કન્યા શિક્ષણ પ્રવેશ ઉત્સવ પણ શરૂ કરાયો છે, જે દીકરીઓનું ભણતર કોઈ કારણથી છૂટી ગયું છે તેમને ફરી શાળાએ લઈ જવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

સાથીઓ, આપણા બધા માટે સૌભાગ્યની વાત છે કે આપણે બાબાસાહેબ સાથે જોડાયેલાં પંચ તીર્થો માટે કાર્ય કરવાનો પણ અવસર મળ્યો છે. તેમનું જન્મસ્થાન મહુ હોય, મુંબઈમાં ચૈત્યભૂમિ હોય, લંડનનું તેમનું ઘર હોય, નાગપુરની દીક્ષા ભૂમિ હોય, કે પછી દિલ્હીમાં બાબાસાહેબનું મહાપરિનિર્વાણ સ્થળ, મને બધી જગ્યાઓ પર, બધાં તીર્થો પર જવાનું સૌભાગ્ય મળ્યું છે. હું 'મન કી બાત'ના શ્રોતાઓને અનુરોધ કરીશ કે તેઓ મહાત્મા ફુલે, સાવિત્રીબાઈ ફુલે અને બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલાં સ્થાનોનાં દર્શન કરવા અવશ્ય જાય. તમને ત્યાં ઘણું બધું શીખવા મળશે.

> **“મહાત્મા ફુલે, સાવિત્રીબાઈ ફુલે, બાબાસાહેબ આંબેડકરનાં જીવનમાંથી પ્રેરણા લઈને, હું બધાં માતા-પિતા અને વાલીઓને અનુરોધ કરું છું કે તેઓ દીકરીઓને જરૂર ભણાવે.”**

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં આ વખતે આપણે અનેક વિષયો પર વાત કરી. આગામી મહિને અનેક પર્વ-તહેવારો આવી રહ્યા છે. કેટલાક દિવસો પછી જ નવરાત્રિ છે. નવરાત્રિમાં આપણે વ્રત-ઉપવાસ, શક્તિની સાધના કરીએ છીએ. શક્તિની પૂજા કરીએ છીએ, એટલે કે આપણી પરંપરાઓ આપણને ઉલ્લાસ પણ શીખવે છે અને સંયમ પણ. સંયમ અને તપ પણ આપણા માટે પર્વ જ છે. આથી નવરાત્રિ હંમેશાથી આપણા બધા માટે ખૂબ જ વિશેષ રહી છે. નવરાત્રિના પહેલા જ દિવસે ગૂડી પડવાનું પર્વ પણ છે. એપ્રિલમાં જ ઈસ્ટર પણ આવે છે અને રમઝાનના પવિત્ર દિવસો પણ શરૂ થઈ રહ્યા છે. આપણે બધાંને સાથ લઈને પોતાનાં પર્વ મનાવીએ, ભારતની વિવિધતાને સશક્ત કરીએ, બધાને આ જ કામના છે. આ વખતે 'મન કી બાત'માં આટલું જ. આગામી મહિને તમારી સાથે નવા વિષયો સાથે ફરી મુલાકાત થશે.

ખૂબ-ખૂબ ધન્યવાદ. ●

# અમદાવાદને મળી વિકાસકામોની ભેટ






ભેટ કોને ન ગમે? ખરી ભેટ એટલે કોઈ એક વ્યક્તિ નહીં, પરંતુ વધુમાં વધુ લોકોને મળતો લાભ. આમ તો રાજ્ય સરકારનું ધ્યેય નિરંતર વિકાસ છે. ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ સ્થળે વિકાસકામ થતું જ હોય છે. તાજેતરમાં અમદાવાદીઓ અને ગાંધીનગરવાસીઓને આ વાતનો સાક્ષાત્કાર થયો, જ્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા. તેમણે અમદાવાદ મહાનગરપાલિકાનાં રૂ. ૩૦૭ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને સાબિત કરી દીધું કે કોરોનાકાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી કે ધીમી પડી નથી. શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં થયેલા રૂ. ૧૫૭ કરોડનાં વિકાસકાર્યોનુ લોકાર્પણ અને ૧૫૦ કરોડનું ખાતમુહૂર્ત સંપન્ન કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના નારણપુરા વિસ્તારમાં નવા વૉટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું, જેના પગલે નારણપુરા અને ઘાટલોડિયાના 60 હજારથી વધુ લોકોને પીવાનું શુદ્ધ પૂરતું પાણી મળી રહેશે. શ્રી અમિતભાઈ શાહે ઘાટલોડિયા, થલતેજ, ગોતા તથા સોલા તેમજ હેબતપુર ખાતે ૮૨૬ જેટલા ઇડબ્લ્યુએસ આવાસો તેમજ થલતેજમાં બોપલ ઈકોલૉજી પાર્ક તેમજ કોતરપુર વૉટર વર્ક્સ ખાતે વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ પણ કર્યું હતું.

આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈએ ચાંદલોડિયા વૉર્ડમાં ગજરાજ વૉટર ડિસ્ટ્રિબ્યુશન, થલતેજમાં વિશ્રામનગર વૉટર ડિસ્ટ્રિબ્યુશન, થલતેજ સિંધુભવન ખાતે પાર્ટી પ્લોટ તથા કૉમ્યુનિટી હોલ તેમજ શીલજ તળાવની ફરતે આરોગ્ય વન તથા વિસત તરફ જતાં રસ્તા પર પાણીની લાઇનનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઘાટલોડિયામાં નવનિર્મિત ઈકોલૉજી પાર્ક અને

## ઑડિયોલૉજી સ્પીચ લૅંગ્વેજ પેથોલૉજી કૉલેજ શરૂ કરનાર સમગ્ર દેશમાં ગુજરાત પાંચમુ રાજ્ય

ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારની પ્રેરક ઉપસ્થિતિમાં આ નવતર આરોગ્ય સુવિધાઓ - પ્રકલ્પો જનતાની સેવામાં સમર્પિત કર્યાં હતાં. જી.એમ.ઈ.આર.એસ. કૉલેજ ખાતે ઑડિયોલૉજી સ્પીચ લૅંગ્વેજ પેથોલૉજી કૉલેજનો પ્રારંભ કરનારું ગુજરાત દેશમાં પાંચમું રાજ્ય બન્યું ઑડિયોલૉજી સ્પીચ લૅંગ્વેજ પેથોલૉજી કાર્યરત થવાથી બાળકોમાં જન્મજાત બહેરાશ, સાંભળવાને લગતી કોઈ પણ તકલીફ, ચેતાતંત્રના રોગના કારણે થતી બોલવાની, સમજવાની અને ભૂલવાની તકલીફ, પક્ષઘાત અથવા પૅરૅલિસિસ અને સેરેબ્રલ સ્ટ્રોકથી પીડિત દર્દીઓના પુનર્વસન તેમજ કૉમ્પ્યુટરાઈઝ્ડ સૉફ્ટવેર દ્વારા નિદાન સરળ અને સચોટ બનશે.સોલા સિવિલ હૉસ્પિટલના ENT (કાન-નાક-ગળા)ના વિભાગ હેઠળનો ધોરણ ૧૨ પછી સ્નાતક કક્ષાનો નવો આરોગ્ય સ્વાસ્થ્યલક્ષી અભ્યાસક્રમ બૅચલર ઈન ઑડિયોલૉજી ઍન્ડ સ્પીચ લૅંગ્વેજ પેથોલૉજી BASLP આ એક પૅરામેડિકલ કોર્સ છે ●



આરોગ્ય વનનો ઉલ્લેખ કરી, ગુજરાતમાં ગ્રીન કવર વધારવા માટે ગુજરાત સરકારની 'નમો વડ વન' રૂપી નવતર પહેલની ભૂમિકા પણ સૌને સમજાવી હતી.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કલોલ શહેરમાં બી.વી.એમ. ફાટકની પાસે લેવલ ક્રોસિંગ ઉપર રૂ. ૧૬૯૮ લાખના ખર્ચે નિર્માણ થનારા ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ અમૃત યોજના અંતર્ગત કલોલ શહેરમાં રૂપિયા ૧૦૦ લાખના ખર્ચે સરદાર પટેલ ગાર્ડન વિકસાવવાનાં કામોનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

કલોલ શહેરના વિકાસ માટે ૧૬ કરોડ રૂપિયા રાજ્ય સરકારના માધ્યમથી મળવા બદલ શ્રી શાહે ગાંધીનગરના સંસદસભ્ય તરીકે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનું વિવિધ સમાજનાં સંગઠનો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું,

આ ઉપરાંત શ્રી અમિતભાઈ શાહે કલોલ તાલુકાના મોટીભોંયણ ખાતેથી ગાંધીનગર જિલ્લામાં કૅન્સરના નિદાન માટેના સર્વે, સ્કેનિંગ અને સારવાર અભિયાનનો આરંભ કરાવ્યો હતો, જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ પોતાના મતવિસ્તારના નાનામાં નાના ગામની સમસ્યા હોય કે, નાનામાં નાના કામની સમસ્યા હોય તેના ઉપર પણ પોતાનું ધ્યાન રાખ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા કાર્ડનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. તેમજ ગાંધીનગર અને કલોલ તાલુકામાં રૂપિયા 137 લાખથી વધુ રકમનાં 6 કામોનું ઈ-ખાતમુહૂર્ત તેમજ 28 ગામોમાં રૂપિયા 269 લાખથી વધુ રકમના વિવિધ નાનાં-મોટાં 102 વિકાસકામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીભાઈ પટેલ સહિત અનેક પદાધિકારીઓ - ગામના સરપંચશ્રીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●





## બોપલનું નવું નજરાણું - ઇકોલોજી પાર્ક

બોપલ નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઈકોલૉજી પાર્કનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. ત્યારબાદ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ પાર્કની મુલાકાત લઈને તેને નિહાળ્યો હતો.

બોપલનો અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવેશ થયા બાદ બોપલ અને તેના આસપાસના અનેક વિસ્તારોનો ખૂબ જ ઝડપી અને મોટાપાયે વિકાસ થઈ રહ્યો છે ત્યારે નાગરિકોની સુખાકારી અને સલામતી માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા બોપલ વિસ્તારમાં આવેલા ડમ્પ સાઈટ પર જ્યાં પહેલાં હજારો ટન કચરો નાખવામાં આવતો હતો તે સ્થળના વિકાસ હેતુથી ત્યાં ઈકોલૉજી પાર્ક બનાવવાનું નિર્માણકાર્ય શરૂ કરવામાં આવ્યું.

૮ હજાર ચોરસ મીટર જેટલા વિસ્તારમા રૂ. ૪ કરોડના ખર્ચે ભવ્ય ઈકોલૉજી પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું, જેનું ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉપરોક્ત ઈકોલૉજી પાર્કમાં બોટનિકલનું વર્ગીકરણ કરીને છોડ, વૃક્ષ અને વેલાઓ ઉગાડવામાં આવ્યાં છે, જેમાં ૧૫૦થી વધુ આયુર્વેદિક વૃક્ષો અને પક્ષીઓ માટે ફળાઉ વૃક્ષો તથા ઘટાદાર વૃક્ષો ઉગાડ્યાં છે. બોપલ અને આસપાસના રહીશો અહીં આવીને વૉકિંગ કરી શકે તે માટે વૉક-વે સાથે અદ્યતન બેઠક વ્યવસ્થા, લૉન, નયનરમ્ય તળાવ સાથે આકર્ષક પ્રવેશદ્વાર તૈયાર કરવામાં આવ્યું છે. બોપલમાં ઈકોલૉજી પાર્ક બનવાથી આસપાસના અનેક વિસ્તારોમાં હવામાં પ્રદૂષણનુ સ્તર ઘટશે, જેનાથી નાગરિકોની આરોગ્યની સુખાકારીમાં અનેકગણો વધારો થશે. ●



## 12 થી 14 વર્ષની વયજૂથનાં બાળકો માટે

# ગાંધીનગરનાં બોરીજથી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ

કોરોના સામે લડવામાં વેક્સિન સશક્ત હથિયાર બન્યું છે. નાગરિકોને કોરોના સામે સુરક્ષિત બનાવવા ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દ્રઢ ઇચ્છાશક્તિ અને માર્ગદર્શનમાં વિશ્વના સૌથી મોટા વેક્સિનેશન કાર્યક્રમનો દેશમાં પ્રારંભ થયો છે, જે અંતર્ગત 15 વર્ષથી ઉપરના મોટાભાગના નાગરિકોને વેક્સિન અપાઈ ચૂકી છે ત્યારે હવે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ રાજ્યમાં ૧૬ માર્ચથી ૧૨થી ૧૪ વર્ષની વયજૂથનાં બાળકોને કોરોના વેક્સિનેશનના સુરક્ષા કવચથી આવરી લેવાની કામગીરીનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર શહેરની બોરીજ પ્રાથમિક શાળાએથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોરીજ પ્રાથમિક શાળામાં આ વેક્સિનનો પ્રથમ ડોઝ લેનારાં બાળકો સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યાં હતાં. રાજ્યમાં આ કામગીરી આશરે ૨૦૦૦થી વધુ રસીકરણ કેન્દ્રો પરથી ૨૫૦૦થી વધુ વેક્સિનેટર્સ દ્વારા પ્રથમ દિવસે હાથ ધરાવાની હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ વેક્સિનેશન કામગીરીમાં સેવા આપી રહેલા આરોગ્યકર્મીઓની સાથે પણ વાતચીત કરી હતી. તેમણે ડોઝ અંગેની વિગતો મેળવી હતી અને આ સરાહનીય કામગીરીને બિરદાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશ અને રાજ્યમાં તા. ૧૬ જાન્યુઆરી-૨૦૨૧થી વિનામૂલ્યે કોવિડ-19 વેક્સિનેશનની કામગીરી શરૂ કરવામાં આવેલી છે. તબક્કાવાર વયજૂથ પ્રમાણે સૌને રસીકરણથી આવરી લઈ કોરોના સામે રક્ષણ આપવાનું મહા અભિયાન દેશમાં તેમના નેતૃત્વમાં સફળતા પૂર્વક આગળ વધ્યું છે.

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ હવે તા. ૧૬મી માર્ચ-૨૦૨૨થી ૬૦ વર્ષથી વધુ વયના તમામ લાભાર્થીઓને પ્રિકોશન ડોઝ આપવાની શરૂઆત થઈ છે. આ વયજૂથમાં વેક્સિનનો બીજો ડોઝ લીધાના ૯ મહિના, ૩૯ અઠવાડિયા બાદ જ પ્રિકોશન ડોઝ લેવાનો રહેશે. એટલું જ નહીં, બંને ડોઝ જે વેક્સિનના લીધા હોય તે જ વેક્સિનનો પ્રિકોશન ડોઝ લેવાનો રહેશે.

ગુજરાતમાં આ કામગીરી અંતર્ગત ૧૨ થી ૧૪ વર્ષની વયના ૨૨.૬૩ લાખ જેટલા બાળકોને કોવિડ-19 ની રસી આપવામાં આવશે. રાજ્યના આરોગ્ય વિભાગ પાસે આ હેતુસર કોર્બેવેક્ષ નામની રસીના ૨૩.૦૫ લાખ ડોઝ ઉપલબ્ધ છે અને તે કોલ્ડ ચેઈન પૉઈન્ટ સુધી પહોંચાડવામાં આવ્યા છે. તેને ૨થી ૮ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન પર સ્ટોર કરવામાં આવે છે



**મારા પરિવારમાં પણ બધા સભ્યોએ વેક્સિન લઈ લીધી છે. હું ધો. ૮માં અભ્યાસ કરું છું અને મારી ઉંમર ૧૪ વર્ષની હોઈ, મારાં માતા-પિતાની મંજૂરીથી હું રસી લઈને કોરોના સામે રક્ષિત થયો છું.**

**- અભય ચૌહાણ, જૂનાગઢ**



**હું સાતમા ધોરણમાં અભ્યાસ કરું છું. મેં શાળામાં વેક્સિન લીધી છે. આ વેક્સિન લીધા પછી મને સારું લાગી રહ્યું છે. સરકારે અમારા વયજૂથમાં વેક્સિન આપવાની શરૂઆત કરીને અમને કોરોનાના ડરથી મુક્ત કર્યાં છે.**

**- ઝહેરા રાનાપુર, દાહોદ**



રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગના સહયોગથી આ કોર્બેવેક્ષ વેક્સિનના ડોઝ પાત્રતા ધરાવતાં તમામ બાળકોને અપાવાના છે. તદઅનુસાર, વેક્સિનનો પ્રથમ ડોઝ લીધાના ૨૮ દિવસ બાદ બીજો ડોઝ અપાશે.

વેક્સિનેશન કામગીરીના આ પ્રારંભ વેળાએ ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા તેમજ મહાનગરના પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી ધવલ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્ય વગેરે પણ જોડાયા હતા. ●



આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રાજ્યના ૧૨થી ૧૪ની વયનાં બાળકો માટે ગાંધીનગર સેક્ટર-૨૪ના અર્બન હેલ્થ સેન્ટરથી તથા આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની કોબા પ્રાથમિક શાળા ખાતે કોરોના રસીકરણ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. તદ્ઉપરાંત ૬૦થી વધુ વયના તમામ વયસ્કો માટે પ્રિ-કોશન ડોઝનો પણ આરંભ કરાવતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય વૈજ્ઞાનિકોએ ખૂબ જ ટૂંકા ગાળામાં સ્વદેશી વેક્સિન બનાવી, તેમાં પણ બાળકો માટે ગણતરીના મહિનાઓમાં વેક્સિન ઉપલબ્ધ કરાવીને વૈશ્વિક સ્તરે ભારતીય વૈજ્ઞાનિકોની સંશોધન શક્તિનો પરિચય કરાવ્યો છે.

### મુખ્યમંત્રીશ્રીની હૃદયસ્પર્શી જનસંવેદના

# પૂર્વ જાણ કર્યા વિના સુખાલીપુરા પહોંચ્યા CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સરળ-સહજ વ્યક્તિત્વ અને જનસેવક તરીકેની અનોખી સંવેદનાનો વધુ એક પરિચય તાજેતરમાં વડોદરા જિલ્લાના સુખાલીપુરાના ગ્રામજનોને થયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સાથે અમદાવાદથી મોટરમાર્ગે સુખાલીપુરા ગામે પહોંચ્યા હતા. સુખાલીપુરા ગામમાં હજુ તો લોકો પોતાની દિનચર્યા શરૂ કરે ત્યાં સુધીમાં તેમને એક સુખદ આશ્ચર્યનો અનુભવ થયો.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કોઇ જ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ કે સરકારના કોઈ અધિકારીઓ, જિલ્લાતંત્ર વાહકોને જાણ કર્યા વિના વડોદરાના આ સુખાલીપુરા ગામે પહોંચી ગયેલા જોઈ ગ્રામજનો તો અચંબામાં પડી ગયા. મુખ્યમંત્રીશ્રીએ પણ પોતાના વાહનમાંથી ઊતરી ગ્રામીણ ખેડૂતો-માતા-બહેનોના ઘરઆંગણે જઈને તેમની સાથે સહજ સંવાદથી જનસેવક તરીકેની અનોખી સંવેદના દર્શાવી. તેમણે ગ્રામીણ મહિલાઓ સાથે ગામમાં સફાઈ, પાણી, વીજળી જેવી પાયાની સુવિધા અંગે, શાળાએ જતાં બાળકો સાથે શાળા શિક્ષણ અંગે લંબાણપૂર્વક વાતચીત કરીને સરકારની યોજનાઓના લાભ બરોબર



મળે છે કે કેમ? તેની પૃચ્છા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સૌપ્રથમ સુખાલીપુરાના નવી નગરી વિસ્તારમાં પહોંચી ગયા હતા અને ત્યાં તેમણે વિકાસકામોનું નિરીક્ષણ કર્યું હતું. એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડી કેન્દ્રમાં જઈને આંગણવાડી કાર્યકર બહેનો સાથે વાતચીત કરી, નંદઘરમાં અપાતી સુવિધા, પોષક આહાર, રમકડાં, અભ્યાસ સામગ્રી વિશે જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી એવા વિઠ્ઠલભાઈ વણકરને યોજના અંગે પૃચ્છા કરી હતી. યોજનામાં મળવાપાત્ર રકમ સમયસર મળી રહે છે? મકાનનું કામ સારી રીતે થયું છે? પાકા મકાનમાં રહેવાની મજા આવે છે? સહિતની બાબતોની જાણકારી મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. ગામમાં ૨૦ ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રી સુખાલીપુરા ગામના પાદરમાં તળાવના કિનારે મુકાયેલા બાંકડા ઉપર બેસી. એક બીપીએલ રાશનકાર્ડધારક સાથે સંવાદ સાધ્યો હતો, જેમાં પૂરતું રાશન મળે છે કે કેમ? સમયસર દુકાન ખૂલે છે? કયુ રાશન આપે છે? આ બાબતની માહિતી મેળવી હતી. એ દરમ્યાન, સરપંચ શ્રી નવનીતભાઈને જાણ થતાં તેઓ ત્યાં આવી પહોંચ્યા હતા અને વાતવાતમાં કહ્યું કે, સાહેબ તમે આવવાના છો તેની જાણ કરી હોત તો સારું થાત. મુખ્યમંત્રીશ્રીએ સ્મિત સાથે સહજતાથી સરપંચને કહ્યું કે, જો તમને જાણ કરી હોત તો તમે બધી તૈયારી કરી રાખી હોત. મારે તો ગામની વાસ્તવિક સ્થિતિ જાણવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ વિમાની મથકેથી રાષ્ટ્રપતિશ્રીને જામનગર જવા વિદાય આપ્યા બાદ અચાનક જ આ ગ્રામીણ વિસ્તારોની મોટરમાર્ગે નિરીક્ષણ મુલાકાતનો નિર્ણય કર્યો અને કોઈનેય જાણ કર્યા વિના અમદાવાદ, વડોદરા હાઈ-વે પર થઈને સુખાલીપુરા પહોંચી ગયા હતા

મુખ્યમંત્રીશ્રીએ વડોદરાના એકતાનગરની પણ મુલાકાત લીધી હતી અને અહીં રહેતા નાગરિકો પાસેથી વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીની સાદગી, સહજતા અને ગ્રામીણ નાગરિકો સાથેનો ઉષ્માપૂર્ણ વ્યવહાર જોઈને ગ્રામજનોના મુખ પર પોતીકી સરકારના પોતાના મુખ્યમંત્રીનો સંતોષ દેખાતો હતો. ●





## મૃદુ પણ મક્કમ, નિર્મળ અને પરિશ્રમી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના

# ૨૦૦ દિવસની જનસેવા પરિશ્રમયાત્રા

પુલક ત્રિવેદી

૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે પદભાર સંભાળ્યો તે ક્ષણે ગુજરાતના સાડા છ કરોડ નાગરિકોને અહેસાસ થયો કે, એક સરળ, સહજ અને સાલસ સ્વભાવના મૃદુ, પણ મક્કમ જનનાયક ગુજરાતને મળ્યા છે. પારદર્શિતા અને સંવેદનશીલતા સાથે વિનાવિલંબે મક્કમતાથી લોકોને સ્પર્શતા નિર્ણયો લેવાની એમની કુનેહનો આજે સમગ્ર ગુજરાતને પરિચય થઈ રહ્યો છે. માનવ માત્ર પ્રત્યેની તેમની સંવેદનાને સૌ કોઈ બિરદાવી રહ્યું છે. લોકોની વચ્ચે જઈને, લોકોના બનીને તેઓ લોકોના પ્રશ્નો મૃદુતાથી સાંભળે છે અને તેના ત્વરિત નિવારણ માટે મક્કમ નિર્ણયો લે છે. મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યાના ૨૦૦ દિવસમાં તેમણે સમાજના તમામ વર્ગના અને વયજૂથના લોકો અને તમામ વ્યવસાયના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. રાજ્યના પ્રત્યેક ખૂણામાં વસતા યુવાનો, મહિલાઓ, ખેડૂતો, વંચિતો, વનબંધુઓ, ગ્રામજનોના સમુચિત વિકાસ માટે જનકલ્યાણકારી યોજનાઓ અમલી બનાવીને સર્વસમાવેશક ઉત્કર્ષ કર્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સાલસ સ્વભાવ અને કામ કરવાની ધગશને સૌ કોઈ આવકારી રહ્યાં છે.

૨૦૦ દિવસના કાર્યકાળમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની છબી એક મક્કમ, પણ મૃદુ મુખ્યમંત્રી તરીકે ઊભરી આવી છે. સાડા છ કરોડ ગુજરાતીઓને વિકાસયાત્રામાં જોડીને એમણે જનહિતનાં કાર્યો માટે વ્યાપક જનશક્તિ ઉજાગર કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વના પ્રથમ ૨૦૦ દિવસની પરિશ્રમ






ગાથા જોઈએ તો ૩૦૦થી વધુ સરકારી અને ખાનગી કાર્યક્રમો તથા બેઠકો, ૨૨,૦૦૦થી વધુ લોકો સાથે રૂબરૂ સંપર્ક, ૬૧,૦૦૦ કિલોમીટરનો વ્યાપક પ્રવાસ કરીને એમણે ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે નિષ્ઠાવાન પુરુષાર્થ આદર્યો છે.

સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રના અર્થતંત્રમાં અને વિકાસપ્રક્રિયામાં કૃષિ ક્ષેત્રની ભૂમિકા મહત્ત્વની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઊર્જાવાન નેતૃત્વ હેઠળ ખેડૂત હિતલક્ષી મક્કમ નિર્ણયો લેવામાં આવ્યા છે. ધરતીપુત્રોની આવકમાં વધારો જોઈ શકાય છે. ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. ખેડૂતોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકસાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવાની મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગુજરાતના ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ખેતરમાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઊભાં કરવા માટે ખેડૂતોને અપાતા ૭.૫ ટકાના આર્થિક વળતરને બમણું કરીને ૧૫ ટકા કરવામાં આવ્યું છે. ધરતીપુત્રોને રવી તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવી યોજના લઈને તેઓ આવ્યા છે.

ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પડેલા ભારે વરસાદથી ખેડૂતોને તથા અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના માછીમારો માટે આર્થિક પૅકેજ જાહેર કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડૂતો ઉપરાંત માછીમારો પ્રત્યે પોતાની સંવેદનશીલતા દર્શાવી છે. આ ઉપરાંત, અસરગ્રસ્ત પરિવારો કે જેઓ પશુપાલન સાથે સંકળાયેલા છે, તેમની આર્થિક સહાય બમણી કરવાનો સ્તુત્ય નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ખેડૂતોને ખેતઉત્પાદનનું યોગ્ય બજાર પ્રાપ્ત થાય તે માટે સ્માર્ટ ફોનખરીદીમાં આર્થિક સહાય આપવામાં આવે છે.

આ સાથે, ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મૂકવા માટે ૩૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસના સમયે વીજળી આપવામાં આવે છે. પેન્ડિંગ વીજ કનેક્શનો સત્વરે પૂરાં પાડવાની દિશામાં મક્કમ નિર્ધાર સાથે રૂ. ૧૦૪૬ કરોડની માતબર રકમ ફાળવી આપવામાં આવી છે. સંવેદનશીલતા શબ્દ અનુભૂતિનો છે. રાજ્ય સરકાર મૂંગાં પશુઓ માટે વિશેષ કાળજી લઈ રહી છે. રાજ્યની ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે ‘મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના’ શરૂ કરી.

ગુજરાતનાં વિકાસની ખાસિયત રહી છે સર્વસમાવેશક વિકાસ. રાજ્યમાં રહેતા વંચિતો, ગરીબો, આદિવાસીઓ હોય કે વિચરતી વિમુક્ત જાતિ - આ તમામને પડખે અડીખમ રીતે રાજ્ય સરકાર ઊભી છે. રાજ્યના નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનું ૬૦ થી ૮૦ વર્ષની વયના લોકોનું માસિક પેન્શન ૭૫૦થી વધારીને ૧૦૦૦ અને ૮૦ વર્ષથી વધુના નિરાધારોનું માસિક પેન્શન ૧૦૦૦થી વધારી ૧૨૫૦ કરવામાં આવ્યું છે. ‘ભિક્ષા નહીં શિક્ષા’ના મંત્ર

સાથે શહેરના સિગ્નલ પાસે ભિક્ષાવૃત્તિ કરતાં કે અધવચ્ચે શાળા છોડી ગયેલાં દરિદ્ર બાળકોને શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે 'સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યના ૩૬ લાખ પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાય રૂપિયા ૬૦૦ થી વધારીને રૂપિયા ૯૦૦ કરવામાં આવી છે. સમાજમાં સૌહાર્દનું વાતાવરણ રહે તે માટે આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં હાલની એક લાખની સહાયને વધારીને રૂ. ૨.૫૦ લાખ કરવામાં આવી છે.

વન અધિકાર અધિનિયમ અન્વયે ૧૬,૫૭૨ આદિવાસીઓને જમીનના અધિકારો અપાયા છે. આદિજાતિ વિસ્તારોમાં બે વર્ષમાં ૫૦૦ નવાં મોબાઇલ ટાવર્સ ઊભાં કરી, ઈ-કૉમર્સ તથા ઇન્ટરનેટ સંબંધિત કાર્યોને ગતિ અપાશે. વનબંધુઓનાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે પૂર્વ પટ્ટીમાં રૂ. 45 કરોડના ખર્ચે ૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઑફ એક્સલન્સ શરૂ કરાશે. ઉલ્લેખનીય છે કે, દિવ્યાંગ નાગરિકોને પડતી મુશ્કેલીઓને નિવારવા માટે દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય રાખવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે. આવકના દાખલાઓની માન્યતાની મુદત એક વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરવાનો જનહિતલક્ષી નિર્ણય પણ કરવામાં આવ્યો છે. હવે સરકારી કામકાજ માટે કરવાના ઍફિડિવિટમાંથી મુક્તિ આપીને સેલ્ફ ડેક્લેરેશન (સ્વપ્રમાણપત્ર)ને માન્ય રાખવામાં આવશે.

નારીશક્તિનું સન્માન, મહિલા સશક્તીકરણને પ્રાધાન્ય આપતી રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં મહિલા વિકાસની યોજનાઓ માટે 42 ટકાનો નોંધપાત્ર વધારો કર્યો છે. તંદુરસ્ત રાજ્ય-રાષ્ટ્રના નિર્માણ માટે 'એક હજાર દિવસની સંભાળ - સ્વસ્થ રહે માતા અને બાળ' આ મંત્ર સાથે સુપોષિત માતા - સ્વસ્થ બાળ યોજના શરૂ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારોમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ માટેની 'પોષણ સુધા યોજના'નો વ્યાપ વધારીને વધુ ૭૨ તાલુકા સુધી લઈ જવામાં આવી છે. રાજ્યની 11 લાખ ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ અપાતી રૂ. ૧૨૫૦ની આર્થિક સહાય સીધી તેમના બૅંક ખાતામાં જમા કરાવવામાં આવે છે. ગ્રામીણ નારીશક્તિને સ્વરોજગારથી આર્થિક આધાર આપવા ગ્રામીણ મહિલાઓ તથા નાના સીમાંત ખેડૂતો લીંબોળી એકત્રીકરણથી આર્થિક આધાર મેળવે છે. GNFCના નીમ પ્રોજેક્ટ અંતર્ગત લીંબોળી એકત્રીકરણ-ખરીદ વ્યવસ્થા-વિવિધ ચીજવસ્તુઓનું નિર્માણ કરીને સ્વસહાય જૂથો દ્વારા વેચાણ કરવામાં આવશે.

યુવાનોના કૌશલ્ય નિર્માણ થકી આત્મનિર્ભર દેશના નિર્માણની દિશામાં ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. નવી શિક્ષણનીતિનાં દિશા-દર્શનના રોડમેપ અને Student Start up and Innovation Policy 2.0નું લૉન્ચિંગ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો આપવાનો નિર્ણય લાભ કરાયો, વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળશે. રાજ્યની શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો. રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ચાર વર્ષનો પરિણામલક્ષી રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત પૉલિસી ડ્રિવન સ્ટેટ છે. ગુજરાત સરકારે રાજ્યમાં બાયોટેક્નોલૉજી ક્ષેત્રના વિકાસ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા નવી બાયોટેક્નોલૉજી પૉલિસી અમલી બનાવી છે. તો આઇ.ટી. ક્ષેત્રે રોજગારીની નવી તકો સર્જાવા અને મૂડીરોકાણ આકર્ષવા આઇ.ટી. અને આઇ.

## મુખ્યમંત્રીશ્રીના પ્રજાલક્ષી કાર્યક્રમો

**સુશાસન સપ્તાહ**

રૂ. ૯૭૮.૫૮ કરોડના ખર્ચે ૨૦,૧૯૦ કામોનાં ખાતમુહૂર્ત, રૂ. ૬૬૩.૧૦ કરોડનાં ૨૨,૪૯૦ કામોનાં લોકાર્પણ કરવામાં આવ્યાં, જેનો લાભ ૨.૭૦ લાખથી વધુ લોકોને મળ્યો.

**સેવાસેતુ કાર્યક્રમ**

સાત તબક્કામાં ૨.૪૬ કરોડ કરતાં વધુ અરજીઓ પૈકી ૯૯.૮૭ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

**'આત્મનિર્ભર ગ્રામયાત્રા'**

માત્ર ત્રણ દિવસમાં રૂ. ૧૫૦૦ કરોડના ખર્ચે ગ્રામજનોના સર્વાંગી વિકાસ માટે ૪૩,૦૦૦ જેટલાં ગ્રામવિકાસનાં કાર્યો કરવામાં આવ્યાં.

**મહેસૂલ મેળા**

રાજ્યના નાગરિકોને ઘરઆંગણે નામ કમી કરવું, નવું ઉમેરવું, સર્વે, નવી એન્ટ્રી તેમજ રિ-સર્વે જેવા પ્રશ્નોના સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા.

**ગરીબ કલ્યાણ મેળા**

આ મેળાની ૧૨મી શૃંખલામાં ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂ. ૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય સ્થળ પર જ ચૂકવવામાં આવી.

**આપણું ગામ, આપણું ગૌરવ - ગુજરાત પંચાયત મહાસંમેલન**

સમગ્ર રાજ્યના પંચાયતના પ્રતિનિધિઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૩ સુધીમાં ગામડાંઓને સમૃદ્ધ અને સમર્થ બનાવવા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.



ટી.ઈ.એસ. પૉલિસી બનાવી છે. તેવી રીતે, ગુજરાત સરકારે વર્ષ 2022થી વર્ષ 2027 માટે નવી રમતગમત નીતિ (Sports Policy) જાહેર કરી છે, જેનાથી ગુજરાતમાં ભવિષ્યની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ માટેનો માર્ગ મોકળો કર્યો છે. યુવાનો રાજ્યના હેરિટેજને જાણે, હેરિટેજનું સંરક્ષણ કરે અને સાથે જ હેરિટેજ ટુરીઝમ દ્વારા રોજગારીનું સર્જન થાય તે માટે હેરિટેજ પૉલિસીની જાહેરાત કરી છે.

આઝાદીનાં 75 વર્ષ - અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપવા માટે ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. પાંચ લાખ યુવાનોના કૌશલ્યનિર્માણ માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોરોનાના કપરા કાળને કારણે જે યુવાનોની ઉંમર વધી ગઈ હતી અને સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠરતા હતા તેમને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો યુવાહિતલક્ષી નિર્ણય લઈને સેંકડો યુવાનો માટે રોજગારી આપવાનાં દ્વાર ખોલ્યાં છે.

કોરોના મહામારીનો મક્કમતાથી સામનો કરવામાં ગુજરાતે દેશભરમાં અગ્રણી રહ્યું છે. ગંભીર રીતે બીમાર દર્દીઓને ઝડપથી સારવાર મળે તે માટે ઍર ઍમ્બ્યુલન્સ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. કોરોનાની ત્રીજી લહેરની તકેદારીના ભાગ રૂપે ઑક્સિજન ટેન્ક, ઑક્સિજન કૉન્સન્ટ્રેટર તેમજ આઇ.સી.યુ, બેડ અને વેન્ટિલેટરની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી. કોરોનાવિરોધી રસીકરણ ઝુંબેશમાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે અમોઘ શસ્ત્ર સમાન કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની આગવી સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૪.૯૧ કરોડથી વધુ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૪.૭૫ કરોડથી વધુ લોકોને દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૬૦ વર્ષથી વધુ વયના વડીલો, ફ્રન્ટલાઇન વર્કર્સ તેમજ હેલ્થકેર વર્કર્સને અત્યાર સુધીમાં ૨૨.૬૭ લાખથી વધુ પ્રિકોશન

ડોઝ આપવામાં આવ્યા છે. હવે રાજ્યમાં ૧૨-૧૪ વર્ષની વયનાં 9 લાખથી વધુ બાળકોને કોવિડ-19 રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

રાજ્યના 3 કરોડથી વધુ નાગરિકોને સ્વસ્થ અને સુરક્ષિત બનાવવા સપ્તાહના દરેક શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બીમારીઓના સ્ક્રીનિંગથી સારવારનો પ્રારંભ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો છે. રાજ્યના ૪.૩૮ લાખ ઉપરાંત નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈ.ડી. કાર્ડ આપવામાં આવ્યાં છે. ગુજરાતમાંથી અંધત્વને જાકારો આપવાના નિર્ધાર સાથે મોતિયા-અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં અંધત્વનો દર ઘટાડીને ૦.૨૫ ટકા સુધી લઈ જવાની નેમ છે.

વૈશ્વિક સ્પર્ધામાં દેશને અગ્રિમ હરોળમાં લઈ જવામાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વની છે. વિકાસની ગતિને જાળવી રાખવા માટે શિક્ષણ મહત્ત્વનું પરિબળ છે. રાજ્યના બાળકને શૈક્ષણિક રીતે ઉત્તમ વાતાવરણ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર સજાગ પ્રયાસો કરી રહી છે. બાળકોમાં સંસ્કારસિંચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભગવદ્‌ગીતાનો સમાવેશ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy 2.0નું લોન્ચિંગ થયું, જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે.

ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળશે. રાજ્યની શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો છે. રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

વર્ષો સુધી દુકાળ અને અછતનો ભોગ બનતું રહેલું ગુજરાત આજે નર્મદા યોજના, સૌની યોજના, સુજલામ્ સુફલામ્ કેનાલ તથા જળસંચય અભિયાનથી



## દેશભરમાં ગુજરાતે ચાતર્યો નવતર ચીલો

- ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લૉજિસ્ટિક્સ ઈઝ ઍક્રૉસ ધ સ્ટેટ (LEADS) - ૨૦૨૧માં ગુજરાત પ્રથમ છે.
- નીતિ આયોગે જાહેર કરેલા એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે. દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉચ્ચ ગુણવત્તાની સપ્લાય ચેઈન અને ઓછા ખર્ચે લૉજિસ્ટિક્સની પોતાની આગવી ક્ષમતાઓ પુરવાર કરીને આ ગૌરવ સિદ્ધિ મેળવી છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર એક્સપોર્ટ કૉમ્પિટેટિવનેસ ઈન્ડેક્સ - ૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.
- ભારત સરકારના ડી.એ.આર.પી.જી. દ્વારા જાહેર કરવામાં આવેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.

નવપલ્લવિત થઈ રહ્યું છે, તો બીજી બાજુ નલ સે જલથી નાગરિકોને ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. રાજ્યમાં નલ સે જલની ૯૩ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આગામી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં રાજ્યમાં ૧૦૦ ટકા નલ સે જલ પૂરું પાડવામાં આવશે. કચ્છની વર્ષો જૂની માગણીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વીકાર કર્યો છે. હવે, કચ્છને નર્મદાનાં પૂરના વધારાના ૧ મિલિયન એકરફીટ પાણી ઉપલબ્ધ બનશે. આ કાર્ય માટે રૂ. ૪૩૬૯ કરોડની યોજનાને મંજૂરી અપાઇ છે. જળસંગ્રહક્ષમતા વધારવા માટે ચાલી રહેલા સુજલામ્ સુફલામ્ જળ અભિયાનથી રાજ્યમાં ૧૫ હજાર લાખ ઘનફૂટ સંગ્રહક્ષમતામાં વધારો થશે. ઉત્તર ગુજરાતમાં આવેલા ધરોઇ બંધ પરિક્ષેત્રને રૂ. 200 કરોડના ખર્ચે વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવાશે.

દેશની પાંચ ટકા વસતિ ધરાવતું ગુજરાત દેશના જીડીપીમાં સાત ટકા યોગદાન આપી રહ્યું છે. ગુજરાત રાજ્ય તેને મળેલી ભૌગોલિક વિશેષતાનો લાભ લઈને, સેંકડો યુવાઓને રોજગારી આપી રહ્યું છે. આજે ગુજરાતમાં કેમિકલ, ઑટો મોબાઇલ, ઇજનેરી, પેટ્રો કેમિકલ્સ જેવા વિવિધ ઉદ્યોગોનો વિકાસ થયો છે. ભારતમાં ઇલેક્ટ્રિક વાહનો અને બૅટરીના મૅન્યુફૅક્ચરિંગ માટે જાપાનની પ્રમુખ ઑટોમોબાઇલ કંપની સુઝુકી મોટર્સ કૉર્પોરેશન (SMC)એ ગુજરાતમાં રૂ. 10,400 કરોડનું રોકાણ કરશે. ગુજરાતને નેટ ઝીરો કાર્બન ફ્રી બનાવવાના હેતુ સાથે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ૫ લાખ કરોડથી વધુના રિલાયન્સ ઇન્ડસ્ટ્રી સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ કાર્યાન્વિત થવાથી અંદાજિત ૧૦ લાખ રોજગારીનું સર્જન કરશે. ગુજરાતની તમામ સરકારી શાળાઓને ERP સૉલ્યુશન પૂરાં પાડવા માટે પપ્પાયા લાઇટ (Pappaya LITE)ના સહકારથી કાર્ય પૂર્ણ કરાશે. બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કંપની QX ગ્લોબલ ગ્રુપ લિમિટેડ અને રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલૉજી ડિપાર્ટમેન્ટ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં MoU કરવામાં આવ્યા હતા. સ્ટ્રૅટેજિક પાર્ટનરશિપ અંગેના MoUથી રાજ્યમાં IT ક્ષેત્રે ૨,૦૦૦ જેટલી રોજગારીનું સર્જન થશે.

રાજ્યમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્કિલ્સની સ્થાપના માટે ગુજરાત સરકારે કૌશલ્ય વિકાસ મંત્રાલય અને TATA IIS સાથે MoU સાઇન કર્યા. ગુજરાતની સ્કિલ ઇકોસિસ્ટમને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવશે. અભ્યાસક્રમો તૈયાર કરવા, મૂલ્યાંકન, અધ્યાપન અને અધ્યયન સંસાધનો અને શિક્ષકોની તાલીમ વગેરે માટેના સહયોગને સક્ષમ બનાવવા ગુજરાતે કેમ્બ્રિજ સાથે 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' માટે એમઓયુ સાઇન કર્યા. ●

## મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રીના જનહિતલક્ષી નિર્ણયો

- શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું રૂ. ૨.૪૪ લાખ કરોડનું બજેટ પ્રસ્તુત થયું.
- વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સૂર પુરાવતું રૂ. ૧૭ હજાર કરોડના વધારા સાથે અને કોઈ જ નવા કરવેરા વિનાનું પુરાંતવાળું બજેટ.
- ‘નમો વડ વન’ : રાજ્યના 33 જિલ્લાઓમાં 75 વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં 75 વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.
- ગુજરાતનાં તમામ જાહેર સ્થળો ઉપરના લખાણને ફરજિયાત ગુજરાતી ભાષામાં લખવાનો મહત્ત્વપૂર્ણ અને પારદર્શક નિર્ણય.
- રાજ્યનાં ૪ હજાર ગામોમાં રૂ. ૭૧ કરોડના ખર્ચે મફત વાઇ-ફાઇ સુવિધા પૂરી પાડવામાં આવશે.
- પ્રજાના પ્રશ્નો સરકારના વિવિધ વિભાગો વચ્ચે અટવાય નહીં તે માટે ‘ઇ-સરકાર પૉર્ટલ’ શરૂ કરવામાં આવ્યું છે.
- ઑપરેશન ગંગા અન્વયે યુક્રેનમાં અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓને ભારત પરત લાવવામાં આવ્યા. આ વિદ્યાર્થીઓને મુંબઈ અને દિલ્હી હવાઈ મથકેથી ગુજરાતમાં તેમના નિવાસસ્થાને પહોંચાડવા માટેની સુદૃઢ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા કરવામાં આવી.
- નાગરિકોને બિનખેતીના હુકમ બાદ પ્રૉપર્ટી કાર્ડ ઑટો જનરેશનથી આપવાનો સહૃદયી નિર્ણય.
- લૅન્ડ રેવન્યુ કોડની કલમ 73-એની મંજૂરીની પ્રક્રિયાઓ ઑનલાઇન કરીને વધુ પારદર્શક બનાવાઈ.
- ગણોત ધારા કલમ એમ-32 અંતર્ગત ખરીદકિંમત ભરપાઈ કરવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.
- રાજ્યના નવયુવાનોને સુરક્ષા સેવા ક્ષેત્રમાં જોડવા માટેની સુવર્ણ તક ઊભી કરવામાં આવી છે. પોલીસની વિવિધ સંવર્ગોની 1382 જેટલી જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે પોલીસ સબ-ઇન્સ્પેક્ટર ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું છે.
- લોકરક્ષકના વિવિધ સંવર્ગો માટે 10,459ની જગ્યાઓ માટે નવયુવાનોની પારદર્શક ભરતી કરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે.
- રાજ્યના સુરક્ષા કર્મીઓને ટેક્નિકલ બાબતોના ઉપયોગથી વધુ સુસજ્જ કરવા માટે ટેક્નિકલ ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું.
- રાજ્યમાં ડ્રગ્સના ગુનાઓ પર કાબૂ મેળવવા અને તેના ગુનેગારોને પકડવા રાજ્ય સરકારે કમર કસી છે, જે અંતર્ગત રેપિડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઇલ ડ્રગ ટેસ્ટિંગ એનલાઇઝરની ખરીદી કરાશે.
- લૂપ મેડિયેટ આઇસોથર્મલ એમ્પ્લિફિકેશન સિસ્ટમનાં સાધનોની ખરીદી માટે ૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.










# ખેડૂતોની પડખે સદાય અડીખમ સરકાર...

હર્ષદ રૂપાપરા

રાજ્યના ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારની પ્રતિબદ્ધતાની ધરતીપુત્રોને પ્રતીતિ છે. ગુજરાત સરકારના હૈયે હરહંમેશ ખેડૂતોનું હિત રહ્યું છે. ખેડૂતોના સુખે સુખી અને ખેડૂતોના દુ:ખે દુ:ખી એવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ છતાં મક્કમ ઊર્જાવાન નેતૃત્વ હેઠળની સરકારે ગુજરાતના ખેડૂતોના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે અનેક ખેડૂતહિતલક્ષી નિર્ણયો લીધા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત અને કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલના માર્ગદર્શનમાં કૃષિ વિભાગે ગત 200 દિવસમાં ખેડૂતો માટે અનેકવિધ પગલાં લીધાં છે. છેલ્લા અઢી દાયકાથી રાજ્યના ખેડૂતોના પરિશ્રમના પ્રસ્વેદ અને રાજ્ય સરકારની ખેડૂતહિતલક્ષી નીતિઓના સમન્વયના પરિણામે ગુજરાતનો ખેડૂત વર્ષમાં ત્રણવાર પાક લેતો થયો છે. ખેત ઉત્પાદન અને ઉત્પાદકતામાં ધરખમ વધારો જોવા મળ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની નવી ટીમ ગુજરાતે શપથ લીધા એ વખતે રાજ્યના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો. પળભરનો પણ વિલંબ કર્યા વિના મુખ્યમંત્રીશ્રી ખેડૂતો અને અસરગ્રસ્તોની વહારે ધસી ગયા. ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અન્વયે પ્રથમ તબક્કામાં જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ જિલ્લાના ૨૩ તાલુકાઓનાં ૬૮૨ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે તેમણે કુલ રૂ. ૫૪૭ કરોડનુ માતબર સહાય પૅકેજ જાહેર કર્યું હતુ. બીજા તબક્કામાં રાજ્યના અમદાવાદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, જૂનાગઢ, પંચમહાલ અને વડોદરા એમ કુલ નવ જિલ્લાના ૩૭ તાલુકાઓનાં ૧૫૩૦ ગામોના ખેડૂતોને માટે કુલ રૂ. ૫૩૧ કરોડનું આર્થિક સહાય પૅકેજ જાહેર કરવામાં આવ્યું.

દિવસે ને દિવસે પ્રાકૃતિક ખેતીની માગ અને જરૂરિયાત વધતી જાય છે. રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ, તંદુરસ્ત

સમાજનું નિર્માણ કરી શકે તેમજ ખેતીના ઉત્પાદન ખર્ચમાં ઘડાડો કરી શકે છે. પ્રાકૃતિક ખેતીની આવી જરૂરિયાતને ધ્યાને લઈને જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકસાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. તે માટે વર્ષ 2022-23ના બજેટમાં રૂ.100 કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ અને માળખાકીય સગવડોના વિકાસ માટે "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરૂ કરવામાં આવી છે. આ માટે રૂ. ૫૦૦ કરોડની આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

ખેડૂતના હિતને કેન્દ્રસ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂ. ૬ હજાર સહાય આપવાની યોજનાનો સુદ્દઢ અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતના આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને તેમનાં બૅંક ખાતામાં રૂ. ૧૦ હજાર કરોડ જમા થયા છે. ખેડૂતોને સિંચાઈ, યોગ્ય બિયારણ વગેરે સુવિધા મળે તો ખેડૂતોનાં બાવડાંમાં કણમાંથી મણ પેદા કરવાની તાકાત છે. કિસાનોને બિયારણ તથા અન્ય ખેતી કાર્યો માટે ખરીફ પાકના ધિરાણમાં વ્યાજ સહાય આપવામાં આવે છે. ધરતીપુત્રોને ખરીફ ઉપરાંત રવી અને ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવી યોજના શરૂ કરવામાં આવી છે, જેનાથી બંને ક્ષેત્રોમાં ૮થી ૧૦ હજાર કરોડનું ધિરાણ મેળવી શકાશે.

રાજ્યનાં ખેડૂતોને દેશ દુનિયામાં થતી ખેતી, હવામાન, જરૂરી માર્ગદર્શન આંગળીના ટેરવે મળી રહે તેવા હેતુથી ગુજરાત સરકાર સ્માર્ટ ફોન ખરીદવા માટે સહાય આપે છે. અગાઉ આ યોજના અંતર્ગત ખેડૂતોને રૂ. ૧૫,૦૦૦ સુધીની કિંમતના સ્માર્ટ ફોનની ખરીદીમાં ખરીદકિંમતના ૧૦% સહાય અથવા રૂ. ૧૫૦૦ બેમાંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર થતી હતી. સ્માર્ટફોન માટે સહાયનાં ધોરણોમાં સુધારો કરીને હવે ખેડૂતોને રૂ. ૧૫,૦૦૦ સુધીની કિંમતના એક સ્માર્ટ ફોનની ખરીદી પર ખરીદકિંમતના ૪૦ ટકા અથવા રૂ. ૬૦૦૦ બેમાંથી જે ઓછુ હોય તે સહાય ચૂકવવામાં આવશે. રાજ્યનાં ૧ લાખ ખેડૂતોને સ્માર્ટ ફોન વસાવવા માટે વિશેષ સહાય અંગે યોજનાને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ આઇ-ખેડૂત પૉર્ટલ પર ખેડૂતો ઑનલાઇન અરજીઓ ઘર બેઠાં કરી શકે છે.

ખેડૂતોને વીજજોડાણ તેમજ રાહતદરે વીજળી ઉપલબ્ધ કરાવવા સરકાર દ્વારા રૂ. ૮ હજાર ૩૦૦ કરોડ જેવી માતબર રકમની સબસિડી આપવામાં આવે છે. વીજજોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલાં નિકાલ કરી ખેડૂતોને વીજજોડાણ આપવાનો સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે તેમજ રાજ્યના ધરતીપુત્રોની માગણી અનુસારના પેન્ડિંગ વીજ કનેક્શનો સત્વરે પૂરાં પાડવાના મક્કમ નિર્ધાર સાથે રૂ. ૧૦૪૬ કરોડની માતબર રકમની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતોને દિવસે લાઈટ અને રાત્રે આરામ મળી રહે તેમજ હિંસક પ્રાણીઓનો ડર ન રહે તે માટે રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડતી કિસાન સૂર્યોદય યોજના ખેડૂતો માટે ઉપકારક બની રહી છે. આ કિસાન સૂર્યોદય યોજના માટે રાજ્ય સરકારે વર્ષ 2022-23ના બજેટમાં રૂપિયા ૧૪૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી છે. ખેડૂતો ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થયા છે, ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે માટે વિશેષ અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી છે. ડ્રૉનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મૂકવા માટે બજેટમાં રૂ. ૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ખેડૂતોને પોષણક્ષણ ભાવો મળી રહે તે માટે સરકારે હરહંમેશ ચિંતા કરી છે. આ વર્ષે રવી સીઝનમાં ચણાનું વધુ વાવેતર થવાથી ઉત્પાદન વધવાની સંભાવનાને ધ્યાને લઈને અગાઉથી જ સજાગતા દાખવતાં રાજ્ય સરકારે ખેડૂતોને ચણાના પોષણક્ષમ ભાવો અપાવવા કટિબદ્ધતા દાખવી હતી, જેના પરિણામે કેન્દ્ર સરકારે ચાલુ વર્ષે ચાર લાખ પાંસઠ હજાર મેટ્રિક ટન ચણાનો જથ્થો ગુજરાત રાજ્યના ખેડૂતો પાસેથી ખરીદવા મંજૂરી આપી છે. ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવથી ૧૨૫ મણ ચણાની ખરીદી કરવાનો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચણાની ટેકાના ભાવે ખરીદી માટે ૩.૩૮ લાખ ખેડૂતો દ્વારા નોંધણી કરાવવામાં આવી છે અને ૧૮૭ કેન્દ્રો પરથી ખરીદી શરૂ કરવામાં આવી છે. આ કેન્દ્રો પરથી તા. ૨૮-૩-૨૨ સુધીમાં ૬૯,૪૧૯ ખેડૂતો પાસેથી રૂ. ૭૨૨ કરોડ ૨૬ લાખના મૂલ્યનો ૧ લાખ ૩૮ હજાર મે. ટન જથ્થો ખરીદ કરવામાં આવ્યો છે. ખરીફ-૨૦૨૧માં ફેબ્રુઆરી-2022 અંતિત ૫૦,૦૬૧ ખેડૂતો પાસેથી રૂ. ૫૨૮.૧૭ કરોડના મૂલ્યની કુલ ૯૫૩૩૧.૮૨ મે. ટન મગફળી તથા અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી મેક ઈન ઈન્ડિયા અને લોકલ ફૉર વોકલને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે આ દિશામાં મક્કમતાથી આગળ વધતી ગુજરાત સરકારે 'મેક ઈન ઈન્ડિયા' અને 'વોકલ ફૉર લોકલ'ના મિશનને બળ આપવા ટ્રેક્ટરના સ્થાને ઉપયોગી થાય તેવા 'સનેડો'-કૃષિ સાધનની ખરીદીમાં અંદાજિત ૪૦૦૦ ખેડૂતોને રૂ. ૨૫,૦૦૦ સુધીની સહાય આપવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. આ માટે રૂ. ૧૦ કરોડની આર્થિક જોગવાઈ કરવામાં આવી છે. ●

# મહિલા સશક્તીકરણ માટે પ્રતિબદ્ધતાપૂર્ણ 200 દિવસ

મનીષા વાઘેલા









૨૦૦ દિવસમાં નારીશક્તિને દીર્ઘદૃષ્ટિપૂર્ણ રચનાત્મક એંગલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આપ્યો છે. જ્યારે ગુજરાતની નારીની વાત આવે ત્યારે તેના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષની વાત સહજ રીતે માનસપટ ઉપર તરવરવા લાગે. મહિલા સશક્તીકરણનો નવતર ચીલો ગુજરાતે ચાતર્યો છે. મહિલાઓના સશક્તીકરણ માટે, તેમના અધિકારો માટે જાગૃત થાય તે આજના સમયની માગ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને આવતીકાલના ઉજ્વળ ભવિષ્ય એવાં બાળકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પરિણામલક્ષી અમલ થઈ રહ્યો છે. અહીં એ ઉલ્લેખ અસ્થાને નહીં લાગે કે ગુજરાત સરકાર વર્ષ ૨૦૧૪-૧૫થી 'જેન્ડર બજેટ' આપી રહ્યું છે. જેન્ડર બજેટ એ મહિલાઓને વિકાસનાં તમામ ક્ષેત્રે મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી મહિલાલક્ષી નાણાકીય ફાળવણીનો મુખ્ય સ્રોત હોય છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલ ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની અલગ રચના કરીને મહિલા સશક્તીકરણમાં સમગ્ર દેશને નવો રાહ ચીંધ્યો હતો. આ વિભાગ હેઠળ I.C.D.S. યુનિટ શરૂ કરીને આંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા મહિલાઓ અને નાનાં બાળકોના પોષણ અને આરોગ્યની ચિંતા કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ઊર્જાવાન રાજ્ય સરકાર ગુજરાતમાં મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસના આ મંત્રને આગળ ધપાવી રહી છે.

મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રીશ્રી મનીષાબહેન વકીલે અંદાજપત્રીય માગણીઓ ઉપર ચર્ચા કરતાં વિધાનસભા બજેટ સત્રમાં વિગતો આપી હતી કે, રાજ્ય સરકારે સૌપ્રથમ વાર જેન્ડર બજેટ બનાવીને ૮૯૧ જેટલી મહિલાલક્ષી યોજનાઓને પરિણામલક્ષી રીતે ગુજરાતમાં કાર્યાન્વિત કરવામાં આવી રહી છે, જે પૈકી ૧૭૮ યોજનાઓ માત્ર ને માત્ર મહિલાઓ માટે જ છે. આ માટે કુલ રૂ. ૮૯,૩૩૭.૧૦

કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના સર્વાંગી વિકાસની સતત ચિંતા કરતા તથા સર્વોદયના ધ્યેયને સિદ્ધ કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કુપોષણના મુદ્દે અત્યંત સંવેદનશીલ અભિગમ ધરાવે છે. તેઓ દઢપણે માને છે કે, ગુજરાતમાંથી કુપોષણ શબ્દ જ દૂર કરી દેવો છે. માત્ર સુપોષણ શબ્દ જ રહે એવી ગુજરાત સરકારની નેમ છે. આ શબ્દોને સાર્થક કરવા માટે કુપોષણ સામે જંગ છેડવા માટે રૂ. ૮૧૧ કરોડની 'સુપોષિત માતા, સ્વસ્થ બાળ યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

'સુપોષિત માતા, સ્વસ્થ બાળ યોજના' અંતર્ગત બાળકના પહેલા ૧૦૦૦ દિવસો માટે 'પોષણ કિટ" (રો-રાશન)માં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા અને ૧ કિલો સીંગતેલ આપવામાં આવનાર છે. ગુજરાતની ૧૭ લાખ જેટલી સગર્ભા તથા ધાત્રી માતાઓને આ પોષણ કિટનો લાભ આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. સરકાર દ્વારા તાજેતરમાં 'પા પા પગલી' પ્રોજેક્ટ શરૂ કરાયો છે. આ પ્રોજેક્ટ અન્વયે નવી શિક્ષણનીતિ-૨૦૨૦ના સંદર્ભે આંગણવાડીનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસ માટે તૈયાર કરવા શૈક્ષણિક કિટ સાથે 'મારી વિકાસયાત્રા' પુસ્તિકા આપવામાં આવે છે, જેમાં પી.ટી.સી., બી.એડ. થયા હોય તેવાં વેલ ટ્રેઈન્ડ શિક્ષકો-બહેનોને Instructor તરીકે રાખવામાં આવ્યાં છે. રાજ્ય કક્ષાએ એક સ્ટેટ કન્સલ્ટન્ટ, ૩૩ જિલ્લા કક્ષાના અને ૬ કૉર્પોરેશનના એમ કુલ ૩૯ પ્રિ-સ્કૂલ Instructor અને ૪૨૬ ઘટક કક્ષાના પ્રિ-સ્કૂલ Instructorની પારદર્શક પ્રક્રિયાથી ભરતી કરવામાં આવી છે. પા પા પગલી પ્રોજેક્ટની કુલ ૧૩ બૅચમાં ૩૩ જિલ્લા કક્ષાના અને ૬ કૉર્પોરેશનના કુલ ૪૭૧ Instructorને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ માટે રૂા. ૫૧૨. ૪૨ લાખની રકમની જોગવાઈ કરવામાં આવી છે.

કુપોષણની માતા અને બાળકના સ્વાસ્થ્ય ઉપર દૂરગામી અસર થાય છે. માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં ઊછરી રહેલા બાળકના વિકાસને અવરોધે છે. તે આગળ જતાં બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વિકાસ ઉપર ગંભીર અસર કરે છે. આ બાબતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈને રાજ્યના પાંચ આદિજાતિ જિલ્લાઓ દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદાનાં ૧૦ ICDS ઘટકોમાં ૨૬,૦૦૦ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આપવાની યોજના પાઈલોટ પ્રોજેક્ટ તરીકે વર્ષ ૨૦૧૭થી અમલમાં મૂકવામાં આવી છે. આ વર્ષ ૨૦૨૨-૨૩માં યોજનાનો વ્યાપ વધારી ૧૪ આદિજાતિ જિલ્લાનાં બાકી રહેતાં ૭૩ ICDS ઘટકોમાં તેનો નક્કર અમલ કરવામાં આવશે. ૧.૩૬ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને તેનો લાભ મળશે. આ માટે રૂ. ૧૧૮કરોડની આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતમાં ૩થી ૬ વર્ષનાં બાળકો માટે બાયસેગના માધ્યમથી પૂર્વ પ્રાથમિક શિક્ષણને લગતા કાર્યક્રમોના અભ્યાસક્રમ માટે 'ઉબરે આંગણવાડી' નામની મહત્ત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે. ટેક્નોલૉજીના માધ્યમથી મહિનાના પહેલા અને ત્રીજા સોમવારે 'વંદે ગુજરાત' ચૅનલ અને દૂરદર્શન ઉપર તથા જીઓ ટીવી ઍપ, ફેસબુક અને યુ-ટ્યુબના માધ્યમથી પણ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ચિત્રપોથી, પ્રિ-સ્કૂલ માટેની પુસ્તિકાઓ આંગણવાડી કાર્યકરો દ્વારા ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ચાર મધ્યસ્થ જેલમાં રાખવામાં આવતાં મહિલા કેદીઓનાં બાળકો અને સ્ટાફનાં બાળકો માટે ૧૦૦ ટકા સહાય હેઠળ નવાં ચાર મિની જેલ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આ હેતુ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ માટે કુલ રૂ. ૨,૩૭,૨૮૦ની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. છેવાડાના રણપ્રદેશમાં રહેતાં બાળકોની પણ રાજ્ય સરકારે સુપેરે ચિંતા કરી છે. અગરિયા વિસ્તારના ૩૫૦ જેટલા અગરિયા પરિવારનાં બાળકોને શિક્ષણ આપવા માટે ૧૫ ટેન્ટ 'રણ આંગણવાડી' માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ માટે પર્યાપ્ત આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે જેન્ડર રેશિયો મેઈનટેઈન કરવાની દિશામાં મક્કમ ડગ માંડ્યાં છે. દીકરીઓને સારું શિક્ષણ મળે, દીકરીઓ સુખી થાય, ડ્રૉપ-આઉટ રેશિયો ઘટે તેના માટે દીકરી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી તબક્કાવાર રૂ. ચાર હજાર, રૂ. છ હજાર અને રૂ. એક લાખ એમ કુલ રૂપિયા એક લાખ દસ હજારની આર્થિક સહાય રાજ્ય સરકાર આપશે. વહાલી દીકરી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧,૦૯,૨૬૦ દીકરીઓને આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે. વહાલી દીકરી યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના થકી વિધવા બહેનો પુનઃ લગ્ન કરી સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેમજ માનભેર નવજીવન થકી ગંગાસ્વરૂપા બહેનોમાં નવી ઊર્જાનો સંચાર થશે. સમાજના દૃષ્ટિકોણમાં સુધારાની સાથે સાથે આદર અને સન્માનપૂર્વક તેમનો સ્વીકાર થશે. પુનઃ લગ્ન માટે ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૨૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામીણ નારીશક્તિને સ્વરોજગારથી આર્થિક આધાર આપવા તાજેતરમાં GNFC અને GLPC વચ્ચે MoU થયા, જે અંતર્ગત રાજ્યની ગ્રામીણ મહિલાશક્તિ તથા નાના સીમાંત ખેડૂતો લીંબોળી એકત્રીકરણથી આર્થિક આધાર મેળવતા થશે. GNFCના નીમ પ્રોજેક્ટ અંતર્ગત લીંબોળી એકત્રીકરણ-ખરીદ વ્યવસ્થા, સાબુ, શૅમ્પૂ, હૅન્ડવૉશ, સેનિટાઇઝર જેવી નીમ પ્રોડક્ટના સ્વ-સહાય જૂથો દ્વારા વેચાણ કરવામાં આવશે. મહિલાઓના આરોગ્યની જાળવણી સાથે તેમને આર્થિક અને સામાજિક ગૌરવ અપાવવાની દિશામાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર મક્કમતાપૂર્વક આગળ વધી રહી છે. ●



# મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારના
# ૨૦૦ દિવસમાં વંચિતો, આદિવાસી બાંધવો, દરિદ્રનારાયણોએ ભરી વિકાસની હરણફાળ

દેવાંગ મેવાડા ● નીરવ રાવલ

'શું સ્થિતિ છે...? આપણે કેવી રીતે અસરગ્રસ્તોને મદદ કરવાનું કાર્ય પાર પાડી રહ્યા છીએ એની વિગતે વાત કરો... પૂરગ્રસ્તોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા કાર્યવાહી કરો...' એક મૃદુ સંવેદનાસભર છતાં મક્કમ અવાજે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ શપથ લીધા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર વહીવટી તંત્રને પ્રેરિત કરવા સાથે તેનામાં પ્રાણ પૂર્યા અને રાહતકાર્ય ઝડપભેર પૂર્ણ કરાયું. આવો જ એક કિસ્સો હમણાં બન્યો. ફરી એ જ 'વ્યક્તિ'એ વડોદરાના એકતાનગર તેમજ સુખાલીપુરાના લોકોની વચ્ચે પહોંચી સમસ્યા જાણી તેમના પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ કર્યો. બે અલગ અલગ કિસ્સા, પરંતુ કેન્દ્રસ્થાને જો કંઈ હતું તો તે જનજન માટેની જનનાયકની સંભાળ.

શપથગ્રહણ બાદ પ્રથમ જ બેઠકમાં જામનગરના પૂરપીડિતોને સહાય પહોંચાડવાની વાત હોય કે તાજેતરમાં તેમણે લીધેલી વડોદરા જિલ્લાની અચાનક મુલાકાત, મૃદુહૃદયી, પરંતુ દૃઢ નિર્ણયશક્તિવાળા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના જનમાનસમાં પોતીકા માણસની એક અમીટ છબિ ઊભી કરી દીધી છે. ખૂબ જ ટૂંકા ગાળામાં તેમણે પ્રામાણિકતા, પરિશ્રમ અને પારદર્શિતાનું દર્શન કરાવતા અનેક નિર્ણય અને યોજનાઓ જનસમર્પિત કરી ગુજરાતની ઉન્નતિ માટેની તેમની કર્તવ્યપરાયણતાનો પરિચય આપી દીધો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યકાળને 200 દિવસ પૂર્ણ થયા છે ત્યારે આ સમયમાં તેમની આગેવાનીમાં ગુજરાત સરકારના સોશિયલ સેક્ટર્સ, જેવાં કે શિક્ષણ, આરોગ્ય, જળવ્યવસ્થાપન, ઉદ્યોગો સહિત તમામ ક્ષેત્રોના જનહિતલક્ષી નિર્ણયોથી ગુજરાતના દરેક વર્ગ, દરેક સમાજ અને દરેક વયજૂથને ઊર્ધ્વગામી વિકાસ થયો હોવાની પ્રતીતિ થઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદરેલા ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટેના નિષ્ઠાવાન પુરુષાર્થ અને તેમના સૌમ્ય, સાલસ, સરળ સ્વભાવને સૌ કોઈ એકઅવાજે બિરદાવી રહ્યા છે.



'વંચિતો, ગરીબો, આદિવાસીઓની પડખે અડીખમ સરકાર' આ માત્ર શબ્દો નથી, એનો યથાર્થ પરિચય મેળવવો હોય તો આદિજાતિ વિસ્તારમાં જવું પડે, અનુભવવું પડે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આદિજાતિ વિસ્તારના વૃદ્ધોથી માંડીને યુવાઓને સાંકળતી વિવિધ યોજના થકી સરકારે જનજન સુધી પહોંચવાનો નિષ્ઠાવાન પ્રયાસ કર્યો છે. એક બાજુ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનું ૬૦થી ૮૦ વર્ષની વયના લોકોનું માસિક પેન્શન ૭૫૦થી વધારીને ૧૦૦૦ અને ૮૦ વર્ષથી વધુના નિરાધારોનું માસિક પેન્શન રૂ. ૧૦૦૦થી વધારી રૂ. ૧૨૫૦ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો, તો બીજી તરફ ૩૬ લાખ પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાય રૂ. ૬૦૦થી વધારીને રૂ. ૯૦૦ કરી. શિક્ષણને પ્રાથમિકતા આપતી સરકારે 'ભિક્ષા નહીં શિક્ષા'ના મંત્ર સાથે શહેરના સિગ્નલ પાસે ભિક્ષાવૃત્તિ કરતાં કે અધવચ્ચે શાળા છોડી ગયેલાં દરિદ્ર બાળકોને શિક્ષણ આપવા 30થી વધુ મોબાઈલ સ્કૂલ બસ સાથે 'સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ' શરૂ કર્યો છે.

આદિજાતિના સર્વાંગી વિકાસને વરેલી રાજ્ય સરકારે વન અધિકાર અધિનિયમ અન્વયે ૧૬,૫૭૨ આદિવાસીઓને જમીનના અધિકારો આપવાની સંવેદના દાખવી. આદિજાતિ વિસ્તારોમાં ઑનલાઇન બૅંકિંગ, ઈ-કૉમર્સ, ઑનલાઇન શિક્ષણ સહિતનાં ક્ષેત્રો માટે બે વર્ષમાં ૫૦૦ નવાં મોબાઈલ ટાવર્સ ઊભાં કરવાથી આદિવાસી વિસ્તારોની કાયાપલટ થવા જઈ રહી છે. વનબંધુઓનાં બાળકોને ગુણવત્તસભર શિક્ષણ માટે ૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઑફ એક્સલન્સ શરૂ કરવાના નિર્ણયની સાથે આ હેતુ માટે ૪૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકારે આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં રૂ. ૧ લાખની સહાય વધારી રૂ. ૨.૫૦ લાખ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય રાખવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો. આ ઉપરાંત આવકના દાખલાઓની માન્યતાની મુદત એક વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી છે. સરકારી કામકાજ માટે ઍફિડિવિટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેક્લેરેશન (સ્વપ્રમાણપત્ર)ને માન્યતા આપવાનો જનહિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

સમગ્ર દેશ જ્યારે કોરોનાકાળમાંથી ઊગરવાના પ્રયાસો કરી રહ્યો હતો ત્યારે ગુજરાત સરકારે કોરોનાને નાથવા આરંભેલા જનઆરોગ્યના મહાયજ્ઞને સફળ બનાવ્યો. રાજ્ય સરકારે આદરેલા રસીકરણથી માંડીને ઑક્સિજન ટૅન્ક, આરોગ્ય રથ સહિતનાં પગલાંની નોંધ વૈશ્વિક સ્તરે લેવાઈ. કોરોના વેક્સિનની વ્યાપક અને સઘન કામગીરીના ફળસ્વરૂપે દેશનાં મોટાં રાજ્યોની કૅટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતને 'ઇન્ડિયા ટુડે'ના અવૉર્ડથી સન્માનિત કરાયું છે. કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે અમોઘ શસ્ત્ર સમાન કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની આગવી સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૪.૯૧ કરોડથી વધુ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૪.૭૫ કરોડથી વધુ લોકોને દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો છે.

રાજ્યમાં ૧૫થી ૧૮ વર્ષની વયના યુવાનોનું કોવિડ-19 રસીકરણ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૧૫થી ૧૮ વર્ષની વયના ૩૦.૫૨ લાખથી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૨૪.૭૩ લાખથી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો છે. રાજ્યમાં ૬૦ વર્ષથી વધુ વયના વડીલો, ફ્રન્ટલાઇન વર્કર્સ તેમજ હેલ્થકેર વર્કર્સને અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૨૨.૬૭ લાખથી વધુ પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા છે. કોરોનાને નેસ્તનાબૂદ કરવા રાજ્યમાં ૧૨-૧૪ વર્ષની વયનાં બાળકોના રસીકરણ અભિયાનમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૯

લાખથી વધુ બાળકોને કોવિડ-19 રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને રાખી તકેદારીરૂપે ૪૦૦થી ૫૦૦ મેટ્રિક ટન લિક્વિડ ઑક્સિજન ટૅન્ક અને ૧૦,૮૯૯ ઑક્સિજન કૉન્સન્ટ્રેટર સાથે ૧,૦૩,૫૦૦ ઑક્સિજન બેડ, ૧૫૦૦ આઈસીયુ બેડ, ૯,૭૦૦ વેન્ટિલેટર બેડની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જનઆરોગ્યની સુરક્ષા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરેલા એક નિર્ણયથી ઍર ઍમ્બ્યુલન્સ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. સ્વસ્થ અને સુરક્ષિત ગુજરાત માટે પ્રતિબદ્ધ એવા મુખ્યમંત્રીશ્રીએ સપ્તાહના દરેક શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બીમારીઓના સ્ક્રીનિંગથી સારવારની શરૂઆત કરી ૩ કરોડ ૩૦ લાખ નાગરિકોને આવરી લેવાનું સુદૃઢ આયોજન કર્યું છે. તદઉપરાંત ૪ લાખ ૩૮ હજાર ઉપરાંત નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈડી કાર્ડ અપાયાં છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં અંધત્વનો દર ઘટાડીને ૦.૨૫ ટકા સુધી લઈ જવાના ધ્યેય સાથે મોતિયા-અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશનો પ્રારંભ પણ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કરાવ્યો છે.

ઉત્તમ શિક્ષણ એ સુસંસ્કૃત અને શ્રેષ્ઠ સમાજનો પાયો છે. શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ૨૦૦ દિવસમાં શિક્ષણ ક્ષેત્રે અનેક અભિનવ પહેલ કરી છે. બાળકોમાં સંસ્કાર સિંચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભગવદ્‌ગીતાનો સમાવેશ કરી રાજ્ય સરકારે સુસંસ્કૃત સમાજનાં સર્જનનો પાયો શિક્ષણના માધ્યમથી નાખ્યો છે. નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy 2.0નું લૉન્ચિંગ કરી સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા આર્થિક સહાય આપવામાં આવે છે. ધો. ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાના નિર્ણયથી વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળતો થશે. શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલન્સ યોજનાના સુદૃઢ અમલ સાથે યુનિવર્સિટીઓને વૈશ્વિક હરોળમાં લાવવા ૪ વર્ષનો પરિણામલક્ષી રોડમેપ તૈયાર કરાયો છે. ઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ૫૦ જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કર્યું છે. પાંચ લાખ યુવાનોના કૌશલ્યનિર્માણ માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. આ તમામ પગલાં 200 દિવસ પૂર્ણ કરનાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની દૂરદર્શિતાને દર્શાવે છે.



હવે તો અગ્રેસરતા ગુજરાતનો સ્વભાવ બની ગયો. જળ વ્યવસ્થાપન હોય, આરોગ્ય કે ઔદ્યોગિક ક્ષેત્ર તમામ મોરચે ગુજરાત સદાય અગ્રેસર રહ્યું છે. આજે તો ગુજરાત વિકાસ મૉડેલની દેશ અને દુનિયામાં ચર્ચા છે. ઔદ્યોગિક ક્ષેત્રની પ્રોત્સાહક નીતિ સાથે ગ્રીન એનર્જી અને પર્યાવરણની કાળજી લેવાની ગુજરાતની રીતથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે રોજગારી સર્જન સાથે પર્યાવરણ જાળવણીને પણ મહત્ત્વ આપ્યું છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો અને બૅટરીના મૅન્યુફૅકચરિંગ માટે જાપાનની પ્રમુખ ઑટોમોબાઈલ કંપની સુઝુકી મોટર્સ કૉર્પોરેશન (SMC)એ ગુજરાત સરકાર સાથે MoU સાઈન કર્યા. આ માટે સુઝુકી ગુજરાતમાં રૂ.10,400 કરોડનાં રોકાણો કરશે. ગુજરાતને નેટ ઝીરો કાર્બન ફ્રી બનાવવાના હેતુ સાથે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ૫ લાખ કરોડથી વધુનો રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે એમ.ઓ.યુ. થયા, જે અંદાજિત ૧૦ લાખ રોજગારીનું સર્જન કરશે. ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને POSCO-અદાણી કૉલોબરેશન વચ્ચે ગાંધીનગરમાં 5 બિલિયન ડૉલર સુધીના રોકાણના MoU સંપન્ન થયા. ગુજરાતના મુન્દ્રામાં પર્યાવરણ-મૈત્રીપૂર્ણ એકીકૃત સ્ટીલ મિલની સ્થાપના તેમજ અન્ય વ્યવસાયોમાં વ્યાપક તકોનું નિર્માણ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ગુજરાત સરકારે 200 દિવસના ગાળામાં ઔદ્યોગિક, જળવ્યવસ્થાપન, કૃષિ, આરોગ્ય, શિક્ષણ સહિત સોશિયલ સેક્ટર્સનાં જનહિતલક્ષી લીધેલાં અનેક પગલાં સાથે નિર્ણાયકતા, કુનેહપૂર્વકની વિકાસનીતિથી સફળતા તો મેળવી છે. આની સાથે સાથે જનમાનસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મૃદુભાષી, સાલસ, સૌમ્ય અને સરળ છતાં મક્કમ જનનાયક તરીકે પ્રસ્થાપિત કરી દીધા છે. ●







# ગુજરાતના યુવાનોના સામર્થ્ય વડે નવા ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ થઈ રહ્યું છે

મિનેશ ત્રિવેદી

સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનોને પોતાના ગૌરવશાળી અતીત અને વૈભવશાળી ભવિષ્યની એક મજબૂત કડીના રૂપમાં જોતા હતા. વિવેકાનંદજી કહેતા હતા કે, બધી જ શક્તિ તમારી અંદર છે તે શક્તિને પ્રગટ કરો, તેની ઉપર ભરોસો કરો કે, તમે બધું જ કરી શકો છો. પોતાની જાત પર આ વિશ્વાસ, અશક્ય લાગનારી વાતોને શક્ય બનાવવાનો આ સંદેશ આજે પણ દેશના યુવાનોની માટે એટલો જ પ્રાસંગિક છે, યથોચિત છે. ભારતનો આજનો નવયુવક આ વાતને ખૂબ સારી રીતે સમજી રહ્યો છે, પોતાની જાત ઉપર વિશ્વાસ કરીને આગળ વધી રહ્યો છે.

વિશ્વના સૌથી યુવા દેશ એવા ભારતમાં ૩૫ વર્ષની વય સુધીની જન સંખ્યા ૬૫ ટકા છે. ગુજરાત પણ ૬૫ ટકા ઉપરાંત યુવાશક્તિ ધરાવતુ રાજ્ય છે. યુવાનો ગતિશીલ અર્થતંત્ર અને મજબૂત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાત વિકાસયાત્રાના પાયામાં યુવાશક્તિનું બહુ મોટુ યોગદાન રહેલું છે. કોઈ પણ રાષ્ટ્ર, પ્રદેશ કે રાજ્યની વિકાસ ઈમારત યુવાશક્તિના મજબૂત ખભા ઉપર ઊભી હોય છે. આજનો યુવાન એ આવતીકાલના રાષ્ટ્રનું ભવિષ્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ છતાં મક્કમ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે પરિણામલક્ષી અને નક્કર આયોજન દ્વારા ગુજરાતના યુવાધન માટે પ્રત્યેક હાથને કામના મંત્રને આત્મસાત્ કર્યો છે. રાજ્યના યુવાધનને પ્રગતિના સાચા માર્ગ તરફ વળીને ગુજરાત સરકારે રાજ્યનો બહુઆયામી વિકાસ કર્યો છે.

યુવાનોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકાય તે માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઊર્જાવાન નેતૃત્વ હેઠળ રાજ્યના યુવાનો માટે રોજગાર અને સ્વરોજગારની વિશાળ તકોના દરવાજા ખોલ્યા છે. રાજ્ય સરકાર યુવાશક્તિને વધુ સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. યુવાનોને સ્વરોજગારી તથા ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરવા રાજ્ય સરકારે નીતિ જાહેર કરી છે. ગુજરાતનો યુવાન જૉબ સિકર નહીં, પણ જૉબ ગિવર બની રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવા તત્પર છે. ગુજરાતના યુવાનોના હાથને યોગ્ય કામ

અને મહેનતને યોગ્ય દામ મળે તે માટે ગુજરાતે પરિણામલક્ષી કામગીરી આદરી છે, તે જાણવા માટે રાજ્ય સરકારના નિર્ણયો અને કાર્યો ઉપર દૃષ્ટિપાત કરવો રહ્યો.

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારનું મૂલ્ય ખૂબ ઊંચું છે અને વ્યક્તિ સંસ્કારથી જ પોતાનાં ઉચ્ચતમ મૂલ્યોને હાંસલ કરે છે એટલે જ બાળકોમાં સંસ્કારસિંચનને પ્રાધાન્ય આપવા માટે રાજ્ય સરકારે શિક્ષણમાં ભગવદ્‌ગીતાનો સમાવેશ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ડિપ્લોમાં થયેલો યુવાન ઉચ્ચ અભ્યાસ સરળતાથી કરી શકે તે માટે ધોરણ 10 પછીના ડિપ્લોમાં તેમજ ડિપ્લોમામાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાનો નિર્ણય કરાયો છે. છેવાડામાં વસતા યુવાનોની ગુણવત્તાયુક્ત વૈશ્વિક ટેક્નોલોજી સાથે શિક્ષણ મળે તે માટે રાજ્યની શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો છે અને રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

આઈટી ક્ષેત્રમાં વર્ષે 25 હજાર કરોડની નિકાસના લક્ષ્ય સાથે ગુજરાતમાં IT અને ITes પૉલિસી જાહેર કરવામાં આવી છે. તેના લીધે આગામી પાંચ વર્ષમાં 2 લાખ નવી રોજગારીની તકો રાજ્યમાં નિર્માણ થશે. નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy 2.0નું લૉન્ચિંગ થયું જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારના આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે. ગુજરાત સરકાર દ્વારા બાયોટેક્નોલૉજી પૉલિસી 2022-27ની જાહેરાત કરવામાં આવી છે. આ નવી બાયોટેક્નોલૉજી પૉલિસી ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે. આ પૉલિસી અંતર્ગત સ્પેશિયલ પ્રોજેક્ટસને સહાય અને સપોર્ટ આપવામાં આવશે અને 1 લાખ નવી રોજગારીનું સર્જન થશે.

ગુજરાત સરકારે વર્ષ 2022થી વર્ષ 2027 માટે નવી રમતગમત નીતિ (Sports Policy) જાહેર કરી છે, જેનાથી ગુજરાતમાં ભવિષ્યની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ માટેનો માર્ગ મોકળો કર્યો છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપવા માટે ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

કોરોનાના કપરા કાળને કારણે જે યુવાનોને ઉંમર વધી ગઈ હતી અને સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠરતા હતા તેમને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો યુવાહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. યુવાનો રાજ્યના હેરિટેજને જાણે, હેરિટેજનું સંરક્ષણ કરે અને સાથે જ હેરિટેજ ટુરીઝમ દ્વારા રોજગારીનું સર્જન થાય તે માટે હેરિટેજ પૉલિસીની જાહેરાત કરી છે.

રાજ્ય સરકારના 'હર હાથ કો કામ, હર ખેતકો પાની' સ્વપ્નને સાકાર કરવા માટે રાજ્યમાં કુલ ૪૬ રોજગાર કચેરીઓ દ્વારા રોજગારલક્ષી વિવિધ સેવાઓ આપવામાં આવે છે. ભારત સરકારના શ્રમ રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત અહેવાલ મુજબ રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રે છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન ૧૭,૩૧,૭૫૯ ઉમેદવારોને તેમજ ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં ૨,૪૧,૪૭૭ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.





ગુજરાત રાજ્યમાં ઉદ્યોગીકરણ તથા ઉપલબ્ધ રોજગારીની તકો તથા રાજ્ય સરકારના ઉત્તમ પ્રયત્નોના કારણે રાજ્યમાં બેરોજગારી સતત ઓછી રહી છે. મિનિસ્ટ્રી ઑફ સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (MOSPI), ભારત સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૧માં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર તમામ વયજૂથમાં ગુજરાતનો બેરોજગારીનો દર ફક્ત બે ટકા છે, જે દેશનાં તમામ રાજ્યોમાં સૌથી નીચો છે.

આ સિદ્ધિઓ હાંસલ કરવા માટે સરકાર દ્વારા વિવિધ પહેલ કરે છે, જેવી કે રાજ્યના કોઈ પણ વિસ્તારનો ઉમેદવાર રોજગાર કચેરી સાથે સીધો સંપર્ક કરી શકે તે હેતુથી કૉલ સેન્ટરની સુવિધા ઊભી કરાઈ છે. આ સેવાને યુવાનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે, જેનો લાભ એક લાખથી વધુ યુવાનોએ લીધો છે. આ પૉર્ટલ થકી યુવાનો તેઓની લાયકાતને અનુરૂપ રોજગારી પણ મેળવે છે. રાજ્યના ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે માટે રાજ્યમાં આવેલા ઉદ્યોગોમાં કામદાર વર્ગની ઓછામાં ઓછી 85%, સુપરવાઈઝર કક્ષાની ઓછામાં ઓછી

60% અને એકંદરે 85% જગ્યાઓ સ્થાનિકોથી ભરવાની નીતિ અમલમાં મૂકી છે.

ઉમેદવારોને અને નોકરીદાતાઓને એક મંચ ઉપર એકત્રિત કરી નોકરીદાતાઓને કુશળ માનવબળ તથા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવા માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે. રાજ્યનો યુવાન કૌશલ્ય સાથે રોજગાર મેળવે તે માટે રાજ્યના દરેક તાલુકાઓમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ થકી રાષ્ટ્રીય - રાજ્યકક્ષાના વિવિધ પ્રકારના 125 અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી યુવાનોમાં હૅન્ડ્સઑન તાલીમ મળી રહે તે માટે ભારત સરકારે નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ વર્ષ 2016થી અમલમાં મૂકી હતી. તમામ રાજ્યોમાં ગુજરાતે પહેલ કરી, તેના હેતુને અનુસરતી મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ તાલીમ યોજના શરૂ કરી વધુમાં વધુ યુવાનો એકમોમાં જઈ તાલીમની સાથે સ્ટાઈપેન્ડ મેળવી તેમની સ્કિલ અને અનુભવમાં વધારો કરે છે. આ યોજનામાં ગુજરાત ભારતભરમાં અવ્વલ નંબર છે. રાજ્યમાં હાલ કુલ 288 સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે, જે માટે વર્ષ 2022-23માં કુલ રૂ. 190 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.





તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત અને વર્તમાન ટેક્નોલોજી મુજબની અત્યાધુનિક તાલીમ ઉપલબ્ધ કરાવવાના આશયથી તાલીમાર્થીઓને વર્ચ્યુઅલ તાલીમ આપવા AR-VR લેબ બનાવી તાલીમ આપવા માટે કુલ રૂ. 15 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના યુવાધનને કૌશલ્ય સાથે શિક્ષણ અને દરેક યુવાનને કૌશલ્ય મળી રહે તે માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય નીતિને અનુસરી વર્તમાન ટેક્નોલૉજીને અનુરૂપ રાજ્યમાં ડ્રૉન ટેક્નોલૉજીનો વ્યાપ વધ્યો છે, જેથી કૌશલ્ય તાલીમ માટેના End to End ડ્રૉન ટેક્નોલૉજીને અનુરૂપ નવીન કોર્સીસ શરૂ કરવા માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી ખાતે અદ્યતન સ્કૂલ ઑફ ડ્રૉન શરૂ કરવા વર્ષ 2022-23નાં બજેટમાં રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં જરૂરિયાત આધારિત ૫૧ પ્રકારના ટૂંકા ગાળાના new age courses જે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર ટેક્નોલૉજી તથા અદ્યતન મૅન્યુફૅક્ચરિંગ સંબંધિત કૌશલ્યબળ પૂરું પાડે તેવા અભ્યાસક્રમો માટેની મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના (MBKVY) અંતર્ગત રૂ. ૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ કુશળ માનવબળ તૈયાર કરવા માટે 'ઈન્ડસ્ટ્રી દ્વારા, ઈન્ડસ્ટ્રી માટે, ઈન્ડસ્ટ્રી ખાતે' કૉન્સેપ્ટ આધારિત સંકલ્પ પ્રોજેક્ટની રાજ્ય સરકાર દ્વારા શરૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં સ્કિલ ઈકોસિસ્ટિમ મજબૂત કરવા માટે ભારત સરકાર દ્વારા 'Skill Acquisition and Knowledge Awareness for Livelihood promotion (SANKALP)' માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આજે ગુજરાતનો યુવાન નવી નવી ઍપ્સ બનાવી રહ્યો છે, જેથી પોતાની જિંદગી પણ સરળ થઈ જાય અને રાજ્ય તેમજ દેશવાસીઓની પણ મદદ થઈ શકે. આજે દેશનો યુવાન હેકેથોનના માધ્યમથી, ટેક્નોલૉજીના માધ્યમથી, રાજ્ય અને દેશની હજારો સમસ્યાઓમાં યોગદાન આપી રહ્યો છે, ઉકેલ મેળવી રહ્યો છે, આપી રહ્યો છે. આજે ગુજરાતનો યુવાન બદલાતા નોકરીના સ્વરૂપને અનુસાર નવાં નવાં સાહસો શરૂ કરી રહ્યો છે, પોતે કામ કરી રહ્યો છે, જોખમ ઉઠાવી રહ્યો છે, સાહસ કરી રહ્યો છે અને બીજાઓને પણ કામ આપી રહ્યો છે. સૌમ્ય અને સહજ, પરંતુ પરિશ્રમી અને નિષ્ઠાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન ટીમ ગુજરાત યુવાનોની સાથે છે, યુવા જુસ્સા અને યુવા સપનાંઓની સાથે છે. યુવાનોની સફળતાથી સશક્ત, સક્ષમ અને સમૃદ્ધ ગુજરાતના સંકલ્પો સિદ્ધ કરશે.

ગુજરાતનો નવયુવાન રાજ્ય સરકારની વિવિધ યોજનાના સથવારે નેતૃત્વ લેવા માટે આગળ આવી રહ્યો છે. સ્વચ્છ ભારત અભિયાનની વાત કરીએ તો તેનું નેતૃત્વ આપણા યુવાનોએ સુપેરે લીધું છે. રાજ્યનો યુવાન પોતાની આસપાસ, ઘર, મહોલ્લા, શહેર, સમુદ્રતટ પરથી ગંદકી, પ્લાસ્ટિકને દૂર કરવાનાં કામમાં અગ્ર હરોળમાં જોવા મળે છે. ગુજરાતના યુવાનોના સામર્થ્ય વડે નવા ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ થઈ રહ્યું છે. એક એવું નવું ગુજરાત કે જેમાં વેપાર કરવાની સરળતા પણ હોય અને જીવન જીવવાની સરળતા પણ હોય. એક એવું નવું ગુજરાત કે જેમાં લાલ બત્તી કલ્ચર નહીં, જેમાં દરેક મનુષ્ય એકસમાન હોય, દરેક વ્યક્તિ મહત્ત્વપૂર્ણ હોય. એક એવું નવું ગુજરાત કે જેમાં અવસર પણ હોય અને ઊડવા માટે આખું આકાશ પણ હોય. ●



## જળવ્યવસ્થાપન -જળસંચયનું જનઅભિયાન...

# સુજલામ્ સુફલામ્...

જળ જીવનનો આધાર છે, જળ છે તો બધું જીવંત છે. જળ વિના બધું જ જડ છે. જળ જીવનનો શણગાર છે. મઘમઘતા ઉપવન, હરિયાળી, વૃક્ષો - ફૂલોના ઉઘાડમાં મૂળ તત્ત્વ તો જળ જ છે. જળની વાત આવે એટલે મહાત્મા ગાંધીજીના જીવનનો પ્રસંગ યાદ આવ્યા વિના ન રહે.

મહાત્મા ગાંધીજી કરકસરપૂર્વક જીવન જીવતા. આશ્રમની સામે ખળખળ વહેતી સાબરમતી નદીમાંથી તેઓ માત્ર ખપ પૂરતું એક લોટો પાણી જ દાતણ માટે વાપરતા. અને કહેતા આ સહિયારી મિલકતમાંથી ખપ પૂરતા જ પાણીનો ઉપયોગ કરીશ. મહાત્મા ગાંધીજીએ વર્ષો પહેલાં પાણીની બચત અને કરકસરપૂર્વક ઉપયોગ અંગે વ્યક્ત કરેલા પોતાના વિચારો આજે પણ એટલા જ સાંપ્રત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરના કોલવડા ગામેથી કરાવ્યો હતો.

રાજ્યમાં અનિયમિત અને અપૂરતી માત્રામાં વરસાદ પડે છે. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો કરવા માટે સમગ્ર રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષથી આ અભિયાન ચલાવવામાં આવે છે. ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા તથા જ્યાં જેટલો વરસાદ થાય ત્યાં જ તેનો સંગ્રહ થાય તેવા ઉમદા હેતુસર લોકજાગૃતિ કેળવવા વર્ષ ૨૦૧૮થી આ જળઅભિયાન ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવે છે.મુખ્યમંત્રીશ્રીએ પાણીને વિકાસનો મુખ્ય આધાર ગણાવતાં આ પ્રસંગે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળશક્તિનો મહિમા કરીને તેને જનશક્તિ સાથે જોડીને ગુજરાતને વૉટર ડેફિસિટ સ્ટેટમાંથી વૉટર સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે.

**સુજલામ-સુફલામ જળ અભિયાન પાંચમો તબક્કો**

- **૩૧ મે-૨૦૨૨ સુધી ચાલનારા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧૩ હજારથી વધુ જળ સંચય-જળ સંગ્રહના કામો હાથ ધરાશે.**
- **જળ સંગ્રહ શક્તિમાં ૧૫ હજાર લાખ ઘનફૂટનો અંદાજીત વધારો થશે.**
- **૨૫ લાખથી વધુ માનવદિન રોજગારી મનરેગા કામોથી મળશે.**

ચેકડૅમ, બોરીબંધ, સુજલામ-સુફલામ યોજના, નર્મદા કેનાલ નેટવર્ક, સૌની યોજના જેવા જળસંચય, જળસિંચન અને જળસંગ્રહ આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચ્યું છે. આ સુજલામ સુફલામ અભિયાનને પરિણામે ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે અને માત્ર માનવી જ નહિ, પશુપંખી સૌને પૂરતું પાણી મળતું થશે. આપણે પાણી બચાવી, વીજળી બચાવી દેશસેવા કરી શકીએ, એટલું જ નહીં, જળ આત્મનિર્ભરતા દ્વારા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સાકાર કરવા પણ તેમણે પ્રેરણા આપી હતી. રાજ્ય સરકાર પાણીની સમસ્યા કે મુશ્કેલી લોકોને ન રહે તે માટે જળવ્યવસ્થાપનનાં આયોજનોથી સતત સજાગ છે.

રાજ્યમાં ૨૦૨૨ના અંત સુધીમાં હરેક ઘરને નલ સે જલની ૧૦૦ ટકા નેમ સાકાર કરવાની પ્રતિબદ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી.





**સુજલામ-સુફલામ જળ અભિયાન : ચાર વર્ષની ફળશ્રુતિ**

- **૪૬૬૯૮ કામો-૫૦૩૫૩ કિ.મીટર લંબાઇમાં નહેરો - કાંસની સફાઇ.**
- **જળ સંગ્રહ શક્તિમાં ૬૧૭૮૧ લાખ ઘનફૂટની વૃદ્ધિ.**
- **૨૧૪૦૨ તળાવો ઊંડા કરવાના અને નવા તળાવોના કામો.**
- **૧૫૬.૯૩ લાખ માનવદિન રોજગારી ઊભી થઇ.**

પાણી પરમેશ્વરનો પ્રસાદ અને પારસમણિ છે. ભગવાન મહાવીરે પણ પાણીનો 'ઘી'ની જેમ ઉપયોગ કરવાની શીખ આપેલી છે તેને સૌએ અપનાવી પાણીનો વ્યય અટકાવવો અને જળસંચય કરવો એ સમયની માગ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઓછા પાણીએ તથા રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવી સાચા અર્થમાં ધરતીમાતાને સુફલામ સુજલામ બનાવવા આ અભિયાનમાં વધુ ને વધુ લોકો જોડાય તેવું પ્રેરક આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કોલવડા ગામના તળાવને ઊંડું કરવાની કામગીરીનો આરંભ કરાવી આ જળઅભિયાન વિધિવત્ રીતે શરૂ કરાવ્યું હતું.

પાંચમા તબક્કાના આ સુજલામ સુફલામ જળ અભિયાન અન્વયે તા. ૩૧ મે, ૨૦૨૨ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૩ હજારથી વધુ કામ હાથ ધરવામાં આવશે. તળાવો ઊંડાં કરવાં, ચેકડૅમના ડિસિલ્ટિંગનાં કામો, જળાશયના ડિસિલ્ટિંગનાં કામો, નદીઓના કાંસની સાફ-સફાઈ કરી પુનઃ જીવિત કરવાનાં કામો, ચેકડૅમ રિપેરિંગ તેમજ નવા ચેકડૅમ જેવાં જળસંચયનાં કામો સુજલામ સુફલામ જળઅભિયાન હેઠળ કરવામાં આવે છે. આ વર્ષે આવાં કામો દ્વારા જળસંગ્રહ શક્તિમાં ૧૫ હજાર લાખ ઘનફૂટ જેટલો વધારો થવાનો અંદાજ છે. મનરેગા હેઠળ થનારાં કામોમાં આ અભિયાન અંદાજે ૨૫ લાખ કરતાં વધુ માનવદિન રોજગારી પૂરી પાડશે.

રાજ્યમાં આ જળઅભિયાનના ચાર તબક્કા જનસહયોગથી જ્વલંત સફળતાને વર્યા છે. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૧નાં વર્ષોમાં સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત ૫૬,૬૯૮ કામો થયાં છે. ૨૧,૪૦૨ તળાવો ઊંડાં કરવાનાં અને નવાં તળાવોનાં કામો તથા ૧૨૦૪ નવા ચેકડૅમનાં કામો અને ૫૦,૩૫૩ કિલોમીટર લંબાઈમાં નહેરો અને કાંસની સાફ-સફાઈનાં કાર્યો કરવામાં આવ્યાં છે. ૪ વર્ષમાં આ કામોના પરિણામે કુલ ૬૧,૭૮૧ લાખ ઘનફૂટ જેટલો જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે. આ ઉપરાંત ૧૫૬.૯૩ લાખ માનવદિન રોજગારી ઊભી થઈ છે.

ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, રાજ્યમાં વરસાદની વહેંચણીમાં અસમાનતા છે. પરિણામે ભૂર્ગભજળનો વપરાશ વધી ગયો છે. પાણીના વપરાશ અંગે જાગૃત્તિ લાવવા અને પાણીની સંગ્રહશક્તિ વધારવા માટે વર્ષ- ૨૦૧૮થી સમગ્ર રાજ્યમાં આ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. કોરાનાકાળમાં પણ આ અભિયાન ચાલુ રાખવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશભાઈ મકવાણાએ

જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં ચાર વર્ષમાં ૬૫૮ કામો કરવામાં આવ્યાં છે, જેમાં તળાવ અને ચેકડૅમ ઊંડાં કરવાનાં ૩૮૯ કામો, ખેતતળાવડી અને વનતળાવડીનાં ૬૩ કામો અને અન્ય જળસંચયનાં કામો, જેવાં કે વરસાદી પાણીની લાઇનની સાફસફાઈ, રેઈન વૉટર હાર્વેસ્ટિંગની કામગીરી, નદીઓનું શુદ્ધીકરણ વગેરેનાં ૨૦૬ કામો કરવામાં આવ્યાં છે. જિલ્લા જળસંગ્રહશક્તિમાં કુલ- ૬૧૭ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે.

આ અભિયાનના આરંભ પ્રસંગે દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમૅન શ્રી જસવંતભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, જળ સંપત્તિ સચિવ શ્રી કે. એ. પટેલ સહિત અનેક મહાનુભાવો અને કોલવડા ગામના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



**વડોદરા :** મહેસૂલ અને કાયદામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના રવાલ ગામે જમીનની જળસમૃદ્ધિ સુધારવા અને ચોમાસું પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટેના સુજલામ સુફલામ જળસંચય અભિયાનના પાંચમા સોપાનનો ધરતીમાતાના પૂજનથી પ્રારંભ કરાવ્યો હતો. અભિયાન હેઠળ ૨.૧૩ હેક્ટરમાં પથરાયેલા આ ગામતળાવમાંથી ૫ હજાર ઘનમીટર માટી ખોદી, તળાવને ઊંડું કરીને જળસંગ્રહક્ષમતામાં ૫૦ લાખ લિટરનો વધારો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી તળાવની કાંપયુક્ત જમીન ખેતરોમાં પાથરવાથી ફળદ્રુપતા વધશે અને તળાવનાં કામમાં રોજગારી પણ મળશે.

**ભાવનગર :** શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ભાવનગર જિલ્લાના વરતેજ ખાતેથી સુજલામ-સુફલામ જળઅભિયાનના પાંચમા ચરણનો પ્રારંભ કરાવ્યો હતો. શિક્ષણમંત્રીશ્રીએ જિલ્લા કક્ષાના સુજલામ-સુફલામ જળ અભિયાનની શરૂઆત કરવાના પ્રસંગે જાતે જે.સી.બી. મશીનની કમાન સંભાળીને આ અભિયાનની શરૂઆત કરાવી હતી. પોતે જે



નદીમાં નાનપણમાં છબછબિયાં કરવાનો આનંદ ઉઠાવ્યો હતો તે માલેસરી નદી ખાતેથી શરૂ થયેલા જળઅભિયાન અંતર્ગત તેમણે સમાજના એક અદના નાગરિક તરીકેની ફરજ નિભાવતાં પોતે જે.સી.બી. મશીન પર સવાર થઈને જે.સી.બી. મશીન ચલાવ્યું હતું. આ અભિયાન હેઠળ ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કાંસસફાઈ, તળાવ ઊંડાં કરવાં, જમીન પાળા, ખેતતળાવડી, ચેકડૅમ, કેનાલ ડિસિલ્ટિંગના આશરે રૂ. ૧,૭૬૪ લાખનાં કુલ - ૬૬૭ કામો હાથ ધરવામાં આવશે.

**મહેસાણા :** જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાનના પાંચમા તબક્કાનો વિસનગરના દેણપ ખાતેથી વિધિવત્ શુભારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ આ અભિયાનની ફળશ્રુતિ લોકો સમક્ષ મૂકતાં



કહ્યું હતુ કે, વર્ષ ૨૦૧૮થી આરંભાયેલું જળઅભિયાન જનભાગીદારીથી જનઅભિયાન બન્યું છે, ધરોઇથી સંતસરોવરમાં પણ અંદાજિત ૮૮૦ કરોડના ખર્ચે વિવિધ ચેકડૅમમાં પાણી પહોંચાડીને સાબરમતીને જીવંત કરવા માટે સુદૃઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૧માં નર્મદા આધારિત પાઈપલાઈનો દ્વારા ૧૫૮ ગામનાં ૨૩૭ તળાવોને ભરવામાં આવ્યાં છે. સુજલામ સુફલામ કેનાલમાં કુલ ૨૦૫૦ મિલિયન ઘનફૂટ પાણી નાખી ખેડૂતોને પૂરક સિંચાઈનો લાભ આપવામાં આવ્યા છે.

**સુરત :** સુજલામ સુફલામ જળસંચય અભિયાનના પાંચમા તબક્કાના ભાગરૂપે માર્ગ અને મકાન મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદીએ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાણેથા ગામેથી તળાવો ઊંડાં કરવાના કામનો પ્રારંભ કરાવ્યો હતો. સુરત જિલ્લામાં આ વર્ષે લોકભાગીદારી, મનરેગા તથા વૉટરશેડ, વનવિભાગ, નગરપાલિકા વિસ્તારોમાં રૂ. ૧૧.૭૮ કરોડના ખર્ચે ૨૧૫ જેટલાં જળસંચયનાં કામો સાકારિત કરવામાં આવશે, જેમાં તળાવો ઊંડાં કરવા, ચેકડૅમ તથા જળાશયોનું ડિસિલ્ટિંગ, કાંસ સાફસફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે.  માંગરોળ તાલુકાના પાણેથા ગામે મંત્રીશ્રીના હસ્તે શરૂ થયેલા તળાવનું કાર્ય ૧૦૦ ટકા લોકભાગીદારીથી સાકાર થશે.સુજલામ સુફલામ જળઅભિયાનની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવામાં આવી હતી, જે અંતર્ગત રાજ્ય સરકારને ૨૦૨૦ના વર્ષમાં પ્લેટેનિયમ તથા ૨૦૨૧ના વર્ષમાં ગોલ્ડ કૅટેગરીમાં સ્કોચ અવૉર્ડ એનાયત થયો હતો.



**જામનગર :** કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે જામનગર જિલ્લાના ખીજડિયા ખાતેથી ગામતળાવને ઊંડાં ઉતારવાના કામનો પ્રારંભ કરાવી જિલ્લા કક્ષાના સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૨૦૨૨ના પાંચમા તબક્કાની શરૂઆત કરાવી હતી. જળસંચયના આ મહાઅભિયાન હેઠળ જામનગર જિલ્લામાં અંદાજિત રૂ. ૧૬ કરોડના ખર્ચે ૬૯૨ સ્થળોએ જળસંચયનાં વિવિધ કામો હાથ ધરવામાં આવનાર છે.  જામનગર જિલ્લામાં



મનરેગા હેઠળ ૫૫૯, લોકભાગીદારી હેઠળ ૧૦૫ તથા જિલ્લાના તમામ વિભાગીય કક્ષાએથી લેવામાં આવેલાં ૨૮ કામો મળી કુલ ૬૯૨ જળસંચાયનાં કામો હાથ ધરવામાં આવનાર છે, જે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૫૨૩.૬૬ તથા લોકભાગીદારીના ૯૦.૩૪ લાખનો ખર્ચ મળી કુલ રૂ.૧૬૧૪ લાખનો આ કામ માટે ખર્ચ કરવામાં આવશે.



**વલસાડ :** વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન-૨૦૨૨ અંતર્ગત તળાવ ઊંડાં કરવાના અને નદી પુનઃ જીવિત કરવાનાં કામોનાં ખાતમુહૂર્ત નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી શ્રી કનુભાઇ દેસાઈના  હસ્તે પારડી તાલુકાના ખડકી ગામે ઓલિયું તળાવ ખાતેથી કરાયો હતો. સુજલામ સુફલામ જળઅભિયાન - ૨૦૨૨ અંતર્ગત વલસાડ જિલ્લામાં રૂ. ૧૨૪૭.૯૮ લાખના ખર્ચે તળાવો ઊંડાં કરવા, ચેકડૅમ અને જળાશય ડિસિલ્ટિંગ, ચેકડેમ રિપેરિંગ વગેરે કામોનો સમાવેશ થાય છે. આ અભિયાન અંતર્ગત ૨૦૧૮માં રૂ. ૮૪૭.૨૨ લાખના ખર્ચે ૮૨૫ કામો, ૨૦૧૯માં રૂ. ૮૮૨.૧૪ લાખના ખર્ચે ૫૫૨ કામો, ૨૦૨૦માં રૂ. ૯૪૬.૭૮ના ખર્ચે ૩૬૦ કામો તેમજ ૨૦૨૧માં ૧૧૪૩.૮૯ લાખના ખર્ચે ૫૩૨ કામો કરાયાં હતાં.



**સુરેન્દ્રનગર :** ધ્રાંગધ્રા તાલુકાના વ્રજપર ખાતેથી તળાવ ઊંડું કરવાના કામનું ખાતમુહૂર્ત કરીને વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ ‘સુજલામ સુફલામ’ જળઅભિયાન-૨૦૨૨નો

શુભારંભ કરાવ્યો હતો. નર્મદાનું પાણી દરેકના ખેતર સુધી પહોંચાડવાની નેમ સાથે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે તેમ જણાવી મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, પહેલાં જિલ્લામાં વરસાદ આધારિત ખેતી થતી હતી, પણ હવે સિંચાઈ માટે નર્મદાનું પાણી મળવાથી ખેડૂતો સીઝનમાં બે-ત્રણ પાક લઈ રહ્યા છે. સુજલામ સુફલામ જળ અભિયાન થકી પાણીનો સંગ્રહ મોટા પ્રમાણમાં થવાથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે.



**નવસારી :** નવસારી જિલ્લાના ખડસુપા ખાતે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલે સુજલામ સુફલામ જળઅભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. નવસારી જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત નહેર સફાઈ, કાંસ સફાઈ, નવા ચેકડૅમ મળી કુલ-૧૪૦ કામો રૂ. ૮૪૧ લાખ, વનવિભાગનાં ૬૬ કામો રૂ. ૧૭૭ લાખ, નગરપાલિકાનાં ૧૦૨ કામો રૂ.૮૨ લાખ તેમજ જળસંચયનાં ૬૬૯ કામો રૂ.૨૨.૭૩ કરોડના ખર્ચે કરવામાં આવ્યાં છે. મનરેગા યોજના હેઠળ ૮૨૮૯ લોકોને રોજગારી મળી છે.

**અમદાવાદ :** અમદાવાદના બાવળા તાલુકાના જુવાલ રૂપાવટી ગામે જિલ્લા કક્ષાના ‘સુજલામ સુફલામ જળઅભિયાન-૨૦૨૨’નો પ્રારંભ કરાવતાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે આહ્વાન કર્યું હતું કે, ‘આપણે પ્રત્યેક પાણીના ટીપાનો સંગ્રહ કરીએ અને લોકભાગીદારી થકી આ જળસંચય અભિયાનને સફળ બનાવીએ.’ જળસંચય અભિયાનનો



## પ્રાંતિજના તખતગઢ ગામે પાણીનું પાણીદાર વ્યવસ્થાપન

સામાન્ય રીતે ઉનાળો આવતાં જ દરેક ગામોમાં પાણીની સમસ્યા શરૂ થઈ જ જતી હોય છે, પરંતુ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામમાં હવે પાણીની પળોજણ ભૂતકાળ બની ગઈ છે. ગુજરાતનું આ એકમાત્ર ગામ છે, જ્યાં વર્ષના ૩૬૫ દિવસ ૨૪ કલાક પાણી મળી રહે છે. ભારત સરકાર દ્વારા પશ્ચિમ ઝોનની શ્રેષ્ઠ પંચાયત તરીકે પસંદગી કરી તેને રાષ્ટ્રીય કક્ષાનો નાનાજી દેશમુખ અવૉર્ડ મેળવ્યો છે. સાથે સાથે આ ગામને અન્ય સાત અવૉર્ડ પણ મળ્યા છે.

તખતગઢના સરપંચ શ્રી નિશાંતભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગામમાં ૨૫૦૦ની વસ્તી છે. ગુજરાતનું એકમાત્ર એવું ગામ કે જ્યાં ચોવીસ કલાક પાણીની સુવિધા આપવામાં આવી છે. ગ્રામજનો પાણીનો બગાડ ના કરે તે માટે પાણીનાં મીટર લગાવ્યાં છે. જ્યારથી મીટર લાગ્યાં છે ત્યારથી પાણીનો બગાડ બંધ થઈ ગયો છે. પાણી સમિતિનાં સભ્ય રસીલાબહેન પટેલ જણાવે છે કે, ગામમાં પાણીની તંગી નિવારવા સમગ્ર ગ્રામજનોએ એકઠા થઈને નિર્ણય કર્યો. એમાં રાજ્ય સરકારની 'વાસ્મો'ની મદદ મળી એક લાખ લીટર પાણીનો ટાંકો બનાવાયો. તો મીટર પાણીની લાઇનો સહિતનો ખર્ચમાં પણ સરકારે મદદ કરી અને એના પ્રતાપે ઘરે ઘરે પાણીની સુવિધા મળી રહી છે. આ ગામની અનોખી પહેલને સરકારે પણ બિરદાવી છે અને ભારત સરકારે પશ્ચિમ ઝોન શ્રેષ્ઠ ગ્રામપંચાયતનો અવૉર્ડ પણ આપ્યો છે. એક સમયે પાણીની તાણ અનુભવતું તખતગઢ પાણીના પાણીદાર આયોજનના પ્રતાપે ભરઉનાળે પણ પાણીની તંગી અનુભવતું નથી. તદઉપરાંત મહિલાઓને પાણી માટે કરવી પડતી રઝળપાટમાંથી મુક્તિ મળી છે.



લાભ અમદાવાદનાં ૬૯૬ ગામને મળશે તેમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આપણાં ગામડાંઓ ખેતી પર આધારિત છે અને ખેતીને બારેમાસ પાણી મળી રહે તે માટે જળસંગ્રહ જરૂરી છે.

**પાટણ :** પાટણના ચાણસ્મા તાલુકાના ચવેલીથી સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તળાવ ઊંડું કરવાની કામગીરી શરૂ કરાવી સુજલામ સુફલામ જળઅભિયાનના પાંચમા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું કે, સુજલામ સુફલામ યોજના અંતર્ગત જિલ્લામાં રૂ. 22 કરોડથી વધુના ખર્ચે તળાવો ઊંડાં કરવાં, ખેતતળાવડીઓ બનાવવી, નદી-નાળાંની



સફાઈ સહિતનાં 486 જેટલાં કામ હાથ ધરવામાં આવશે. વરસાદી પાણીનો સંગ્રહ થતાં ભૂગર્ભ જળસ્તરમાં પણ વધારો થશે. ચાણસ્માના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે ભૂગર્ભ જળને દૂષિત થતાં અટકાવવા યુરિયા ખાતરનો ઉપયોગ ટાળી પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને અપીલ કરી હતી.

**મોરબી :** મોરબીના માળિયા (મીં) તાલુકાના વેજલપરથી ‘સુજલામ સુફલામ’ જિલ્લાકક્ષા જળ અભિયાન-૨૦૨૨નો પ્રારંભ પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, મોરબી-માળિયા તાલુકામાં નર્મદાની મોરબી-માળિયા-ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ મારફત સિંચાઈ



માટેનું પાણી આપવામાં આવી રહ્યું છે. જે ગામોમાં નર્મદાનું સિંચાઈ માટેનું પાણી મળતું નથી તેવાં ગામોને આવરી લઈ નર્મદાનાં નીર સિંચાઈ માટે મળતાં થાય તેવું આયોજન છે.

**ડાંગ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ભીસ્યા ગામે 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો પાણીપુરવઠા રાજ્યમંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ પ્રારંભ કરાવ્યો હતો. ડાંગ જિલ્લામાં વર્ષ



૨૦૨૨ના સુજલામ સુફલામ જળઅભિયાનમાં રૂ.૬૪૮.૯૭ લાખનાં ૭૩ કામો થકી ૨૫૦.૫૧ લાખ લિટર પાણીનો સંગ્રહ થશે અને ૪૮૩ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ અભિયાન અંતર્ગત જળ સંપતિ વિભાગ દ્વારા જિલ્લામાં ચેકડૅમ અને સંગ્રહ તળાવ રિપેરિંગ તથા ઊંડાં કરવાનાં કુલ રૂ. ૬૪૮.૯૭ લાખનાં ૭૩ કામો સહિત કુલ રૂ. ૮૩૭.૫૨ લાખના ખર્ચે ૧૯૮ કામો હાથ ધરાનાર છે.



**તાપી :** તાપીના વ્યારા તાલુકાના કાટીસકુવા(નજીક) ગામ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૨નો કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ જળઅભિયાન -૨૦૨૨ અંતર્ગત અંદાજિત રૂ.૧૩.૭૦ કરોડના ખર્ચે ૨૩૭ કામો હાથ ધરાશે. તાપી જિલ્લામાં ચેકડેમ રિપેરિંગ, તળાવ ઊંડાં કરવાનું તથા સંગ્રહ તળાવ રિપેરિંગનાં ૯૬ કામો રૂ. ૬૦૨.૩૪ લાખના ખર્ચે હાથ ધરાશે, જેના થકી ૫૩૪.૫૨ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે.



**રાજકોટ :** રાજકોટ જિલ્લા કક્ષાના સુજલામ સુફલામ જળઅભિયાનનો પ્રારંભ ગઢકા ગામથી વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ કરાવ્યો હતો. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનાં ગામડાંઓ સુખી હોય, ગામડાંમાં તમામ સુવિધાઓ હોય ત્યારે ગામડાંઓ ટકી શકશે. ગ્રામવિકાસનાં કાર્યોમાં જોડાવું એ તમામ ગામવાસીઓની ફરજ છે. સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં રૂ. ૫૪૬.૪૧ લાખના ખર્ચે કુલ ૩૨૦ કામો કરવામાં આવશે.

**મહીસાગર :** મહીસાગરના મોટી ખરસોલી સિંચાઈ તળાવ ખાતે સુજલામ સુફલામ જળઅભિયાનના પાંચમા તબક્કાનો ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાએ પ્રારંભ કરાયો હતો. મંત્રીશ્રીએ જિલ્લામાં આ અભિયાનની ફળશ્રુતિ લોકો સમક્ષ મૂકતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮થી છેલ્લાં ચાર વર્ષમાં સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત જળસંચયના રૂ.૮૪૦.૯૩ લાખનાં વિવિધ ૬૪૦ કામો કરવામાં આવ્યાં હતા, જેનાથી પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા, સિંચાઈ વ્યવસ્થા સુદૃઢ થવાથી ખેતઉત્પાદનમાં વધારો થયો અને પાણીસમસ્યા મહદ્અંશે હલ થઈ છે.



**બનાસકાંઠા :** બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના કુંવારવા ખાતેથી શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ સુજલામ-સુફલામ જળસંચય અભિયાનના પાંચમા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં રાજ્યવ્યાપી સુજલામ- સુફલામ જળસંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જળ એ જ જીવન એવું આપણે માનીએ છીએ ત્યારે પાણીનાં એક એક ટીપાનો સંગ્રહ કરી જળસંચયનાં કામો કરવા અનુરોધ તેમણે કર્યો હતો.





**અમરેલી :** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્ય મંત્રી શ્રી આર. સી. મકવાણાના હસ્તે અમરેલીના વિજપડીમાં જિલ્લા કક્ષાના 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો પ્રારંભ થયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા જળસંચયના કામો લોકભાગીદારી સાથે જોડવામાં આવ્યા છે જે આજની અને આવનારી પેઢી માટે આશીર્વાદરૂપ નીવડશે. નોંધનીય છે કે ચાલુ વર્ષે અમરેલી જિલ્લામાં આ જળ અભિયાન અંતર્ગત ૮૦૦ જેટલા કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર વર્ષ એટલે કે ૨૦૧૮થી લઇ અત્યાર સુધીમાં સુજલામ સુફલામ જળ અભિયાનના ચાર તબક્કાઓ પૂર્ણ કરી ૩૬૨.૪૪ લાખના ખર્ચે ૨૮૭ ચેકડેમ તથા ૨૨૨.૪૫ લાખના ખર્ચે ૧૬૮ તળાવો ઊંડા ઉતારવામાં આવ્યા છે. ●

# સુરતની આરોગ્ય સેવામાં વધારો કરતા બે પ્રકલ્પનું ભૂમિપૂજન



રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારે મક્કમ ડગ માંડ્યાં છે. રાજ્યમાં તબીબી સેવાઓના વિસ્તાર સાથે આરોગ્ય શિક્ષણને પ્રાધાન્ય આપવામાં સરકારે વિશેષ લક્ષ્ય સેવ્યું છે. સરકારની સાથે સામાજિક સંસ્થાઓ પણ રાજ્યમાં આરોગ્યની સુવિધામાં વધારો કરવા અને નાગરિકોને સારી સુવિધા પૂરી પાડવા માટે પ્રયાસ કરી રહી છે. આ દિશામાં આગળ વધતા સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ દ્વારા સુરતના ઓલપાડ તાલુકાના વડોદ ખાતે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક કિરણ મેડિકલ કૉલેજનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના સામાજિક, આર્થિક વિકાસમાં આરોગ્યની મહત્ત્વની ભૂમિકા છે, આ વિભાવનાને અનુસરીને રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં રૂ. ૧૨,૨૪૦ કરોડની ફાળવણી માત્ર હેલ્થ સેક્ટર માટે કરી છે. આરોગ્ય ક્ષેત્રે નવા આયામો સર કરતી કિરણ હૉસ્પિટલે વધુ એક આવકારદાયક પગલું ભર્યું છે.

ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સેવાભાવી દાતાઓએ સંવેદના અને માનવતાનો ગુણ કેળવ્યો છે, જેનું ઉત્તમ ઉદાહરણ કિરણ મેડિકલ કૉલેજ છે. 'કમાવું અને સમાજનાં હિતાર્થે દાન કરવું એ સુરતના શ્રેષ્ઠીઓની તાસીર રહી છે તેમણે આવનારી પેઢીઓ માટે પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, અન્ન સંરક્ષણને જીવનનો ભાગ બનાવવાનો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, દેશમાં મેડિકલ કૉલેજોની સ્થાપના માટે નિયમોને ફ્લેક્સિબલ બનાવ્યા છે. ટેલિમેડિસીન-ટેલિ કન્સલ્ટેશનની નવી સુવિધાઓ તેમજ e-સંજીવની ઍપના માધ્યમથી ગામડાંના દર્દીને પણ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ સમાજના નિર્માણ હેતુ સાથે કાર્યરત સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ સંચાલિત કિરણ હોસ્પિટલ દ્વારા અતિ આધુનિક સુવિધા તેમજ મૉર્ડન ટેક્નોલૉજીથી સુસજ્જ ૬૫,૦૦૦ વારના વિશાળ કેમ્પસમાં ૧૫૦ સીટો સાથેની મેડિકલ કૉલેજ સાકાર થશે, જ્યાં એમબીબીએસ, પીજી સહિત અન્ય મેડિકલ કોર્સ સાથે ૧૦૦૦ ડૉક્ટરો માટેની જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે. કેમ્પસનું ભૂમિદાન કિરણ જેમ્સના માલિકશ્રી વલ્લભભાઈ લખાણી પરિવાર તરફથી મળ્યું છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલે સુરતમાં ભગવાન મહાવીર યુનિવર્સિટી કેમ્પસ-વેસુ ખાતે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે 'ભગવાન મહાવીર મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ ઍન્ડ રિસર્ચ સેન્ટર'નું ભૂમિપૂજન તેમજ રૂ. ૪૬ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કેમ્બ્રિજ બોર્ડ માન્યતા પ્રાપ્ત અલ્ટ્રા-મૉડર્ન 'ભગવાન મહાવીર કૉન્સેપ્ટ સ્કૂલ'નું ઉદ્ઘાટન કર્યું હતું. ●

**સુરતની મુલાકાતે આવેલા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કણાદ ગામ ખાતે બીએપીએસના વડા પૂ. સંત શ્રી મહંતસ્વામીની શુભેચ્છા મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતાં. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ મહંતસ્વામીની તબિયત અંગે પૃચ્છા કરી હતી. આ મુલાકાત વેળાએ તેમની સાથે શિક્ષણમંત્રીશ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી સહિત મહાનુભાવો જોડાયા હતા.**



# આણંદના ઓડમાં રાજ્યની ૨૨૫મી ઔદ્યોગિક વસાહતનું ભૂમિપૂજન





ગુજરાતમાં અંદાજે ૨૨૪ જેટલી ઔદ્યોગિક વસાહતોમાં ૭૦ હજાર જેટલા MSME અને મોટા ઉદ્યોગો કાર્યરત છે, આ ઉદ્યોગો અને તેમાં કાર્યરત સેંકડો કુશળ કારીગરોની આવડતથી ગુજરાત દેશનું મોસ્ટ ઈન્ડસ્ટ્રિયલાઈઝ્ડ સ્ટેટ, મૅન્યુફૅક્ચરિંગ હબ, ઑટો હબ, ફાર્મા હબ બન્યું છે. આ જીઆઈડીસી વસાહતોએ નાગરિકોમાં રહેલી ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનું કાર્ય કર્યું છે. તાજેતરમાં આણંદ જિલ્લાના ઓડ ખાતે જીઆઈડીસીના ભૂમિપૂજન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો, જીઆઈડીસી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત માટેના આધારસ્તંભ છે.

આણંદ જિલ્લાના ઓડ ખાતે ૩૩ હેક્ટરમાં સ્થપાનારી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ૨૨૫મી અને આણંદ જિલ્લાની ૮મી નવી ઔદ્યોગિક વસાહત હશે. આ ઔદ્યોગિક વસાહતના વિકાસ માટે રૂ. ૮૪૫ લાખનો ખર્ચ કરવામા આવશે તેમજ તેની અંદર તમામ પ્રકારની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અહીં સ્થાપિત ૨.૫ લિટર ક્ષમતાના મલિન જળ શુદ્ધીકરણ પ્લાન્ટનું ઈ-લોકાર્પણ અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૩ કરોડથી વધુ રકમના ખર્ચે શેઢી નદી પર નિર્માણ પામનારા નવા પુલના કામનું પણ ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના કુલ વીજપુરવઠાનો ૪૦ ટકા ફાળો રિન્યુએબલ સ્રોતમાંથી આવે છે, જ્યારે ભારતના જીડીપીમાં ગુજરાતનો હિસ્સો ૮ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ આઉટપુટમાં ગુજરાતનો હિસ્સો ૧૭ ટકા છે. ગુજરાતની ઔદ્યોગિક વિકાસની યાત્રાને વધુ વિસ્તારવા આ વર્ષના બજેટમાં રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગને અંદાજે રૂ. ૭ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતુ કે, રાજ્યમાં પાંચ સ્થળોએ ઍગ્રો ફૂડ પાર્ક અને પાંચ સી-ફૂડ પાર્ક, મોરબીમાં ઈન્ટરનૅશનલ સિરામિક પાર્ક જેવી જોગવાઈઓ ગુજરાતના ઉદ્યોગસાહસિકોને નવું બળ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે જીઆઈડીસીના માધ્યમથી જિલ્લા-તાલુકા અને ગ્રામકક્ષાએ મધ્યમ અને લઘુ ઉદ્યોગકારો માટે ઔદ્યોગિક વસાહતો ઊભી કરીને વોકલ ફૉર લોકલની દિશા અપનાવી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, હવે આપણે ક્લસ્ટર બેઈઝ MSMEનો વિકાસ કરવા અને દરેક જિલ્લાની આગવી ઓળખસમા ઔદ્યોગિક ઉત્પાદનોને પ્રમોટ કરવા 'વન ડિસ્ટ્રિક્ટ - વન પ્રોડક્ટ'ના વિચારને સાકાર કરવા આગળ વધી રહ્યા છે.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તમામ અવરોધોનું નિવારણ કરી ઓડ ઔદ્યોગિક વસાહતની સ્થાપના સરળ અને ઝડપી બનાવી છે. ગુજરાતની જીઆઈડીસીઓમાં શ્રેષ્ઠ સુવિધાઓ આપવામાં આવે છે અને દેશમાં મૉડેલરૂપ ગણાય છે.

ગુજરાતને વિકાસનું રોલમૉડેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાવ્યું તેવી લાગણી વ્યક્ત કરતાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત તરફની વિકાસકૂચમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત અગ્રેસર છે, કોરોનાકાળમાં પણ વિકાસકૂચ અટકી નથી. ઓડ જીઆઇડીસીથી રોજગારીની નવી તકો મળશે. ઉત્પાદકોને તેમનાં ઉત્પાદનો બનાવવાની, દેશભરમાં વેચવાની અને નિકાસ કરવાની તક આ જીઆઇડીસી આપશે.

આ પ્રસંગે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી હંસાબહેન પરમાર, ઉમરેઠના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમાર, પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ અને લાલસિંહ વડોદિયા, પ્રદેશ-જિલ્લા-તાલુકા સંગઠનના પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# મ્યુનિસિપલ ફાઇનાન્સિયલ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ



મ્યુનિસિપલ ફાઈનાન્સિયલ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગવી સિદ્ધિ નોંધાવી છે. વડોદરા મહાનગરપાલિકાએ ઈશ્યુ કરેલા બૉન્ડ ૭.૧૫%ના સૌથી નીચા વ્યાજ દરે ૧૦ ગણા સબસ્ક્રાઈબ થયા છે. બૉન્ડના ઈશ્યુની સંપૂર્ણ પ્રક્રિયામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે વડોદરા મનપાને જરૂરી માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. ૩૦મી માર્ચે આ બૉન્ડનું બૉમ્બે સ્ટૉક એક્સચેન્જમાં લિસ્ટિંગ થયું છે.

વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકાએ ‘અમૃત’ મિશન અંતર્ગત ઈશ્યુ કરેલા રૂ. ૧૦૦ કરોડના બૉન્ડને કુલ રૂ. ૧૦૦૭ કરોડની કિંમતની ૩૬ બિડ મળતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા શહેરના મેયર શ્રી કેયૂર રોકડિયા અને મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર સુશ્રી શાલિની અગ્રવાલને અભિનંદન પાઠવ્યાં હતાં.

દેશની મહાનગરપાલિકાઓ કૅપિટલ ગેઈન કરવા, અટલ મિશન ફૉર રિ-જુવેનેશન ઍન્ડ અર્બન ટ્રાન્સફૉર્મેશન-અમૃત યોજના અંતર્ગત, સિક્યુરિટી ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા- ‘સેબી’ મારફત ફાઈનાન્સિયલ બૉન્ડ ઈશ્યુ કરી શકે છે. બૉમ્બે સ્ટૉક એક્સચેન્જના ઈલેક્ટ્રોનિક પ્લૅટફૉર્મ ઉપર ઑનલાઈન સબસ્ક્રિપ્શન માટે તા. ૨૪-૦૩-૨૦૨૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે બૉન્ડ ઈશ્યુ ખૂલ્યો હતો. ઈશ્યુ ખૂલ્યાની પ્રથમ સેકન્ડે જ આ ફાઈનાન્સિયલ બૉન્ડ ૪.૫૨ ગણો સબસ્ક્રાઈબ થયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૧૦૦ કરોડના આ બૉન્ડ ઈશ્યુ થવાની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સતત મહાનગરપાલિકાને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને આ પ્રક્રિયા સરળતાએ પાર પડે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા તા. ૩૧-૦૩-૨૦૨૨ પહેલાં બૉન્ડ થકી કેપિટલ રેઈઝ કરવામાં સફળ થઈ હોવાથી ભારત સરકાર તરફથી રૂ. ૧૩ કરોડ ઈન્સેન્ટિવ મેળવવાને પણ પાત્ર બની છે.

વડોદરા મહાનગરપાલિકાના ફાઈનાન્સિયલ બૉન્ડને, ઈન્ડિયા રેટિંગ ઍન્ડ રિસર્ચ પ્રા.લિ. અને ક્રેસિલ રેટિંગ લિ. દ્વારા A+/ STABLEનું રેટિંગ આપવામાં આવ્યું છે. આ ફાઈનાન્સિયલ બૉન્ડથી વડોદરાના સિવિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને નવું બળ મળશે.

બૉન્ડથી પ્રાપ્ત થનારી રકમ રૂ. ૧૦૦ કરોડ વડોદરા મહાનગરપાલિકા દ્વારા સિંધરોટ પાણીપુરવઠાના પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવાશે, જેથી શહેરના લોકોની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળાશે. ઉપરાંત અમિતનગર ખાતેના એ.પી. એસ.ના કામ માટે પણ આ રકમ ઉપયોગમાં લેવાશે, જેથી સુએઝ પાણીના સુવ્યવસ્થિત નિકાલની વ્યવસ્થા ઊભી થશે. યુનિયન મિનિસ્ટ્રી ઑફ હાઉસિંગ ઍન્ડ અર્બન અફેર્સ તથા યુનાઈટેડ સ્ટેટ્સના ટેક્નિકલ ઍડવાઈઝર્સ દ્વારા વડોદરા મહાનગરપાલિકાને નિ:શુલ્ક ટેકનીકલ સપોર્ટ આપવામાં આવ્યો હતો. પૂણે મહાનગરપાલિકા બાદ દેશમાં વડોદરા મહાનગરપાલિકા બીજું મ્યુનિસિપલ કૉર્પોરેશન છે, જેને આ પ્રકારનો ટેકનીકલ સપોર્ટ મળ્યો હોય.

આ અગાઉ ૨૦૧૭માં પૂણેમાં આવા બૉન્ડ બહાર પાડવામાં આવ્યા હતા, એમાં સરકારી રેટ ૬.૫૦% હતો અને ૭.૬૦%એ બૉન્ડ ભરાયા હતા, અમદાવાદ અને સુરતમાં જ્યારે બૉન્ડ ૨૦૧૯ માં બહાર પડ્યા હતા ત્યારે તેમા સરકારી રેટ ૭.૨૦%થી લઈને ૭.૩૫ % હતો એની સામે ૮.૭૦%ની આસપાસ બૉન્ડ ભરાયા હતા. ગયા વર્ષે ગાઝિયાબાદના બૉન્ડ ભરાયા તેમાં સરકારી રેટ ૬.૩૦% હતો એની સામે ૮.૧૦% માં આ બૉન્ડ ભરાયા હતા.

હાલમાં ૬.૩૩% સરકારી રેટ છે એની સામે ૭.૧૫% એટલે માત્ર ૦.૮૫ % વધુ વ્યાજ ચૂકવીને તમામ કૉર્પોરેશનમાં સૌથી ઓછા વ્યાજે વડોદરા કૉર્પોરેશનને રૂપિયા મળી રહ્યા છે. રૂ. ૧૩ કરોડ રૂપિયા ઈન્સેન્ટિવ સરકાર આપી રહી છે એટલે આ વ્યાજદર અંદાજે ૪.૫૫% જેટલો ઓછો થશે અને વડોદરા મહાનગરપાલિકાને બૅંક ફિક્સ્ડ ડિપોઝિટના હાલના વ્યાજદર કરતાં પણ ઓછું વ્યાજ ભરવું પડશે. ●

# ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતના આગેકદમ

ઉદ્યોગ એ વિકાસનો આધારસ્તંભ છે, જેના પાયા પર આર્થિક વિકાસ અવલંબિત છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ શક્ય બન્યો છે તેનું કારણ રાજ્ય સરકારની નીતિઓ અને સલામતી છે. ઉદ્યોગોને વધુ વેગવંતા બનાવવા ઉદ્યોગ અને ખાણ-ખનીજ વિભાગ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૬૦૦૦ કરોડથી વધુની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના પ્રામાણિક અને સતત પ્રયત્નોનું જ પરિણામ છે કે, ગુજરાત સરકાર નાનાથી લઈને મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે, જેના કારણે આજે ફૉરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવતા ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ કે જે ૧૦ સેક્ટર અને 58 ઇન્ડેક્ટર્સ પર આધારિત છે તેમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

મોટા પ્રમાણમાં મૂડીરોકાણ થકી ગુજરાતમાં રોજગારીની નવી તકોનું સર્જન થઈ રહ્યું છે ત્યારે, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના થકી, રાજ્યના યુવાનો વધુ કૌશલ્ય મેળવી સુસજ્જતા સાથે તેનો લાભ મેળવી શકશે.



યુવા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા, નવીન અને નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા સ્ટાર્ટઅપ-ઇનોવેશન યોજના-૨૦૧૫ પૂર્ણ થતા સ્ટાર્ટઅપ-ઇનોવેશન યોજના-૨૦૨૦ અમલમાં આવી છે, જે અંતર્ગત સ્ટાર્ટઅપને રૂ. ૨૦,૦૦૦ પ્રતિ માસ પ્રતિ સ્ટાર્ટઅપ અને જો ઓછામાં ઓછા એક ઇનોવેટર મહિલા સહસંસ્થાપક હોય તો રૂ. ૨૫,000 પ્રતિ માસ, પ્રતિ સ્ટાર્ટઅપ સસ્ટેનન્સ અલાઉન્સ આપવામા આવે છે. રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે સરકાર દ્વારા વાયેબલ માંદા એકમોને રાહત અને છૂટછાટ યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજના માટે આગામી વર્ષ ૨૦૨૨-23 માટે માંદા એકમોના પુનર્વસનની યોજના હેઠળ રૂ. ૪૫૦૦ લાખની બજેટ જોગવાઈ સૂચવવામાં આવી છે.

ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત, એમ.એસ.એમ.ઈ. એકમો માટે વિવિધ પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરવામાં આવી છે. ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ ૩૯૦૦થી વધુ એમ.એસ.એમ.ઈ. એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ એકમો દ્વારા રાજ્યમાં કુલ રૂ. ૧૩૦૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું તથા કુલ ૭૯૦૦ની રોજગારીનું સર્જન થયું છે.

સંશોધન અને વિકાસ યોજના-૨૦૨૦ અન્વયે રાજ્યમાં આવેલી સંશોધન અને વિકાસ (R&D) ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓને R & D પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા માટે માન્ય મૂડીરોકાણના ૩૦% સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે તેમ જ રાજ્યની જીઆઇડીસી તથા અન્ય ઔદ્યોગિક વસાહતો /પાર્ક વિકસાવવા માટે સિડ-બી (Small Industrial Development Bank) લોન મારફત સહાય અંતર્ગત નવી બાબત તરીકે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ સૂચવી છે.

મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી નિકાસને વેગ આપવા પાંચ 'સી-ફુડ પાર્ક'ની સ્થાપના કરવાનું આયોજન પણ છે. આ ઉપરાંત, રાજ્યના અગરિયાઓને સરકાર દ્વારા તેઓની પ્રાથમિક જરૂરિયાતો, જેવી કે આરોગ્ય, પીવાનું પાણી, શિક્ષણ, કુદરતી આફતોમાં રક્ષણ માટેની વિવિધ યોજનાઓ અમલમાં છે. રાજ્ય સરકાર દ્વારા અગરિયાઓ દ્વારા ખરીદવામાં આવતા સોલાર પંપ ઉપર ૮૦ ટકા સબસિડી આપવાની યોજના અમલમાં છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં મીઠાઉદ્યોગનો વિકાસ અને તેના માટે પૂર્વ જરૂરી સવલતો માટે રૂ. ૧૬૫૦ લાખ બજેટ જોગવાઈ મંજૂર કરવામાં આવી છે, જે અન્વયે આજદિન સુધી કુલ રૂ. ૧૫૦૪.૮૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, જેનો સંપૂર્ણ વપરાશ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૬૫૦ લાખ (એક કરોડ ૬૫ લાખ)ની જોગવાઈ સૂચવી છે.

ખાણ અને ખનીજ વિભાગની વાત કરીએ તો, માઇન્સ ઍન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ ઍન્ડ રેગ્યુલેશન) ઍમેન્ડમેન્ટ એક્ટ-2015 મુજબ ભારત સરકાર દ્વારા ધ મિનરલ ઑક્શન રૂલ્સ 2015 જાહેર કરવામાં આવી છે. હરાજીથી લીઝ ફાળવવાનું સૂચવવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ગૌણ ખનીજો માટે તા. ૨૪-૦૫-૨૦૧૭થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો ૨૦૧૭ જાહેર કરવામાં આવી છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા છેલ્લાં ૪ વર્ષમાં કુલ ૨૨૧૩ બ્લૉક્સ હરાજીમાં મૂકવામાં આવ્યા છે અને આ બ્લૉક્સ પૈકી કુલ ૧૧૬૪ બ્લૉક્સ સફળ થયા છે, જે પૈકી ૯૪૪ બ્લૉક્સમાં સફળ બિડરને ઇરાદાપત્ર ઈશ્યુ કરવામાં આવ્યા છે. ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરી દ્વારા સમગ્ર રાજ્યમાં મોટા પાયે ખનીજોનું સંશોધન અને ખાસ કરીને Rare Earth Minerals માટે વિશેષ સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. ગુજરાત સમગ્ર દેશમાં Rare Earth Mineral માટે હબ તરીકે વિકાસ પામનાર છે. ●

# ગુજરાત શહેરી ક્ષેત્રના વિકાસમાં દેશભરમાં અગ્રેસર

શહેરોના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વની ટાઉન પ્લાનિંગ-T.P. સ્કીમના અમલીકરણમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦થી વધુ T.P.સ્કીમને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે આગામી વર્ષમાં તેના કરતાં પણ વધુ T.P. સ્કીમને મંજૂરી આપવાના લક્ષ્યાંક સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. T.P.સ્કીમના અમલથી ખેડૂતોની જમીનનાં મૂલ્ય-કિંમતમાં નોંધપાત્ર વધારો થયો છે તેમ વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ વિભાગ પરની માગણીઓની ચર્ચામાં જણાવ્યું હતું.

શહેરી આવાસન-શહેરી વિકાસ વિભાગની માગણીઓ રજૂ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભારતનાં તમામ ઘરોમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરેલા 'નલ સે જલ' યોજના હેઠળ ગુજરાતનાં ઘરોમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી આપવાનું ૯૫ ટકા કામ પૂર્ણ થયું છે. આગામી સમયમાં તમામ ઘરોમાં નળ દ્વારા પીવાનું પાણી અપાશે. ગત વર્ષે તા. ૨જી ઑક્ટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન પાર્ટ-૨ લૉન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશન હેઠળ રાજ્યની તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાંથી ઘન કચરાનો નિકાલ કરવામાં આવશે.

અમદાવાદના પિરાણા ખાતે દૈનિક ૧૫,૦૦૦ મેટ્રિક ટન કચરાનું પ્રોસેસિંગ કરી નિકાલ કરવામાં આવે છે. અંદાજે કુલ ૧.૨૫ કરોડ મેટ્રિક ટન ઘન કચરામાંથી અત્યાર સુધીમાં ૫૩ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી ૧૪ એકર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવી છે. આ જમીન ઉપર વિવિધ વૃક્ષો વાવીને આધુનિક ગાર્ડન તૈયાર કરવામાં આવ્યો છે. આગામી સમયમાં આ તમામ ઘન કચરાનો નિકાલ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓના વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગ્રાન્ટના અભાવે કોઈ શહેરનો વિકાસ અટકવો જોઈએ નહીં. વૈશ્વિક ઓળખ સમાન ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ડૉલરના વટાવ માટે વિશેષ એક્સચેન્જ શરૂ કરવામાં આવ્યું છે. આ એક્સચેન્જ ૨૨ કલાક કાર્યરત હોય છે, જેના પરિણામે ગુજરાત સરકારને કરોડોનો ટૅક્સ પ્રાપ્ત થાય છે. ગિફ્ટ સિટીમાં હાલમાં અંદાજે ૧૧,૦૦૦થી વધુની રોજગારી ઉપલબ્ધ થઈ રહી છે.

વિધાનસભા ગૃહમાં મંત્રીશ્રીએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે, ભારતમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટના અમલીકરણથી શહેરોની શકલ બદલાઈ છે અને સુવિધામાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતમાં પણ સ્માર્ટ સિટી મિશન હેઠળ રૂ.૧૨,૬૫૪ કરોડનાં વિવિધ વિકાસકામો આવરી લેવામાં આવશે. શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં સરકારી જમીન ઉપરથી દબાણો હટાવીને રસ્તા પહોળા કરવા સહિતનાં વિકાસકામો કરવામાં આવશે, જેમાં જનપ્રતિનિધિઓ સહિત નાગરિકોનો સહયોગ અનિવાર્ય છે. નગરપાલિકાઓ અને મહાનગરપાલિકામાં લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે લાખો આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગંદા પાણીના નિકાલ માટે નાની નગરપાલિકાઓમાં નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા છે. શહેરી આવાસ-શહેરી વિકાસ વિભાગની અંદાજપત્રીય માગણીઓને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી. ●



# "વિકસિત ગુજરાત"ને અમૃતકાળ તરફ આગળ વધારશે "સ્વર્ણિમ ગુજરાત"



ગુજરાતના નાગરિકોની આશા-આકાંક્ષાઓને સાકાર કરતું અને સમાજના દરેક વર્ગની અપેક્ષાઓ પૂર્ણ કરતું આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં આગળ વધતુ વર્ષ ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર છે. 'વિકસિત ગુજરાત'ને અમૃતકાળ તરફ આગળ વધારી 'સ્વર્ણિમ ગુજરાત' બનાવવા અંદાજપત્રમાં વિવિધ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિધાનસભા ગૃહમાં બજેટ પરની સામાન્ય ચર્ચા દરમિયાન નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અમારી સરકારનું આ પ્રથમ અંદાજપત્ર છે. રાજ્યની જનતા જનાર્દનની આશા-આકાંક્ષાઓને સાકાર કરતું અને સમાજના દરેક વર્ગની અપેક્ષાઓ પૂર્ણ કરતું બજેટ આપવાનો સરકારે નમ્ર પ્રયાસ કર્યો છે. આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં આગળ વધતું આ બજેટ છે.

આ બજેટમાં ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓની આવક વધે તે માટે અનેકવિધ યોજનાઓ છે. સરદાર સરોવર યોજનાની વિરાટ કામગીરી, સુજલામ સુફલામ અને સૌની યોજનાઓથી સિંચાઈની વધારાની કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી સાથે કચ્છ વિસ્તારમાં નર્મદાનાં પૂરનાં વધારાનાં ૧ મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઈ સુવિધાઓ ઊભી કરવાનું તેમજ જલ જીવન મિશન અંતર્ગત હર ઘર નલ સે જલના ઉદ્દેશને ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટેનું આ બજેટ છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ (માં) યોજના હેઠળ ૮૦ લાખ કરતાં વધુ કુટુંબોને રૂ. ૫ લાખ સુધીની નિઃશુલ્ક તબીબી સારવાર તેમજ બાળકના જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસનું અનેરુ મહત્ત્વ ધ્યાને રાખી શિશુના ગર્ભકાળથી શરૂ કરી ૧૦૦૦ દિવસ સુધી બાળક અને ધાત્રી માતાના પોષણને સુનિશ્ચિત કરતું આ બજેટ છે. આ બજેટ મારફતે શિક્ષણ ક્ષેત્રે સ્કૂલ્સ ઑફ એક્સેલન્સના પ્રોજેક્ટના માધ્યમથી વધુ સારી માળખાગત સુવિધાઓ તેમજ ગુણવતાલક્ષી શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવશે, તેમજ રાજ્યના ગામેગામ ફ્રી વાઇ-ફાઇ સેવાની શરૂઆત કરવામાં આવશે.

નાણામંત્રીશ્રીએ ઉમેર્યું કે, આદિજાતિ વિસ્તારો મોબાઇલ નેટવર્કથી વંચિત ન રહે તે માટે ૫૦૦ નવાં મોબાઇલ ટાવર ઊભાં કરવા માટેનું આયોજન છે. શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સુખાકારી માટે અનેકવિધ જોગવાઈઓ કરતું અને રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપતું તથા આવી રોજગારીની તકોનો લાભ રાજ્યનું યુવાધન લઈ શકે તે માટે કૌશલ્યબદ્ધ કરવા માટેનું આ બજેટ છે. પી. એમ. ગતિશક્તિ પ્રોજેક્ટ સ્વરૂપે ઝડપી પરિવહન માટે રોડ-રસ્તાની તેમજ બંદરોની ઉચ્ચ ગુણવત્તાવાળી માળખાગત સુવિધાઓ ઊભી કરવાના અમારી સરકારનાં આયોજનોને વેગ આપવાની સાથે સાથે દેશમાં ઊર્જા ક્ષેત્રે ગુજરાતનું મોખરાનું સ્થાન જાળવી રાખવાના નિર્ધાર સાથે આ બજેટ રજૂ કરાયું છે.

નમો વડ વનની વાત હોય કે મધમાખી ઉછેરથી મધક્રાંતિની વાત હોય, ડ્રોન ટેક્નોલૉજીનો ઉપયોગ હોય કે આઇ.ટી. અને બી.ટી. ક્ષેત્રની કામગીરી હોય, પોલીસ આધુનિકીકરણની વાત હોય કે ન્યાયતંત્ર માટેની માળખાકીય સુવિધાઓની વાત હોય, લોકોની સેવા અને સુખ-શાંતિ માટે દરેક બાબતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. ગર્ભસ્થ શિશુથી માંડીને આબાલવૃદ્ધ સુધી સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતા આ બજેટ દ્વારા ગુજરાત વિકાસના નવા આયામો સર કરશે જ તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રનું કદ રૂ. ૨,૪૩,૯૬૫ કરોડ છે. રાજ્યના અંદાજપત્રનું દર વર્ષે ઉત્તરોત્તર કદ વધતું જાય છે. ગયા વર્ષે એટલે કે સને ૨૦૨૧-૨૨ના વર્ષની બજેટ જોગવાઈ રૂ. ૨,૨૭,૦૨૯ કરોડ સામે સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઈ રૂા. ૨,૪૩,૯૬૫ કરોડ છે, જે અંદાજપત્રમાં ૭.૪૬ ટકાનો વધારો સૂચવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના સમગ્ર વર્ષના અંદાજપત્રનું કદ રૂ. ૨,૪૩,૯૬૫ કરોડ છે. આ અંદાજપત્ર રૂ. ૬૬૮.૦૯ કરોડની એકંદર પુરાંત તેમજ રૂ. ૧૦૦૫.૮૬ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવે છે. મહેસૂલી પુરાંતવાળુ આ સતત અગિયારમું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે, સારું નાણાકીય વ્યવસ્થાપન એ ઉત્તમ વહીવટની ઓળખ છે. ગુજરાતે નાણાકીય વ્યવસ્થાપનમાં સમગ્ર દેશમાં નામના મેળવી છે. છેલ્લા બે દશકમાં ઓવરડ્રાફ્ટ લીધા વગર ઉત્તરોત્તર વૃદ્ધિ સાથેનું બજેટમાં વિકાસનાં કાર્યો માટે નાણાંની ફાળવણી ગુજરાતે કરી છે. કોરોનાની મહામારીના કારણે અર્થવ્યવસ્થા પર આવેલા સંકટ વચ્ચે ગુજરાત આ વર્ષે પણ જીડીપીમાં ૧૩ ટકા કરતાં વધારે વૃદ્ધિદર મેળવશે તેવી અપેક્ષા છે. આમ, નાણાકીય વ્યવસ્થાપન ઈન્ડેક્સમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. વહીવટી તંત્ર સક્ષમ કરવા માટે સરકારે આધાર કાર્ડ, ડીબીટી અને ફાઇનાન્સિયલ ઈન્ક્લ્યુઝન જેવી વડાપ્રધાનશ્રીએ આપેલી સંકલ્પનાનો અમલ કર્યો છે. વહીવટી સરળીકરણ લાવવા

તેમજ યોગ્ય લાભાર્થીઓ સુધી સરકારની કલ્યાણકારી યોજનાના લાભ પહોંચે તે માટે વ્યક્તિલક્ષી સહાયની યોજનાઓમાં સરકારે ડી.બી.ટી.નો ઉપયોગ કર્યો છે.

ગૌધનના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકાર કાર્યરત છે. ગૌશાળા અને પાંજરાપોળના નિભાવ અને જાળવણી માટે "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ" યોજના થકી રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ આ બજેટમાં કરી છે. વધુમાં, રખડતાં અને નિરાધાર પશુઓની સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ખાસ પ્રયત્નો માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

નિરાધાર વડીલોની કાળજી રાખવાના હેતુથી સરકારે વૃદ્ધ પેન્શન યોજનાના ૧૧ લાખ લાભાર્થીઓ સુધી લાભ પહોંચાડવા આ યોજનાની સહાયની રકમમાં નોંધપાત્ર વધારો કરીને આ બજેટમાં રૂ. ૯૭૭ કરોડની જોગવાઈ કરી છે. ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં આશરે રૂ. ૧૦ હજાર કરોડના ખર્ચે 'સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ' હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મિશન હેઠળ કુલ ૨૦ હજાર શાળાઓ અને આશરે ૫૭ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે. આમ રાજ્યની આશરે ૫૦ ટકા જેટલી મોટી શાળાઓને આવરી લઈ આશરે ૮૫થી ૯૦ ટકા બાળકોને સીધો ફાયદો થશે.

નવા ભારતના નિર્માણ માટે ભાવિ પેઢીને તૈયાર કરવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પૉલિસી 2.0, સર્જનાત્મકતા તેમજ ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થાને આગળ ધપાવવામાં મુખ્ય ભૂમિકામાં રહેશે.

આવતાં પાંચ વર્ષમાં અમલી થનારી સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લિટર ખાદ્યતેલ દર મહિને આપવા માટેની સરકારની પહેલ દ્વારા રાજ્યનાં ભાવિ એવાં બાળકોની પોષણની જરૂરિયાત પરિપૂર્ણ થશે એવા ઉમદા આશય સાથે સરકારે આ બજેટમાં નિર્ધાર વ્યક્ત કર્યો છે. કોરોના જેવી મહામારીમાં પણ રાજ્ય સરકાર દ્વારા એકપણ લાભાર્થી પૂરક પોષણની સેવાઓથી વંચિત ન રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું છે. ૩થી ૬ વર્ષના બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવામાં આવશે અને બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરુ પાડવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, ચાલુ વર્ષ ૨૦૨૧- ૨૨ દરમ્યાન કોરોનાની બીજી લહેરના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિનાં કારણોસર ભારત સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ રાજ્યના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ ૭૦ લાખ રેશનકાર્ડધારકોની અંદાજે સાડા ત્રણ કરોડ જનસંખ્યાને તેઓને મળવાપાત્ર રાહતદરના નિયમિત રેશનના લાભ ઉપરાંત વ્યક્તિદીઠ સાડા ત્રણ કિલોગ્રામ ઘઉં અને દોઢ કિલો ગ્રામ ચોખા મળી કુલ પાંચ કિલોગ્રામ અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. મે-2021થી ફેબ્રુઆરી-2022 સુધી કુલ ૧૧ લાખ ૮૩ હજાર મેટ્રિક ટન ઘઉં તથા ૫ લાખ ૪૭ હજાર મેટ્રિક ટન ચોખા મળી કુલ ૧૭ લાખ ૩૦ હજાર મેટ્રિક ટન અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે, જેનો રાજ્ય સરકારના ભાગે સબસિડી ખર્ચ રૂ. ૨૫૦ કરોડથી વધુ કરાયો છે.

મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડનાં વૃક્ષોનું ૭૫ સ્થળોએ વાવેતર કરી ૭૫ નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે. આ મહોત્સવ હેઠળ તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવશે. દરેક જગ્યાએ ૭૫ વડનાં વૃક્ષો રોપવામાં આવશે. આમ ૭૫ વડ વન દ્વારા કુલ ૫૬૨૫ વડનાં વૃક્ષોનું વાવેતર કરવા માટે આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાનાં છેવાડાનાં ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ ૨૭ કરોડ લિટર (૨૭૦ એમ.એલ.ડી.) ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનાં કામો કન્સેશનરને સોંપવામાં આવ્યાં છે તેમજ પર્યાવરણીય મંજૂરી મેળવવામાં આવી છે તથા જમીન આપવામા આવી છે. હાલ વિગતવાર ડિઝાઈન એન્જિનિયરિંગ અને સર્વેક્ષણની કામગીરી પ્રગતિ હેઠળ છે. ●



# રાજ્ય સરકાર ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ



કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ છે અને રાજ્યમાં જીરુના પાકનો ભાવ ઐતિહાસિક સપાટીએ છે.

જીરુના પાક અંતર્ગત ટેકાના ભાવની ખરીદી અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે ટેકાના ભાવ માટે નિયત પાકોમાં જીરુનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જીરુના ઉત્પાદક ખેડૂતોને જીરુના ઉત્પાદન ખર્ચ કરતાં અનેક ગણો ભાવ બજારમાં મળી રહ્યો છે. મંત્રીશ્રીએ ટેકાના ભાવો માટે નિયત પાકોની જાણકારી આપતાં જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૩ પાકોના ટેકાના ભાવ માટે નિયત કરાયા છે તે પૈકી ગુજરાતના ૧૫ પાકોનો સમાવેશ થાય છે.

કૃષિમંત્રીશ્રીએ ટેકાના ભાવ નિયત કરવા અંગેના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની નિયત સંસ્થાઓ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી ખર્ચનું આકલન, કુદરતી આપત્તિ, આનુષંગિક બાબતો, વાવેતર સહિત અનેક બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. જીરુના પાકની નિકાસ પરત આવી રહી છે તે અંતર્ગત મંત્રીશ્રીએ જણાવ્યું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે, પરંતુ કૃષિ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી માટે વ્યાપક અભિયાન ચલાવવામાં આવ્યું છે. ઉપરાંત, આ માટે જાગૃતિ કાર્યક્રમો, તાલીમ-માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.●

# રાજ્યમાં ટાટા મોટર્સ આવવાથી ગુજરાત ઓટોમોબાઇલ હબ બન્યું



વિશ્વપ્રસિદ્ધ સ્વદેશી ટાટા મોટર્સના આગમનથી ગુજરાત ઑટોમોબાઇલ ક્ષેત્રે હબ બન્યું છે, જેના પરિણામસ્વરૂપે ટાટા પ્લાન્ટ દ્વારા આજે ૨૬,૦૦૦થી વધુ યુવાનોને ગુજરાતમાં વિવિધ રીતે પરોક્ષ અથવા પ્રત્યક્ષ રોજગારી પૂરી પાડવામાં આવે છે તેમ વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીના પેટાપ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે સાણંદના નેનો પ્લાન્ટમાં અત્યારે ભારે માગ ધરાવતાં ટિયાગો, ટિગોર સહિતનાં વિવિધ કાર મૉડેલનું ઉત્પાદન કરવામાં આવે છે, જેનાથી સાણંદના નેનો પ્લાન્ટમાં અંદાજે ૭,૦૦૦થી વધુને સીધી રોજગારી આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા ટાટા મોટર્સને સાણંદમાં નેનો કાર પ્લાન્ટ માટે રૂ. ૯૦૦ ચોરસ મીટરના ભાવે ૪૪૫ હેક્ટર જમીન માટે ૨૦ વર્ષની મુદતથી ૦.૧ ટકાના સાદા વ્યાજે લોન આપવામાં આવી હતી. કંપની આ લોન સમયમર્યાદામાં પરત ના ચૂકવે તો તેની પાસેથી ૧૮ ટકા વ્યાજ વસૂલ કરવાની પણ જોગવાઈ કરાઈ છે. કંપની દ્વારા અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનો ટૅક્સ પણ રાજ્ય સરકારને ચૂકવવામાં આવ્યો છે.

ગુજરાતમાં ટાટા કંપનીના આવવાથી માંડલમાં મારુતિ સુઝુકી, આ ઉપરાંત USની પ્રસિદ્ધ ફૉર્ડ કંપની, હૉન્ડા મોટર્સ, હાલોલમાં MG મોટર્સ, ભરૂચમાં MRF ટાયર્સ જેવી અનેક રાષ્ટ્રીય-વિશ્વપ્રસિદ્ધ કંપનીઓએ પોતાના પ્લાન્ટ સ્થાપ્યા છે, જેના થકી ગુજરાતમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અનેક લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે, જે આપણા સૌ ગુજરાતીઓ માટે ગૌરવસમાન છે. ●

# સુરેન્દ્રનગરમાં છેલ્લા એક વર્ષમાં ૩૯૬ શૌચાલયો બનાવાયાં



ભારતનાં ગામડાં ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત થાય અને સ્વચ્છતા જળવાઈ રહે તેવા હેતુથી 'સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના' શરૂ કરવામાં આવી છે, જેના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧ ડિ-સેમ્બર ૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ન્યુ હાઉસ હોલ્ડ્સનાં તાલુકાવાર કુલ ૩૯૬ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યાં છે તેમ વિધાનસભાગૃહમાં ધ્રાંગધ્રાના ધારાસભ્ય શ્રી પરસોતમ સાબરિયા દ્વારા પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું.

મંત્રી શ્રી ચૌહાણે ધારાસભ્યશ્રીના પેટાપ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ ઘન અને પ્રવાહી કચરાનો નિકાલ, ધાર્મિક અને જાહેર સ્થળોએ કચરાનો નિકાલ તેમજ શૌચાલયો બનાવીને સ્વચ્છતા રાખવામાં આવે છે. મહાત્મા ગાંધીજીના 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના મંત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ-શહેરી યોજના શરૂ કરીને સાચા અર્થમાં સાર્થક કરીને સ્વચ્છતાની સાથેસાથે આરોગ્યની પણ ચિંતા કરી છે. ●

## રોજગારી પૂરી પાડવામાં ગુજરાત અગ્રેસર



રાજકોટ અને પોરબંદર જિલ્લાના ઔદ્યોગિક ભરતીમેળા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાએ જણાવ્યું હતુ કે, રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. મેળાની લોકસંસ્કૃતિને કાર્ય સંસ્કૃતિમાં ફેરવી રોજગારીનું સર્જન કરવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુક્રમે ૧૭૨ અને ૬૬ ભરતીમેળાઓ યોજવામાં આવ્યા હતા, જેમાં રાજકોટ ખાતેના ભરતીમેળાઓમાં ૨૧,૩૬૫ અને ૭,૩૭૨ ઉમેદવારો હાજર રહ્યા હતા. રાજ્યમાં વિવિધ ક્ષેત્રમાં યુવાધન સ્વનિર્ભર બની પોતાની આજીવિકા મેળવી શકે તે રીતે રોજગારીનું સર્જન કરવા રોજગાર કચેરીઓને સુસજ્જ કરવામાં આવી છે. રાજ્યમાં રોજગાર કચેરીઓ અને તેના નિયંત્રણ માટે પ્રાદેશિક કચેરીઓ કાર્યરત છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓ પણ છે. આ કચેરીઓ દ્વારા લાઇવ રજિસ્ટર પણ નિભાવવામાં આવતું હોય છે. જ્યારે યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રો પણ છે. મંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું કે રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી મેળવનાર ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો પૂરી પાડવા માટે સમયાંતરે રોજગાર ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે. કોરોના સમયગાળા દરમિયાન રોજગારી મેળવનાર યુવાનો માટે રોજગારી કયા માધ્યમથી મેળવવી તે વિકટ સમસ્યા બની હતી, જેના કારણે રાજ્ય સરકારે ઑનલાઇન ભરતીમેળાઓ યોજી ઉમેદવારોને રોજગારી આપવામાં સફળતા મેળવી છે. ●

## ગુજરાત રમતગમત ક્ષેત્રે વિશ્વનું રોલ મોડેલ બનશે



વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીને વૃત્તિકા સહાય આપવાની યોજના સંદર્ભે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ કહ્યું કે, સર્વાંગી વિકાસ પામેલું ગુજરાત રમતગમત ક્ષેત્રે વિશ્વનું રોલમૉડેલ બનશે.

રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રકક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને વાર્ષિક રૂ. ૨,૦૦૦ વૃત્તિકા સહાય આપવાની યોજના અમલમાં છે. રાજ્યના ખેલાડી પોતાની પ્રતિભા કૌશલ્ય ઊપસાવી વૈશ્વિક સ્તરે ગુજરાત અને દેશનું નામ રોશન કરે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેલાડીઓ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ શક્તિદૂત યોજનાની માહિતી આપતાં કહ્યું કે, શક્તિદૂત યોજના વર્ષ-૨૦૦૬માં રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓને તેમની જરૂરિયાત આધારિત સુવિધાઓ, જેવી કે રમતગમતનાં આધુનિક સાધનો, કોચિંગ, નિષ્ણાત પ્રશિક્ષકોની સેવાઓ, તાલીમ, સ્પર્ધા ખર્ચ, મનોવૈજ્ઞાનિક વર્કશોપ માટે નાણાકીય સહાય આપવા, સ્પોર્ટ્સ મેડિસીન અને અન્ય સુવિધાઓ માટે અમલમાં મૂકવામાં આવી હતી. પ્રતિ ખેલાડીને વાર્ષિક રૂ. ૨૫ લાખ સુધીની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવતી હોય છે. તમામ શક્તિદૂત ખેલાડીઓનો મેડિક્લેમ અને આકસ્મિક મૃત્યુ પૉલિસી સાથે વીમો લેવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભનો આપેલો વિચાર આજે વટવૃક્ષ બન્યો છે. વર્ષ-૨૦૧૦માં ૧૬ ખેલ, ૧૩ લાખ ખેલાડીઓ સાથે થયેલી શરૂઆત વર્ષ-૨૦૧૯માં ૪૦ લાખ ખેલાડીઓની ભાગીદારી અને ૩૬ સ્પોર્ટ્સ, ૨૬ પૅરા-સ્પોર્ટ્સ બાદ હવે આ સંખ્યા ૫૫ લાખ ખેલાડીઓ ઉપર પહોંચી ગઈ છે. ખેલમહાકુંભ જેવા આયોજનમાંથી નીકળતા યુવાઓ એશિયન-ઑલિમ્પિક-કોમનવેલ્થ જેવા રમતોત્સવમાં ગુજરાત અને દેશનું ગૌરવ વધારી રહ્યા છે. ●

## વડોદરાનાં સાંકરદા-ભાદરવા - સાવલી રસ્તાને ફોરટ્રેક બનાવવા મંજૂરી



વડોદરા જિલ્લામાં રોડને ચારમાર્ગીય કરવાની મંજૂરી સંદર્ભે વિધાનસભાગૃહમાં પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે વડોદરા જિલ્લાના સાંકરદા-ભાદરવા-સાવલી રસ્તાની આસપાસના વિસ્તારમાં અનેક ધાર્મિક સ્થળો આવેલાં છે, જ્યાં ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની અવરજવર રહેતી હોય છે. તે ઉપરાંત ઘણી બધી ઈન્ડસ્ટ્રિયલ કંપનીઓ પણ આ વિસ્તારની આસપાસ આવેલી છે. તો બીજી તરફ, વિવિધ ઉદ્યોગો પણ સ્થપાયેલા હોવાને કારણે નાગરિકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે સાંકરદા-ભાદરવા-સાવલી રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. તેના માટે રૂ.૮૨૨૦ લાખના ખર્ચની મંજૂરી આપવામાં આવી છે.

# સરકાર અને પ્રજા વચ્ચે 'સેતુ'ની ભૂમિકા અદા કરતો "માહિતી વિભાગ"



સરકાર અને પ્રજા વચ્ચે 'સેતુ'ની ભૂમિકા ભજવતા માહિતી વિભાગની અંદાજપત્રીય માગણીઓની ચર્ચામાં અત્યંત પાંડિત્યપૂર્ણ ઢબે સહભાગી થતા વિધાનસભા ગૃહમાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વેદભાષા સંસ્કૃતમાં ''ભારત'' શબ્દને સંધિવિગ્રહની દૃષ્ટિએ મૂલવીએ તો 'ભા' એટલે જ્ઞાન અને 'રત' એટલે પ્રકાશ. ભારતનો અર્થ જ છે, જ્ઞાનરૂપી પ્રકાશ. અહીં, આ રાષ્ટ્રના નામની વિભાવના સાથે સમાંતરે ચાલતો વિભાગ એટલે રાજ્યનો માહિતી વિભાગ.

જે વિભાગ શબ્દ 'બ્રહ્મ'ની ઉપાસના કરવાની સાથે ગાંધીજીના 'નાગરિક પત્રકારત્વ'ની નેમ ઉપર ચાલતો હોય તે સ્વાભાવિક જ સરકાર-વિપક્ષનો મત યોગ્ય રીતે રજૂ કરવાની સાથે સાંપ્રત વિષયોની નુક્તેચીની પણ સારી પેઠે કરી જ શકે. 'સંવાદ'ના અભાવે કોઈ ગેરમાર્ગે દોરાઈ જ જાય તેની પૂરતી સાવચેતી રાખીને માહિતી અને પ્રસારણ વિભાગ રાજ્યની તમામ બાબતોને સચોટતાથી રજૂ કરે છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ 'ગ્લોબલ વિલેજ'માં પરિવર્તિત થઈ ગયું છે; ત્યારે વિશ્વના કોઈપણ ખૂણે ચાલતી ગતિવિધિઓ આંગળીના ટેરવે છે. આ પરિસ્થિતિમાં માહિતીનો પ્રભાવી અને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવામાં માહિતી વિભાગની કામગીરી કાબિલે-દાદ છે.

મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું કે, આમ તો આ નાનો, પરંતુ સતત પ્રવૃત્ત વિભાગ છે. સરકારના વિઝન અને મિશનને લોકો સુધી પહોંચાડી નાનામાં નાના લોકોપયોગી અપડેટ્સથી માંડીને મોટા-મોટા નિર્ણયો ત્વરિત જન-જન સુધી પહોંચાડવાનું ઉત્તમ કામ આ વિભાગ કરે છે.

ગુજરાતની વિકાસયાત્રાની છબી દેશ અને દુનિયામાં ઉજાગર કરવાની દિશામાં ગુજરાત અને પ્રત્યેક ગુજરાતીના ગૌરવને સુપેરે રજૂ કરવામાં માહિતી વિભાગની ભૂમિકા અત્યંત સરાહનીય રહી છે. આજે રાજ્યનો પ્રત્યેક નાગરિક ગુજરાતની વિકાસયાત્રાથી સંતુષ્ટ છે. દેશ અને દુનિયાના લોકો ગુજરાત અને ગુજરાતીઓને સન્માનપૂર્વક જુએ છે. ગુજરાતની છબી ઉજાગર કરવાનું જો કોઈને શ્રેય આપવાનું હોય તો તે નિ:સંદેહપણે માહિતી ખાતા અને એની કર્મઠ અને નિષ્ઠાવાન ટીમને આપવાનું રહે છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'ગુજરાત મારો આત્મા, ભારત મારો પરમાત્મા' મંત્રને માહિતી ખાતાની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઊર્જાવાન સરકારે સુપેરે સિદ્ધ કર્યો છે. પરંપરાગત માધ્યમથી માંડીને પ્રિન્ટ મીડિયા, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી માંડીને ઈન્ટરનેટ, ન્યુ મીડિયા અને ફેસબુકથી માંડીને યુ-ટ્યુબ સુધી સોશ્યલ મીડિયા દ્વારા તમામ પ્રચાર-પ્રસારનાં સાધનોનો સમુચિત ઉપયોગ કરીને રાજ્યનું માહિતી ખાતું જનતાને વિકાસલક્ષી યોજનાઓ અને જનહિતને વરેલી આ રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોની જાણકારી સમયસર, ઝડપથી અને વિશ્વસનીય રીતે પૂરી પાડે છે.

જનતાના પ્રશ્નો તેમના દ્વારે ઉકેલતા સેવાસેતુ કાર્યક્રમ હોય કે, વચેટિયાઓને નાબૂદ કરી મળવાપાત્ર લાભ હાથોહાથ પહોંચાડતા ગરીબ કલ્યાણ મેળા હોય, ખેડૂતોને તેમની જમીન અને પાકની મહત્ત્વની જાણકારી આપતા કૃષિમેળા હોય કે, સો ટકા નામાંકન - રજિસ્ટ્રેશનની નેમ સાકાર કરવા માટેનો શાળા પ્રવેશોત્સવ હોય: તેના અસરકારક પ્રચાર-પ્રસાર દ્વારા જનતાને સંપૂર્ણ રીતે તેનો લાભ મળે તે દિશામાં માહિતી ખાતું અસરકારક કૉમ્યુનિકેશન કરે છે.

પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રૉનિક મીડિયા અને આધુનિક યુગનાં નવાં માધ્યમોનો સુયોગ્ય સમન્વય સાધી રાજ્ય સરકારની જનહિતલક્ષી કલ્યાણકારી યોજનાઓની વિગતો અને માહિતી સતત, સઘન અને સતર્ક રીતે પહોંચતી કરી રાજ્યના તમામ નાગરિકો સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ઉઠાવી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું ક્લિયર વિઝન માહિતી ખાતાનું છે.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરીને નાગરિકો સુધી બેનમૂન રીતે પહોંચાડવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વૈશ્વિક કોરોના મહામારી દરમિયાન સમગ્ર વહીવટી તંત્ર માનવીય જીવન બચાવવા માટે ઝઝૂમતું હતું એ વેળાએ સરકાર દ્વારા જનજાગૃતિ માટે તથા માનવીય જીવન બચાવવાના જે પ્રયાસો થયા તેની સચોટ અને વિસ્તૃત વિગતો નાગરિકો સુધી પહોંચાડવા માટે વિવિધ માધ્યમોની મદદથી માહિતી વિભાગે અદ્ભુત કામગીરી કરી છે.

માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા રાજ્ય સરકારની જનહિતલક્ષી મહત્ત્વપૂર્ણ કામગીરીને પ્રજા સુધી પહોંચાડવામાં આવે છે. જનહિતના નિર્ણયો, પ્રજાકલ્યાણલક્ષી નીતિઓ, સિદ્ધિઓ, ફ્લેગશિપ કાર્યક્રમો વિશ્વસનીય રીતે સમયસર જન-જન સુધી પહોંચાડીને માહિતી ખાતાએ જનતાની સેવા કરવાનું ઉમદા કામ કર્યું છે. 'સેવા એ જ સાધના શબ્દની આરાધના' સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને ડંકાની ચોટ ઉપર સરકારની સાચી વાત જનતા સુધી પહોંચાડવા માહિતી ખાતાએ દિવસરાત એક કરીને કૉમ્યુનિકેશનની ઉમદા પરિભાષા વિકસાવી છે. ●

## શાંતિ, સલામતી અને પોલીસતંત્રના આધુનિકીકરણથી

# ગુજરાત બન્યું વિકસિત રાજ્ય

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ગુનાઓને ડામવા માટે રાજ્ય સરકારે પોલીસતંત્રને સજ્જ કર્યું છે. પોલીસતંત્રના આધુનિકીકરણની સાથે પોલીસના કર્મચારીઓ માટે ૧૨,૦૦૦ મકાનો તેમજ બિનરહેણાંક ૩૭ મકાનો બનાવવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૮૬૧ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેના પરિણામે રહેણાકના મકાનના હાલના ૪૧% સંતોષનું સ્તર વધીને ત્રણ વર્ષમાં ૬૫% લઈ જવાનો લક્ષ્યાંક છે. ગુજરાત પોલીસ આવાસ નિગમની ૧૯૮૮માં સ્થાપનાથી આજદિન સુધીમાં રૂ. ૪૪૪૩ કરોડના ખર્ચે ૪૮,૬૫૦ રહેણાકનાં મકાનો તેમજ રૂ. ૨૪૩૪ કરોડના ખર્ચે ૩૩૬૩ બિનરહેણાકનાં મકાનોની કામગીરી હાથ ધરવામાં આવી છે, જે પૈકી રૂ. ૨૧૬૯ કરોડના ખર્ચે ૩૭,૦૮૦ રહેણાકના અને રૂ. ૧૭૧૦ કરોડના ખર્ચે ૩૦૨૫ બિનરહેણાકનાં કામો પૂર્ણ થયાં છે.

આગામી વર્ષમાં છોટા ઉદેપુર, વલસાડ, પાલનપુર અને ગીર સોમનાથ ખાતે રૂ. ૧૫૮ કરોડના ખર્ચે નવી જેલો તેમજ રહેણાક મકાનોનું નિર્માણ કરવામાં આવશે, જેના લીધે કેદીઓને વધુ સારી સુવિધા આપી શકાશે તેમજ ક્ષમતા કરતાં વધુ કેદીઓ રાખવાની સમસ્યાનું મહદ્અંશે નિવારણ થશે.

સુરત શહેરમાં હીરાના ઉદ્યોગનો વિકાસ થયો છે, જેથી સુરતને ગુજરાતનું એન્ટવર્પ ગણવામાં આવે છે. સુરતમાં હીરાઉદ્યોગના વેપારીઓના જાન-માલની સલામતી અને સુરક્ષા માટે ડાયમંડ સિટી પોલીસ સ્ટેશન ઊભું કરવામાં આવશે. એ જ રીતે, સમગ્ર વિશ્વમાં નાણાકીય પ્રવૃતિઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા ગિફ્ટ સિટી ખાતે પણ અલાયદું પોલીસ સ્ટેશન ઊભું કરવામાં આવશે, જેના માટે રૂ. ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગિફ્ટ સિટીની પરિકલ્પના આજે સાકાર થઈ છે.

ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લો સરહદી જિલ્લો છે, જે સલામતી અને સુરક્ષાની દૃષ્ટિએ અગત્યનો બની રહે છે. કચ્છ જિલ્લાના ધોરડો, હાજીપીર અને ગાગોદરા ખાતેની હયાત આઉટ પોસ્ટને રૂ. ૪ કરોડના ખર્ચે પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે. રાજ્યની વધતી જતી વસ્તી તેમજ ગુનાઓના પ્રમાણને ધ્યાને લઈને પોલીસતંત્રમાં વિવિધ સંવર્ગની ૧૦૯૪ નવી જગ્યાઓ રૂ. ૪૧ કરોડના ખર્ચે ઊભી કરવામાં આવશે. છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે ૨૯,૦૦૦થી વધારેની ભરતી કરવામાં આવી છે. તેમજ ૧૨,૧૭૪ કર્મચારીઓની ભરતી કરવાની પ્રક્રિયા નોંધપાત્ર તબક્કે છે.

કાયદો વ્યવસ્થાની જાળવણી તેમજ ગુનાઓની તપાસ માટે વાહનોની આવશ્યકતા રહે છે. ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ. ૧૮૩ કરોડના ખર્ચે નવા ૨૨૫૬ વાહનોની ખરીદી કરવામાં આવશે, જેમાં ૬૪ ઇનોવા, ૧૦૯ બસ, ૧૭૮ લાઇટવાન, ૭૦૦ બોલેરો, ૯૫૦ મોટરસાઇકલ, ૩૬ ઓપન ટ્રક, ૨૨ વૉટર ટેન્કર, ૭૭ પીસીઆર વાન, ૬૭ પીસી બસ, ૧૨ ટ્રેક્ટર, ૨ વૉટર કેનનનો સમાવેશ થાય છે, જેના લીધે ક્રાઇમ કન્વિક્શન રેટ અને મોબિલિટીમાં વધારો થશે અને રિસ્પોન્સ ટાઇમમાં વધારો થશે. છેલ્લાં પાંચ વર્ષમાં ૫૨૨૫ નવાં વાહનોની ખરીદી કરવામાં આવશે.

ન્યાય સહાયક વિજ્ઞાન ખાતામાં રૂ. ૬૫ કરોડના ખર્ચે આગામી પાંચ વર્ષમાં અત્યાધુનિક સાધન-સામગ્રી ખરીદવાનું આયોજન છે, જેના ભાગરૂપે ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ ખાતાની વિવિધ કામગીરીમાં ઝડપ અને ચોકસાઈ લાવવા માટે ગૃહ વિભાગ દ્વારા મહત્ત્વાકાંક્ષી ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અલમમાં મૂક્યો છે, જેના માટે રૂ. ૨૮ કરોડના ખર્ચે હાર્ડવેર અને સૉફ્ટવેરની ખરીદી કરવામાં આવશે.

## ગૃહ વિભાગ માટેની કેટલીક ધ્યાનાકર્ષક બાબતો...

- સરકારી કચેરીઓની કામગીરી ઝડપી બનાવવા તેમજ પેપરલેસ બનાવવાની રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિના ભાગરૂપે પોલીસ ખાતાની કચેરીઓ માટે ૨૪૭૫ કૉમ્પ્યુટર અને ૨૧૫૯ પ્રિન્ટર ઈ-ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૨૮ કરોડના ખર્ચે ખરીદ કરવામાં આવશે.
- રાજ્યની ૧૯ જેલ, જેલ સ્ટાફ તાલીમ શાળા અને વડી કચેરી ખાતે રૂ. ૩ કરોડના ખર્ચે સીસીટીવી લગાડવામાં આવશે.
- રાજ્યના પોલીસતંત્રને આધુનિક બનાવવા માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના અમલી બનાવવામાં આવી છે. ૨૦૨૨-૨૩ના વર્ષમાં શસ્ત્રો, સંદેશાવ્યવહારનાં સાધનો, સિક્યુરિટી અને સર્વેલન્સ, ઇક્વિપમેન્ટ અને વિવિધ વસ્તુઓ, તાલીમ તેમજ હોમગાર્ડ્ઝ વગેરે માટે રૂ.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જેમાં રૂ.૬ કરોડના ખર્ચે વિવિધ સાધનોની ખરીદી કરવામાં આવશે તેમજ રૂ. ૨ કરોડના ખર્ચે આધુનિક તાલીમ પૂરી પાડવામાં આવશે.
- રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સમારોહમાં મહત્ત્વના મહાનુભાવોની સલામતી અને સુરક્ષા પ્રદાન કરવા માટે ગુજરાત પોલીસદળમાં ૪૪ શહેર જિલ્લા યુનિટની કુલ-૫૨ બૉમ્બ ડિસ્પોઝલ ડિટેક્શન સ્ક્વૉડ કાર્યરત છે, જેના માટે ૯ એક્સપ્લોસિવ ડિટેક્ટર, ૧૫ સર્ચ લાઇટ, ૩ રિમોટ ઑપરેટ વાયર કટર, બૉમ્બ બાસ્કેટ વિથ ટ્રૉલી વગેરે આધુનિક સાધનોની રૂ.૫ કરોડના ખર્ચે ખરીદી કરવામાં આવશે.
- ગૌમાંસના પરીક્ષણ માટે સિરોલૉજિકલ પદ્ધતિના બદલે વધુ સચોટ, અદ્યતન, સંવેદનશીલ નવી પદ્ધતિ-LMAP (Loop Mediated Isothermal Amplification) લાગુ કરવા માટે રાજ્યનાં ચાર મહાનગરોમાં રૂ. ૭૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે, જેના લીધે ચોકસાઈપૂર્ણ પરિણામો મળશે. છેલ્લાં ત્રણ વર્ષમાં ગૌમાંસના સાબિત થયેલા કેસો ૩૩૯ છે અને સાબિત થયેલા નમૂના ૧૪૭૨ છે. ●

# વિધાનસભામાં લોકપ્રશ્નોને મળી વાચા

*લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ લોકપ્રહરી તરીકે ખરા ઊતરવાનું હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહૂમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૪મી વિધાનસભાના દસમાં સત્ર દરમિયાન લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોત્તરીને સમાવવાં શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*



સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી ચંદનજીભાઈ ઠાકોરના કુટીર ઉદ્યોગના પ્રશ્નના જવાબમાં કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, પાટણ અને મહેસાણા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં બેંકેબલ યોજના હેઠળ 8980 અરજીઓ મળી હતી. જેમાં બેંકોએ પાટણમાં 997 અરજી મંજૂર કરી રૂ.774.17 લાખ અને મહેસાણામાં 2532 અરજી મંજૂર કરી રૂ.3887.66 લાખની સહાય આપી છે.



બેરોજગારીને લગતા ગરબાડાના ધારાસભ્ય શ્રી ચંદ્રીકાબહેન બારીયાના પ્રશ્નનો પ્રત્યુતર વાળતા શ્રમ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરીમાં નોંધાયેલા દાહોદના 3341 અને છોટાઉદેપુરના 4836ને રોજગારીનો અવસર પ્રાપ્ત થયો છે.



સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે વહાલી દીકરી યોજનાના પુછેલા પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રી મનીષાબહેન વકીલે 31/12/2021ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજનામાં અમદાવાદ જિલ્લાના 6046ને લાભાર્થી દીઠ રૂ.1.10 લાખની સહાય મંજૂર કરાઈ હોવાનું જણાવ્યું હતું.



રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ વિષયક દરિયાપુરના ધારાસભ્ય શ્રી ગ્યાસુદીન શેખ દ્વારા પુછાયેલા સવાલનો પ્રત્યુતર પાઠવતા શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ માહિતી આપી હતી કે, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે 1.50 લાખ આવર મર્યાદા નક્કી કરાઈ છે.



મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં વર્ષ 2019/20માં 63,586 અને 2020/21માં 64,913 મળી કુલ 1,28,499 વિદ્યાર્થીને રૂ.579.66 કરોડની સ્કોલરશીપ ચૂકવાઈ હોવાની માહિતી શિક્ષણ મંત્રીશ્રીએ મણિનગરના ધારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલના સવાલના જવાબમાં આપી હતી.



ઠક્કરબાપાનગરના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડીયાએ પુછેલા પ્રશ્નના પ્રત્યુતર સ્વરૂપે શિક્ષણ મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન(RUSA) યોજનાનો 31/12/21ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્યની પાંચ યુનિવર્સિટીએ લાભ મેળવ્યો છે.



રાજ્યમાં આઇ.જી.એસ.ટી., એસ.જી.એસ.ટી. અને વેટની આવકનો પ્રશ્ન જામજોધપુરના ધારાસભ્ય શ્રી ચિરાગભાઈ કાલરિયાએ કર્યો હતો. જેના જવાબમાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ માહિતી આપી હતી કે 01/01/2020થી 31/12/2020 સુધીમાં રૂ.49520.39 કરોડ અને 01/01/2021થી 31/12/2021 સુધીમાં રૂ.71573.48 કરોડની આવક થઇ છે.



સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંગે ધ્રાંગધ્રાના ધારાસભ્ય શ્રી પરસોત્તમભાઈ સાબરીયાએ પુછેલા પ્રશ્નના જવાબમાં ઉર્જા મંત્રીશ્રી જણાવ્યું હતું કે, 31/12/2021ની સ્થિતિએ 3042 લાભાર્થીઓને રૂ.129.01 લાખનો ખર્ચે વીજ જોડાણ અપાયા છે.



સુરત પૂર્વના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણાના સવાલનો જવાબ આપતા જળસંપત્તિ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે સુરત જિલ્લામાં ઉકાઇ કાકરાપાર જળાશય યોજના હેઠળ નહેર સુધારણા હેઠળ 31/12/2021ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં 2605.24 લાખના કામો હાથ ધરવાનું આયોજન છે. જેનાથી અંદાજે 6833 હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.



મહેસાણા જિલ્લાને લગતા કડીના ધારાસભ્ય શ્રી કરશનભાઈ સોલંકીના સવાલના જવાબમાં ઉર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ માહિતી આપી હતી કે, મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના 1464 લાભાર્થીઓને રૂ.74.62 લાખના ખર્ચે નિ:શુલ્ક ઘરવપરાશ વીજ જોડાણ અપાયું છે.



મેડિકલ કોલેજ અંગે ઉનાના ધારાસભ્ય શ્રી પુંજાભાઈ વંશ દ્વારા માંગવામાં આવેલી માહિતી અંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં 6 સરકારી અને 24 ખાનગી મેડિકલ કોલેજ તેમજ રાજકોટમાં 1 એઈમ્સ મેડિકલ કોલેજ છે. ગત બે વર્ષમાં બે કોલેજને મંજૂરી મળી છે. આ કોલેજોમાં સ્નાતક કક્ષાએ વર્ષ 2019-20માં 1350 અને વર્ષ 2020-21માં 200 બેઠકોનો વધારો કરાયો છે.



લાઠીના ધારાસભ્ય શ્રી વિરજીભાઈ ઠુમ્મરના રસ્તા બાબતના પ્રશ્ને જવાબ આપતા માર્ગ મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, અમરેલીના બાબરા અને લાઠી તાલુકામાં 7 નોન પ્લાન રસ્તા સહિત 36 રસ્તા મંજૂર થયા છે.



મત્સ્યબંદર અંગે તાલાલાના ધારાસભ્ય શ્રી ભગાભાઈ બારડના સવાલનો જવાબ આપતા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું કે, છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં નવા બંદર, માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ ફેઝ-2 ખાતે મત્સ્યબંદરના કામને મંજૂરી આપી દેવાઈ છે.

# 'ધર્મજીવન ગાથા' ગ્રંથનું વિમોચન



અમદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવેસ્થિત SGVP ગુરુકુળ ખાતે આયોજિત ભાવવંદના પર્વને સંબોધતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, તેમણે આપેલા 'સબકા સાથ સબકા વિશ્વાસ'ના સૂત્ર મૂળમાં પૂજ્ય શાસ્ત્રીજી - સ્વામી ધર્મજીવનદાસજીનો વિચાર રહેલો છે.

આ અવસરે સ્વામી શ્રી માધવપ્રિયદાસજી લિખિત ધર્મજીવન ગાથા ગ્રંથના વિમોચન પ્રસંગે વિશાળ જનમેદનીને વર્ચ્યુઅલી સંબોધતાં વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ સ્વદેશીનો વિચાર અપનાવી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. તેમણે સંતગણને સત્સંગીઓના પરિવારજનોની સામૂહિક શક્તિને જોડી આઝાદીના અમૃત મહોત્સવમાં યોગદાન આપવા માટે પણ અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે સ્વચ્છ ભારતના નિર્માણમાં સત્સંગીઓની સામૂહિક શક્તિ ઘણી ઉપયોગી થઈ પડે તેમ છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આપણી ગુરુકુળ પરંપરા એ ભવ્ય ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યને જોડતી કડી છે. આ અવસરે સ્વામી શ્રી માધવપ્રિયદાસજીના હસ્તે લિખિત 'ધર્મજીવન જીવનગાથા' ગ્રંથની પ્રથમ નકલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વામી શ્રી ધર્મજીવનદાસજીએ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધવામાં આવેલા શિક્ષાપત્રીના સંદેશને જીવનમાં ઝીલીને સમાજઘડતરનું કાર્ય કર્યું. મુખ્યમંત્રીશ્રીએ આ તકે ભારતની ગુરુકુળ પરંપરાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે , ગુરુકુળ પરંપરાને પુનઃ પ્રસ્થાપિત કરી આપણે 'શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાકાર કરી શકીએ તેમ છીએ. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સમાજને વ્યસનમુક્ત બનાવવામાં સ્વામિનારાયણ સંપ્રદાયે ભજવેલી ભૂમિકાની પણ સરાહના કરી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રી પરસોતમભાઈ રૂપાલા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ડી. એન. પટેલ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો સંતગણ તેમજ વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ●

# વડવાળા દેવ મંદિર પ્રવાસનધામ બનશે



સર્વગ્રાહી, સર્વસમાવેશક અને સમરસ વિકાસના પથ પર અગ્રેસર રહીને જ ગુજરાત પ્રવાસન, યાત્રાધામ વિકાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં દેશનું રોલમૉડેલ બન્યું છે. તાજેતરમાં સુરેન્દ્રનગરના દૂધરેજમાં વડવાળા દેવ પ્રાગટ્ય દિને મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે રૂ.૩ કરોડ ફાળવવામાં આવતાં મુખ્યમંત્રીશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજસત્તાને ધર્મસત્તાનું માર્ગદર્શન અને પ્રેરણા સતત મળી રહે છે તે આપણી વિશેષતા છે. વડવાળા ગુરુગાદીએ આપત્તિમાં પ્રજાજનોની પડખે ઊભા રહી સેવા કરી છે.

આ પ્રસંગે પ્રવાસન અને યાત્રાધામ વિકાસમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર યાત્રાધામો પ્રત્યે લોકોની શ્રદ્ધા મજબૂત થાય તે દિશામાં કાર્ય કરી રહી છે. યાત્રાધામોમાં વિવિધ આનુષંગિક સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે. આ પ્રસંગે વન અને પર્યાવરણમંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, દૂધરેજ વડવાળા મંદિર દ્વારા અનેક પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. ભૂકંપ, કોરોનાકાળ જેવા સમયમાં આવી જગ્યાઓ દ્વારા ભોજન જેવી વ્યવસ્થાઓ પૂરી પાડીને લોકોની સેવા કરવામાં આવી છે. ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, દૂધરેજ વડવાળા મંદિર યાત્રાધામના વિકાસ માટે રૂપિયા ૩ કરોડની સહાય ફાળવી રાજ્ય સરકાર તેની જવાબદારી નિભાવી રહી છે. આ પ્રસંગે દૂધરેજ વડવાળા મંદિરના મહંતશ્રી કનીરામદાસ બાપુ, ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ, પૂર્વગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ સહિત સંતો, મહંતો, શ્રદ્ધાળુઓ ઉપસ્થિતિ રહ્યા હતા. ●

## CREDAI-GIHEDના પ્રૉપર્ટી-શોનો સમાપન સમારોહ




અમદાવાદના ગણેશ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલોપર્સ (GIHED) દ્વારા આયોજિત પ્રૉપર્ટી એક્સ્પોના સમાપન સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકના ‘ઘરનું ઘર’નું સપનું સાકાર કરવામાં સહયોગ આપી બાંધકામ-ઉદ્યોગક્ષેત્ર સમાજમાં હેપીનેસ ઈન્ડેક્સ ઊંચો લઈ જવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે. આ તકે મુખ્યમંત્રીશ્રીએ બાંધકામ ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ તેમની પડતર જમીનમાં પ્રાકૃતિક કૃષિ અપનાવી ખેડૂતોને તે અંગેનું મૉડેલ પૂરું પાડી શકે.

તેમણે પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું કે, સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પ્રાકૃતિક કૃષિનું અભિયાન વેગવાન બન્યું છે ત્યારે આપણે સૌ તે મહાયજ્ઞમાં જોડાઈ સ્વસ્થ નાગરિક સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ.

આ અવસરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી જણાવ્યું હતું કે, ‘ઓછું બોલવું અને કામ વધુ કરવું’ એ આ રાજ્ય સરકારની વિશેષતા છે. તેમણે આ તબક્કે રક્ષાશક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્ય કક્ષાના શહેરી વિકાસમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ કહ્યું હતું કે, શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં રાજ્ય સરકાર મક્કમ રીતે આગળ વધી રહી છે. આ પ્રસંગે ઔડાના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ડી. પી. દેસાઈ, ક્રેડાઇ-ગાયહેડના પ્રમુખ શ્રી તેજસભાઈ જોશી, શ્રી જક્ષયભાઈ શાહ, શ્રી શેખર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## ‘સીમા ભવાની શૌર્ય એક્સપેડીશન’ એમ્પાવરમેન્ટ રાઇડ-૨૦૨૨ યોજાઇ



દેશમાં રક્ષા ક્ષેત્રે તથા સુરક્ષા બળોમાં મહિલાશક્તિની વધતી સહભાગીતાએ ભારતમાં મહિલાઓનું સ્થાન સંરક્ષકના રૂપમાં રહેલું છે તે પુરવાર કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બોર્ડર સિક્યુરિટી ફોર્સની જાંબાઝ મહિલા કર્મીઓના ‘સીમા ભવાની શૌર્ય એક્સપેડીશન’-‘‘એમ્પાવરમેન્ટ રાઇડ ૨૦૨૨’’ને બી.એસ.એફ ગુજરાતના ગાંધીનગર સ્થિત હેડક્વાર્ટરથી પ્રસ્થાન કરાવ્યું હતું.

નવી દિલ્હીના ઇન્ડીયા ગેટથી ૩૫ જેટલી મહિલા ડેરડેવિલ બાઇકર્સની ટીમ ૫૨૮૦ કિ.મી નું અંતર કાપી વિવિધ રાજ્યોમાં થઇને તામિલનાડુના કન્યાકુમારી સુધીની સફરે નીકળી હતી. આ ટીમ ગુજરાત બી.એસ.એફ હેડક્વાર્ટર આવી પહોંચતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમને સફળતાની શુભેચ્છાઓ પાઠવી આગળના પ્રયાણ માટે ફ્લેગ ઓફ કરાવ્યું હતું. તેમણે કહ્યું કે, છેલ્લા ૭ વર્ષમાં દેશના પોલીસ દળ અને કેન્દ્રીય સુરક્ષા બળમાં મહિલાઓની ભાગીદારી બમણી થઇ છે. દેશભરની સૈનિક સ્કૂલોમાં દીકરીઓ એડમિશન લઇ રહી છે. ભારતની આત્મનિર્ભરતાની ઝુંબેશ દેશની નારીશક્તિની સહભાગીતાથી જ સફળ થશે.

આ પ્રસંગે રાજ્યના પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા તથા બી.એસ.એફ ના ઇન્સપેક્ટર જનરલ શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક તેમજ બી.એસ.એફ ના અફસરો-જવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



## ગુજરાત માટે સર્વોત્તમ કામગીરી કરવા આપણે કટિબદ્ધ બનીએ

અમદાવાદમાં એ.બી.પી. અસ્મિતા દ્વારા આયોજિત એ.બી.પી. અસ્મિતા સન્માન પુરસ્કાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણે દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બની આત્મનિર્ભર ગુજરાતનો સંકલ્પ સાકાર કરીએ. આ સાથે, તેમણે ગુજરાતના વિકાસ માટે સર્વોત્તમ કામ કરવા કટિબદ્ધ બનવા હાંકલ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ એ.બી.પી. અસ્મિતાને અભિનંદન આપતા જણાવ્યું કે, આજે ન્યૂઝ ચેનલમાં બ્રેકિંગ ન્યૂઝની હરીફાઈ ચાલી રહી છે, ત્યારે તેમાંથી સમય કાઢીને ગુજરાતના ગૌરવ સમાન તારલાઓનું સન્માન કરી એ.બી.પી. અસ્મિતાએ નવો ચીલો ચાતર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ અવૉર્ડવિજેતા શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ ચૌહાણના પ્રાકૃતિક કૃષિના પ્રયોગોની પ્રશંસા કરતાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી માટે આહ્‌લેક જગાડી છે, નવી ચેતના ઊભી કરી છે અને પરિણામ સ્વરૂપે આજે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, રસાયણમુક્ત ખેતી દ્વારા આપણે સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકીશું. તેમણે ઉપસ્થિત શ્રોતાઓને સાહિત્ય, ખેલ, ઉદ્યોગ અને શિક્ષણ જેવાં ક્ષેત્રોમાંથી કંઈક નવું શીખવાનો અને ઉત્તમ સર્જન કરવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે વિવિધ ક્ષેત્રનાં નવરત્નોનું મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું.

## ૧૭૨મી સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની બેઠક સંપન્ન




કૃષિ ક્ષેત્રની સાથે બૅન્કિંગ સેક્ટર પણ એટલું જ અગત્યનું છે. કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ જેવા સેક્ટર્સમાં રાજ્ય સરકારે બજેટમાં લોન-ધિરાણ માટેની જોગવાઈઓ કરી છે તેનો વ્યાપક લાભ લાભાર્થીઓને મળે તેવી સક્રિયતા સાથે બૅન્કિંગ સેક્ટરે ઈનિશિયેટિવ્ઝ લેવાં જરૂરી છે. આ જરૂરિયાતને ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં ૧૭૨મી સ્ટેટ લેવલ બૅન્કર્સ કમિટીની બેઠકને સંબોધી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શૂન્ય ટકા વ્યાજે લોન અને કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ પશુપાલન, મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં આપવાનાં જે પ્રાવધાન આ વર્ષે બજેટમાં કરવામાં આવ્યાં છે તેમાં લક્ષ્યાંક સિદ્ધ કરવા બૅન્કોએ પોતાનું ફ્રેમવર્ક વિકસાવવું પડશે.

મુખ્યમંત્રીશ્રીનો પદભાર સંભાળ્યા બાદ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રથમ વાર આ એસ.એલ.બી.સી.ની બેઠકમાં પ્રેરણાદાયી સંબોધન કરતાં નાનામાં નાના માનવી, છેવાડાના અંતરિયાળ ગ્રામીણ નાગરિકને પણ ઘરઆંગણે બૅન્કિંગ સેવાઓ મળે તે માટે બેન્કિંગ સેવાઓના ડિજિટલાઈઝેશન માટે અનુરોધ કર્યો હતો. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, રાજ્ય સરકારનો અભિગમ પ્રો-પૂઅર રહ્યો છે, ત્યારે નાના માનવી, જરૂરતમંદ લાભાર્થીને બૅન્કમાંથી લોન-ધિરાણ આપવામાં બૅન્કોએ પણ પૉઝિટિવ અપ્રૉચ અપનાવવો પડે. આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, એસ.એલ.બી.સી.ના ચૅરમૅન શ્રી વિક્રમાદિત્ય ખીંચી, રિઝર્વ બૅન્કના રિજિયોનલ ડિરેક્ટર શ્રી રાજીવ કુમારે પણ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. આ બેઠક દરમ્યાન કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, પ્રાયોરિટી સેક્ટર્સમાં ગુજરાતમાં લોન-ધિરાણ સહાય ક્ષેત્રે ૮૨.૮૯ ટકા સિદ્ધિ ડિસેમ્બર-૨૦૨૧ અંતમાં મેળવવામાં આવી છે.

## અમદાવાદ ખાતે ICAIની બેઠકમાં સહભાગી થતા CM

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે 5 ટ્રિલિયન ઈકોનૉમી તેમજ ઇન્ડિયાની આર્થિક પ્રગતિનો સંકલ્પ સેવ્યો છે તેમાં ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ તેમજ ICAIનો રોલ ખૂબ મહત્ત્વનો રહેવાનો છે. અમદાવાદ ખાતે આયોજિત 'ધ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટસ ઑફ ઇન્ડિયા'ની મેમ્બર્સ મીટમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં વિશ્વના મોટા મોટા દેશ જ્યારે થાકી ગયા હતા અને દેશનો આર્થિક વિકાસ પણ રૂંધાઈ ગયો હતો ત્યારે વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતનો રોડમેપ તૈયાર કર્યો. આ રોડમેપને કારણે આજે દરેક ક્ષેત્ર આત્મનિર્ભર બનાવવાની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે.

ગુજરાત પણ શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં અનેક પથ પર પ્રગતિ કરી રહ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સૌથી વધુ ફૉરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવ્યું છે આ અવસરે ICAI વાઇસ પ્રેસિડન્ટ શ્રી અનિકેત તલાટીએ જણાવ્યું કે, આજે ગુજરાતમાં ICAIની ૧૧ શાખાઓ છે તેનો ગર્વ છે. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામને યાદ કરી કહ્યું કે, 'ડૉ. કલામ માનતા હતા કે 'ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ આર ધ પાર્ટનર ઑફ ધ નૅશન બિલ્ડિંગ' તેમના આ સૂત્ર-વિચાર સાથે આજે આપણે આગળ વધી રહ્યા છીએ. શ્રી અનિકેત તલાટીએ જણાવ્યું કે આજે ICAI દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે નૉર્થ ઈસ્ટના કોઈપણ વિદ્યાર્થી જો ગુજરાતમાંથી આ કોર્સ કરે તો તેમને ૭૫%ની ફી માફ કરવામાં આવશે. આ પ્રસંગે ICAIના પ્રેસિડન્ટ દેબાશિષ મિત્ર, પૂર્વ પ્રેસિડન્ટ અને વાઇસ પ્રેસિડન્ટ તેમજ મોટી સંખ્યામાં ચાર્ટર્ડ અકાઉન્ટન્ટસ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગરીબોને પાકા આવાસ પૂરા પાડવાનો નિર્ધાર



દરેક નાગરિકને 'ઘરનું ઘર' મળી રહે તે માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલું સ્વપ્ન સાકાર કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે અને એ દિશામાં પરિણામલક્ષી પગલાં લીધાં છે. અમદાવાદ પૂર્વ વિસ્તારમાં ઓઢવ - ઇન્દિરાનગર ખાતે તૈયાર થયેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લોકાર્પણ પ્રસંગે નગરજનોને રૂ. ૨૭૧ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ ધરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે અમદાવાદ શહેરની ઝૂંપડપટ્ટીઓમાં વસતા ગરીબોને પાકા આવાસ પૂરા પાડવાનું આયોજન હાથ ધર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૧૭૯ કરોડના હાઉસિંગ પ્રકલ્પ, રૂ. ૪૭ કરોડના પાણી-પુરવઠા અંગેના પ્રકલ્પ અને રૂ. ૧ કરોડના હેરિટેજ પ્રકલ્પનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ ઓઢવ-ઇન્દિરાનગર ખાતે તૈયાર થયેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં ૧૬૧૦ મકાનો અને બાવન દુકાનોનું લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે ઉદ્યોગમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક પરિવારને મકાન મળે તેનો સંકલ્પ કર્યો અને આજે તે સાકાર થઈ રહ્યો છે. રાજ્યકક્ષાના શહેરી વિકાસમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું કે, અનેક લાભાર્થીઓને જે લાભ મળી રહ્યો છે, તે જ લાભ ભવિષ્યમાં અન્ય લાભાર્થીઓને પણ મળશે. તેમણે રાજ્યના દરેક પરિવારને આવાસ આપવાના રાજ્ય સરકારના પ્રયાસોને અનુકરણીય ગણાવ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર ધારાસભ્યશ્રીઓ, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી, મહાનગરપાલિકાના કમિશનર શ્રી લોચન સેહરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# વીરાંજલિ કાર્યક્રમો રાષ્ટ્રપ્રેમ પ્રજ્વલિત કરવાના પ્રેરણાસ્રોત બનશે




શહીદ દિન નિમિત્તે અમદાવાદના ખાતે શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આયોજિત વીરાંજલિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, આત્મનિર્ભર, સંપન્ન અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે આપણે યુવાનોમાં દેશપ્રેમની જ્વાળા પ્રગટાવવી પડશે અને આવા વીરાંજલિ કાર્યક્રમો એ જ્યોત પ્રજ્વલિત કરવાના પ્રેરણાસ્રોત બનશે.





વિધાનસભાનાં અધ્યક્ષા શ્રી ડો. નીમાબહેન આચાર્યે જણાવ્યું કે, ૨૩ માર્ચે શહીદ દિન ઊજવીએ છીએ તેનું ખૂબ જ મહત્ત્વ છે. આવા કાર્યક્રમો થકી આપણે યુવાનોમાં શહીદ થયેલા વીરોની ગાથાને તાજી કરાવી શકીએ છીએ. તેમણે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનારા શહીદનું નામ હંમેશાં અમર થઈ જાય છે.

આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સર્વે ધારાસભ્યશ્રીઓ તેમજ આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# પાંચ TP સ્કીમને મંજૂરી આપતાં CM

રાજ્યના નગરો-મહાનગરોના આયોજનબદ્ધ વિકાસની નેમ સાકાર કરતાં ૧ પ્રિલીમનરી અને ૪ ડ્રાફ્ટ મળીને કુલ પાંચ ટાઉન પ્લાનીંગ સ્કીમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક જ દિવસમાં મંજૂરી આપી છે. તદઅનુસાર, તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટી.પી સ્કીમ-૧ બોડકદેવ પ્રિલીમનરી સ્કીમ મંજૂર કરી છે.



આ ઉપરાંત, ચાર ડ્રાફ્ટ સ્કીમ અંતર્ગત અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ-ઔડાની મુસદારૂપ ટી.પી સ્કીમ નં-૩૦૭ સાંતેજ-રકનપૂર, ગાંધીનગર શહેરી વિકાસ મુસદારૂપ ટી.પી સ્કીમ નં. ૨૮ સરગાસણ-પોર-કુડાસણ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મુસદારૂપ ટી.પી સ્કીમ નં.૨૧ રૂવા-વડવા અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મુસદારૂપ ટી.પી સ્કીમ નં.૧૧ જામનગરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ ચાર ડ્રાફ્ટ ટી.પી સ્કીમને પરિણામે કુલ ૨૪.૩૧ હેક્ટર્સ જમીન સામાજિક અને આર્થિક રીતે નબળા લોકોના આવાસ માટે સંપ્રાપ્ત થવાની છે. આવી જે જમીન સંપ્રાપ્ત થશે તેમાં ઔડાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ ૩૦૭ સાંતેજ-રકનપૂરમાં અંદાજે ૫.૫૬ હેક્ટર્સ, ગાંધીનગર શહેરી વિકાસ ડ્રાફ્ટ ટી.પી ૨૮ સરગાસણ-પોર-કુડાસણમાં ૧.૮૬ હેક્ટર્સ, ભાવનગર મહાનગરપાલિકાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ-૨૧ માં ૭.૬૫ હેક્ટર્સ અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મુસદારૂપ ટી.પી સ્કીમ-૧૧માં ૯.૨૪ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત ખુલ્લી જગ્યા, બાગ-બગીચા તથા રમત-ગમતના મેદાન અને જાહેર સુવિધા માટે જે જમીન સંપ્રાપ્ત થશે તેમાં ઔડાની મુસદારૂપ ટી.પી સ્કીમ-૩૦૭માં અનુક્રમે ૬.૧૩ અને ૪.૮૮ હેક્ટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોચી વળવા વેચાણ માટે અંદાજે ૯.૦૭ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થઇ શકશે. ગાંધીનગર શહેરી વિકાસ મુસદારૂપ ટી.પી સ્કીમ-૨૮ માં આ હેતુસર ૩.૨૪ હેક્ટર્સ અને ૫.૦૧ હેક્ટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોચી વળવા વેચાણ માટે આશરે ૨૧.૪૫ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે. ભાવનગર મહાનગરની મુસદારૂપ ટી.પી સ્કીમ-૨૧ માં ખુલ્લી જગ્યા, બાગ-બગીચા તથા રમત-ગમતના મેદાન માટે ૧૦.૧૭ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૮.૪૪ હેક્ટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટે આશરે ૨૦.૮૩ હેક્ટર્સ જમીન મળી કુલ આશરે ૪૭.૨૭ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે.

એટલું જ નહિ, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મુસદારૂપ ટી.પી સ્કીમ-૧૧માં ખુલ્લી જગ્યા, બાગ-બગીચા તથા રમત-ગમતના મેદાન માટે ૧.૫૭ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૫.૫૬ હેક્ટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટે આશરે ૧૬.૧૫ હેક્ટર્સ જમીન મળી કુલ આશરે ૩૬.૩૩ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. મુખ્યમંત્રીશ્રીએ આ ટાઉન પ્લાનીંગ સ્કીમો મંજૂર કરી ગુજરાતના શહેરોનો વિકાસ વેગવંતો રાખવાનો રાજ્ય સરકારનો સંકલ્પ વધુ એકવાર સાકાર કર્યો છે. ●

# અમદાવાદ શહેરમાં પીવાના પાણીના વિતરણ માટેની યોજનાને મંજૂરી

અમદાવાદ મહાનગરપાલિકામાં પીવાના પાણીના વિતરણ માટે ૮૭.૧૬ કરોડ રૂપિયાનાં કામોને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી હતી.

અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના કોતરપુર વૉટર વર્ક્સ ખાતે હયાત 650 એમએલડી તથા 200 એમએલ-ડી ક્ષમતાના વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે તેમજ વધારાના 300 એમએલડીના પ્લાન્ટના આયોજન સાથે આ પ્લાન્ટની કુલ ક્ષમતા ૧૧૫૦ એમએલડી થશે.

મહાનગરપાલિકાએ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન મારફતે મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કરેલી દરખાસ્તમાં જણાવવામાં આવ્યું હતું કે, કોતરપુર વૉટર વર્ક્સમાંથી હાલ અમદાવાદ મહાનગરના ઉત્તર, પૂર્વ, મધ્ય, દક્ષિણ તથા પશ્ચિમ ઝોનમાં પાણીપુરવઠો પૂરો પાડવામાં આવે છે.

પશ્ચિમ અને મધ્ય ઝોનના વૉટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનને કોતરપુરના ૬૫૦, ૨૦૦ અને ૩૦૦ એમએલડી ક્ષમતાના વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આંતરિક જોડાણ કરીને પ્રવર્તમાન સ્થિતિએ વધારાની અને ભવિષ્યની પાણીની જરૂરિયાત સંતોષવા ટ્રંક મેઈન પાઈપલાઈન નાખવાનું અમદાવાદ મહાનગરપાલિકાએ આયોજન કર્યું છે.

આ ઉપરાંત તેમણે ૨૨૦૦ એમએમ ડાયાની પાઈપલાઈનને સાબરમતી નદી પાર કરાવવા માટે બ્રિજનાં કામો માટે ૧૫.૮૪ કરોડ, રોડ રિસરફેસિંગ કામો માટે ૧૦ કરોડ મળી સમગ્રતયા ૮૭.૧૬ કરોડ રૂપિયાનાં કામો મંજૂર કર્યાં છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં જાસપુર વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણી વિતરણનાં કામો માટે રૂ.૧૬૮.૭૩ કરોડનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. ●

# ડાંગ દરબારમાં રાજવીઓનું સન્માન



રાજા - રજવાડાંઓની માતૃભૂમિ પ્રત્યેની દેશભક્તિની અપ્રતિમ શૌર્યગાથાને વાગોળવાનો અવસર એટલે ડાંગ દરબાર. કોરોનાકાળમાં બંધ રહ્યા બાદ યોજાઈ રહેલા ડાંગ દરબારમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવમાં અંગ્રેજોની આધીનતા નહીં સ્વીકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરી આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃતિપ્રેમ, કલાવારસો વગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પૂરો પાડતા ડાંગ દરબારની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને વર્ણવી હતી.

આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલે ડાંગના રાજવીશ્રીઓને અપાતી સાલિયાણા અર્પણ કરવાની ઐતિહાસિક પ્રણાલીને બિરદાવી ડાંગની વિકાસગાથા વર્ણવી હતી.

ડાંગ દરબારના ઐતિહાસિક લોકમેળાના ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન રાજ્યપાલશ્રીના હસ્તે ડાંગના માજી રાજવીશ્રીઓનું યથોચિત સન્માન કરાયું હતું. પ્રત્યુત્તરમા ડાંગના રાજવીશ્રીઓએ પણ ડાંગ પ્રદેશના સમગ્ર પ્રજાજનો વતી રાજ્યપાલશ્રીને ધનુષબાણ અર્પણ કરી તથા પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. રાજવીશ્રીઓને સ્વર્ણમુદ્રા સહિત પરંપરાગત પાનસોપારી, શાલ, અને સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી.

દરબારના ઐતિહાસિક કાર્યક્રમ વેળા રાજ્યપાલશ્રીના હસ્તે માજી રાજવીઓ, નાયકો અને તેમના ભાઉબંધોને વાર્ષિક પૉલિટિકલ પેન્શનની ટોકન રકમ પણ અર્પણ કરી હતી.

# સુરેન્દ્રનગરના કોંઢ ગામે પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો

સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ઉત્કર્ષ હેલ્થ કેર ફાઉન્ડેશન ઈન્ડિયા દ્વારા નિર્મિત સ્વ.ચીમનલાલ વ્યાસ લાઈબ્રેરીનું લોકાર્પણ અને કૃષિ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ, પાણી બચાવવા અને ધરતીને ઝેર મુક્ત કરવા પ્રાકૃતિક ખેતી ઉત્તમ વિકલ્પ છે. પહેલા બીજની પસંદગી કરી બીજને સંસ્કારિત કરી વાવણી કર્યા બાદ જીવામૃત થકી પદ્ધતિસર પ્રાકૃતિક ખેતી જમીનમાં ઑર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધે છે. અળસિયા અને સૂક્ષ્મ જીવાણુંની વૃદ્ધિ થવાના કારણે ઉત્પાદનમાં પણ આપોઆપ વધારો થાય છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, વ્યાસ પરિવાર દ્વારા નિર્મિત લાઈબ્રેરીથી બાળકોમાં જ્ઞાન સંવર્ધન થશે. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, નવી શિક્ષણનીતિ અનુસાર હવે બાળકોને ધોરણ-૬થી ૮માં ભગવદ ગીતાના પાઠ ભણાવવામાં આવશે. આ તકે પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખેડૂતોને તેમણે અનુરોધ કર્યો હતો.



## ભાવનગરના અધેવાડામાં આધ્યાત્મિક શિબિર



ભાવનગરના અધેવાડામાં આવેલા શિવકુંજ આશ્રમમાં આયોજિત સંસ્કૃત, સંસ્કાર અને સંસ્કૃતિની ત્રિવેણી સમાન ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરમાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી સહભાગી થયા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ધર્મ અને અધ્યાત્મે પ્રબોધેલા શિક્ષણ અને સંસ્કારના એક તાંતણે આપણે સૌ બંધાયેલા છીએ. જીવનપરિવર્તનનો એક મોટો માર્ગ આધ્યાત્મ છે. સમાજ ઉત્થાન અને સમાજ ઉન્નતિ તથા જીવનના વિકાસ માટે સંતો જે તપશ્ચર્યા કરી રહ્યા છે તે બેમિસાલ છે. ધર્મનો ધ્વજ ઉપર રહે અને આપણે સૌ તેના છત્ર નીચે સુખ અને શાંતિ અનુભવી શકીએ તે ખરી આધ્યાત્મિકતા છે. કર્મના સિદ્ધાંતો, નીતિ અને અનીતિ, ધર્મ અને અધર્મ, સત્ અને અસત્ વગેરેના ભેદના સંસ્કારો ધાર્મિક સત્સંગથી આવતા હોય છે. આવી શિબિરો માત્ર આધ્યાત્મિક ન બની રહેતાં સમાજ માટે પણ ખૂબ જ મહત્ત્વની બની રહેતી હોય છે. વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે છતાં અધ્યાત્મે જે ઊંચાઈ હાંસલ કરી છે તે વિજ્ઞાન દ્વારા હાંસલ કરી શકાય નથી તે વાસ્તવિકતા આપણે સૌએ સ્વીકારવી રહી.

## રૂદ્રમાતા સિંચાઇ યોજના થકી બદલાશે કચ્છના ભૂમિપુત્રોનું જીવન



કચ્છ જિલ્લામાં રૂદ્રમાતા મધ્યમં સિંચાઇ યોજનાને ઊંડી કરવા માટે રૂ.4.11 કરોડની રકમ ફાળવવામાં આવી છે. રૂદ્રમાતા ડિસિલટિંગને લીધે ડેમમાં અંદાજે 28.82 એમ.સી.એફ.ટી.નો વધારો સંગ્રહશક્તિમાં થશે. આ યોજનાથી જિલ્લાની હાલની કેતી વિષયક તેમજ સિચાઇના પાણીનો પ્રશ્નનું નિરાકરણ આવ્યું છે.

વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ. નિમાબહેન આચાર્યના કચ્છના ખેડૂતોને સિંચાઇની પૂરતી સુવિધા મળે તે માટે કરાયેલા પ્રયાસો અને રજૂઆતોને સફળતા મળી છે. ધરતીપુત્રો, પશુપાલકો અને છૂટક ખેતીકામ કરતા શ્રમિકોને પણ ફાયદો થશે તેવો દ્રઢ વિશ્વાસ શ્રી ડૉ. નિમાબહેન આચાર્યએ વ્યક્ત કર્યો હતો. તેમણે કચ્છને હરિયાળો પ્રદેશ બનાવવા ખેડૂતોને હાકલ કરી હતી.

આ યોજના સાકાર થયા બાદ કચ્છનો ખેડૂત આકાશી ખેતી ઉપર અવલંબિત કહેવાના બદલે ભૂગર્ભ જળ ઉંચા આવતા આત્મનિર્ભર બનશે. તેમની આવક બમણી થવા સાથે જીવનધોરણ સુધરશે. પશુપાલકોના પાણી અને ઘાસચારાનો પ્રશ્ન પણ ઉકેલાઇ જશે.

## અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકો માટે હેલ્પલાઈન



અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકોને તેમના હકોનું રક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જેનો પુરાવો ગાંધીનગરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે અત્યાચારનો ભોગ બનેલી અનુસૂચિત જાતિ-જ નજાતિના નાગરિકો માટે હેલ્પલાઈનનું લૉન્ચિંગ કરીને આપ્યો. મંત્રી શ્રી પરમારે કહ્યું કે, અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકોના હકોના રક્ષણ તથા તેમને મુખ્ય પ્રવાહમાં જોડવાના પ્રયાસરૂપે આ હેલ્પલાઇન નંબર - ૧૪૫૬૬ તથા ટોલ ફ્રી નંબર- ૧૮૦૦૨૦૨૧૯૮૯ કાર્યરત કરવામાં આવ્યા છે. અત્યાચારનો ભોગ બનેલી અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકો આ હેલ્પલાઈન પર એટ્રોસિટીને લગતી ફરિયાદ કરી શકે છે અને માર્ગદર્શન પણ મેળવી શકે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી શ્રી મનીષાબહેન વકીલે કહ્યું કે, અત્યાચારનો ભોગ બનેલી અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકોને ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ સહાય આપવામાં આવે છે. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં રાજ્ય કક્ષાએ અત્યાચારનો ભોગ બનેલી અનુસૂચિત જાતિ-જનજાતિના નાગરિકો માટે National Helpline Against Atrocities - હેલ્પલાઇનનું અલ્ટ્રા મૉડર્ન કોલ સેન્ટર જેવું સેલ્ફ સર્વિસ પૉર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

# કોરોના કાળમાં સેવા આપનાર ડેન્ટલ તબીબોનું સન્માન



કોવિડ-૧૯ મહામારીના કટોકટીકાળમાં ડેન્ટિસ્ટઓએ તબીબી સેવા પૂરી પાડી માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં 'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે' નિમિત્તે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કોરોના કાળમાં સેવા આપનાર ડેન્ટલ તબીબોનું સન્માન કરવામાં આવ્યું હતું. આરોગ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમદાવાદ ડેન્ટલ હોસ્પિટલ દ્વારા કોરોના કાળમાં ૪૯૧ મ્યુકરમાઈકોસિસના દર્દીઓની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી, જે આ તબીબોની નિપુણતા દર્શાવે છે. કોવિડ-૧૯ મહામારીમાં ડેન્ટિસ્ટઓએ તબીબી સહાય આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રાજયની વિવિધ ડેન્ટલ કોલેજ દ્વારા કોરોનાકાળ અને મ્યુકરમાઇકોસિસ દરમિયાન કરવામાં આવેલી સરાહનીય કામગીરીને પ્રશસ્તિ પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. 'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે-૨૦૨૨' ના દિવસે આરોગ્ય મંત્રીશ્રીએ દાંત અને પેઢાના સ્વાસ્થ્ય અંગેની માહિતી આપતી પુસ્તિકાનું અનાવરણ કર્યું હતું.

## પાંજરાપોળમાં દાન આપનાર દાતાઓનું સન્માન



ધર્મ અને સંસ્કૃતિમાં જીવ માત્ર પ્રત્યે સંવેદના અને સેવાભાવને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પાટણના સરસ્વતી તાલુકાના ખલીપુર ગામે આવેલા શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં અનુમોદના અવસર યોજાયો હતો, જેમાં પાંજરાપોળમાં દાન આપનાર દાતાશ્રીઓ અને જીવદયાપ્રેમીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું કે, હેમચંદ્રાચાર્યજી મહારાજના જ્ઞાન અને મહારાજા કુમારપાળની કરુણાથી સિંચાયેલી પાટણની આ ઐતિહાસિક ધરતી પર ખલીપુર પાંજરાપોળમાં ૧,૮૦૦થી વધુ પશુઓને આશ્રય આપવામાં આવ્યો છે. ઘાસચારા ઉપરાંત તેમના આરોગ્ય સહિતની વ્યવસ્થા કરી જીવદયાના આ મહાયજ્ઞમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા સૌ જીવદયાપ્રેમીઓ વંદનીય છે. ખેડૂતો તરફથી પાંજરાપોળમાં ઘાસચારા સામે પાંજરાપોળ તરફથી ખેડૂતોને ગાયનું છાણ ઉપલબ્ધ કરાવવામાં આવે તો આ વિસ્તારમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વેગ મળશે.

## NFSU દ્વારા દેશની ખ્યાતનામ ૧૧ મહિલા વૈજ્ઞાનિકોનું સન્માન

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી(NFSU) દ્વારા દેશની ખ્યાતનામ ૧૧ મહિલા વૈજ્ઞાનિકોના વિશિષ્ટ પ્રદાન માટે તેમની સેવાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ ડો. જે. એમ. વ્યાસને વર્ષ-૨૦૨૨માં પદ્મશ્રી એવોર્ડ માટે પદનામિત કરાયા તે બદલ વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ.નીમાબહેન આચાર્યએ તેમને અભિનંદન પાઠવી નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ફક્ત દેશમાં જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી નામના મેળવી રહી છે તેનો સંપૂર્ણ શ્રેય તેમને આપ્યો હતો. અધ્યક્ષાશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની રચના કરવાનો મુખ્ય હેતુ ગુન્હા ક્ષેત્રના ઉકેલ માટે વૈજ્ઞાનિક ટેકનિકલ નિષ્ણાતોની ઉણપ દૂર કરવાનો છે. ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપનાથી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુન્હા સંશોધન ક્ષેત્રમાં અને આંતરિક સલામતી વ્યવસ્થા ઊભી કરવા માટે હાલ જણાઈ રહેલી ઉચ્ચ કક્ષાની ટેકનિકલ નિષ્ણાતોની ઉણપ દૂર થશે. આ પ્રસંગે ડાયરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ ગુજરાત સ્ટેટના શ્રી એચ. પી. સંઘવી સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ●



# ખેડૂતપુત્રની જમીનથી હવાઈ સફર



આર્થિક સંકડામણના કારણે પાઈલોટના સ્વપ્નને ભૂલી એન્જિનિયરિંગ કરવા મન મનાવી લીધું હતું. આ દરમ્યાન બસ સ્ટેન્ડમાં ગુજરાત સરકાર કૉમર્શિયલ પાઈલોટ બનવા માટે રૂપિયા ૨૫ લાખ સુધીની સહાય કરે છે તે જાહેરાતનું બૅનર વાંચ્યું અને જૂનાગઢસ્થિત વિકસતી જાતિ વિભાગના નાયબ નિયામકશ્રીનો સંપર્ક કર્યો હતો. પરિણામે તેમને ટૂંકા સમયગાળામાં લોન મળતાં સફળતાપૂર્વક પાઈલોટ બનવાનું સપનું સાકાર કર્યું.

હર્ષ કહે છે, પાઈલોટની ટ્રેનિંગ ખૂબ જ ખર્ચાળ છે. હાલ મારું લાઈસન્સ આવી ગયું છે. હજુ આગળ ઈન્ટરનૅશનલ તાલીમ મારે લેવી છે. પાઈલોટ બનવા માટે રીડિંગ, ગ્રાઉન્ડની તાલીમ ઘર બેઠાં થઈ જાય છે, પરંતુ ફ્લાઈંગ ટ્રેનિંગ માટે વધુ ખર્ચ થાય છે. ૧ વર્ષમાં ૨૦૦ કલાક ફ્લાઈંગ કરવાનું હોય છે. મધ્યમ વર્ગના વિદ્યાર્થી માટે આર્થિક સહાય વગર આ પ્રકારની તાલીમ લેવી શક્ય ન બની શકે.

આમ, આર્થિક પરિબળના કારણે કોઈ તેજસ્વી બાળક ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે એ માટે સરકારશ્રી દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. સરકારના આર્થિક સહયોગથી સામાન્ય કે મધ્યમ પરિવારનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ના રહે તેની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જેનો લાભ લઈને અનેક યુવાઓ રોજગારી મેળવવા સાથે સમાજમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે. ●

**ક્રિષ્ના સિસોદિયા**

યુવાઓનું કાર્ય છે સપનાં નિહાળવાનું અને તેને પૂર્ણ કરવા મહેનત કરવાનું. જ્યારે યુવાઓ ખંતથી આગળ વધવા માગે ત્યારે તેને પાંખો અને આકાશ આપવાનું કાર્ય કરવાનું નિષ્ઠાપૂર્વકની ફરજ જો કોઈ અદા કરતી હોય તો તે છે રાજ્ય સરકાર. જૂનાગઢના મેંદરડા તાલુકાના ગુંદાળાના ખેડૂતપુત્ર હર્ષ વેગડે રાજ્ય સરકારની સહાયથી પાઈલોટ બનવાનું સપનું સાકાર કર્યું છે.

ગુંદાળામાં ૧૦ એકર જમીનમાં હર્ષના પિતા જગદીશભાઈ વેગડ ખેતી કરે છે. માતા રસીલાબહેન ગૃહિણી છે, જ્યારે મોટા ભાઈ ફાયર સેફ્ટી ઑફિસર છે. હર્ષના પાઈલોટ બનવાના સ્વપ્નને પાંખ આપનાર રાજ્ય સરકારનો આભાર માનતાં જણાવ્યું હતું કે,

# પંચાયત મહાસંમેલનથી પ્રભાવિત થતા પ્રતીકભાઈ

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હરહંમેશ ગામડાંઓના વિકાસ માટે સતત ચિંતિત રહ્યા છે. તેમજ ગામડાંના વિકાસ માટે જનપ્રતિનિધિઓને પ્રોત્સાહન આપતા રહ્યા છે. તાજેતરમાં અમદાવાદમાં આયોજિત ગુજરાત પંચાયત મહાસંમેલનને સંબોધીને વડાપ્રધાનશ્રીએ પંચાયતના પ્રતિનિધિઓને પ્રોત્સાહિત કર્યા હતા. વડાપ્રધાનશ્રીના સંબોધનથી અનેક પ્રતિનિધિઓએ પ્રોત્સાહન મળ્યું છે. પ્રભાવિત થયા છે. આવી જ એક વ્યક્તિ એટલે બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ગાદલવાડા ગામના ઉપસરપંચ શ્રી પ્રતીકભાઈ લુનેચિયા. શ્રી પ્રતીકભાઈ જણાવે છે કે, વડાપ્રધાનશ્રીએ ગામમાં બગીચો બનાવી 75 વૃક્ષો વાવવા તેમજ



ગામના નોકરી કરતા ભાઈઓને ગામના જન્મદિવસે બોલાવી ઉજવણી કરી ગામના વિકાસ માટે તેમની મદદ લઈ ગામનો વિકાસ થાય તેવું સુંદર આયોજન કરવા અનુરોધ કર્યો હતો. તેમની આ વાતે ખૂબ જ પ્રભાવિત કર્યો છે. નિવૃત્ત સરકારી કર્મચારી એવા પ્રતીકભાઈ જણાવે છે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ કર્મચારીઓને ખરા કર્મયોગી બનાવ્યા છે. તેમના આ કામથી પ્રભાવિત થઈને પ્રતિકભાઈને પણ ગામનો વિકાસ કરવાની ઈચ્છા થઈ હતી. ગાદલવાડાના ગામલોકોએ તક પ્રતિકભાઈને ઉપસરપંચ બનાવીને આપી. સરકારની ગ્રાન્ટનો ઉપયોગ ગામના વિકાસમાં થાય તે રીતે કામ કરવાની ધગશ હોવાનું પ્રતીકભાઈ જણાવ્યું હતું. ●

# છાત્રોએ પોકેટમનીથી બનાવી હર્બલ પ્રોડક્ટ કંપની

✎ દર્શન ત્રિવેદી



હજુ તો ભણવાની ઉંમર હોય... કૉલેજની મજા માણવાનાં વર્ષો હોય... તેવા સમયે પોતાની કંપની સ્થાપવી એ તો માત્ર દિવાસ્વપ્ન જેવી વાત હોય છે. સાવ એવું પણ નથી. વડોદરાના બે વિદ્યાર્થીઓએ આ બાબત સાકાર કરી બતાવી છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટરની મદદથી માત્ર ૨૦ વર્ષના બે છાત્રોએ પોતાની કંપની સ્થાપી છે. આ કંપનીના માધ્યમથી યુનિક કહી શકાય એવી ૧૯ આયુર્વેદિક, હર્બલ પ્રોડક્ટ બજારમાં મૂકી છે. આ બન્ને યુવાનોનાં આ ઉત્પાદનો વાપરીને તમે આફરીન પોકારી ઊઠશો.

અહીંના સરકારી આયુર્વેદ મહાવિદ્યાલયના છાત્ર જિનેન્દ્રદત્ત શર્મા અને વેલ્લોર યુનિવર્સિટીમાં મિકેનિકલ કોરનો અભ્યાસ કરતા ચિન્મય કપ્રુઆને ભેગા મળી સ્વસ્થવ્રિતા હેલ્થ સોલ્યુશન નામની કંપની બનાવી છે. હાલ આ કંપની એમએસયુના ઈન્ક્યુબેશન સેન્ટરમાં છે. કંપનીના સંચાલન ઉપરાંત પ્રોડક્શન મૅનેજમેન્ટ, માર્કેટિંગ સાથે અભ્યાસ તો ચાલુ જ છે. સ્વસ્થવ્રિતા હેલ્થ સોલ્યુશનમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટનું કામ સંભાળતા જિનેન્દ્રદત્ત શર્મા કહે છે, આજે બજારમાં અનેક પ્રકારની આયુર્વેદિક પ્રોડક્ટ મળે છે. ખાસ કરીને વિવિધ દર્દોની દવાઓ, તંદુરસ્તી માટેનાં ટોનિક, હેરઑઈલ, સાબુઓ મળે છે. તેની સામે અમે લોકોને સરળતાથી ઉપયોગમાં આવી શકે એવાં ઉત્પાદનો બજારમાં મૂક્યાં છે. તેનું ઉત્પાદન આયુર્વેદના ગ્રંથોમાં નિર્દેશિત વિધિ અને ટેક્નોલોજીના સમન્વયથી કરવામાં આવે છે. હાલમાં ૧૯ પ્રકારની પ્રોડક્ટ બનાવવામાં આવે છે.

કંપની ક્લાઉડ-૯ બાથ સોલ્ટ બનાવે છે. આપણને બજારમાં અનેક પ્રકારના આયુર્વેદિક, કોસ્મેટિક સાબુ મળી જશે, પણ, બાથ સોલ્ટ ક્યાંય ઉપલબ્ધ નથી. હિમાલિયન રોક સોલ્ટનો ઉપયોગ કરી આ બાથ સોલ્ટ બનાવવામાં આવે છે. પીપરમિન્ટ, નીલગિરિ, લવેન્ડર, લેમનગ્રાસ ફ્લેવરમાં ઉપલબ્ધ છે. હિમાલય રોક સોલ્ટ શરીરની ચામડી માટે ખૂબ જ ફાયદાકારક છે. તેનાથી ત્વચામાં રુક્ષતા આવતી નથી અને ચમક આવે છે. ગરમ પાણીમાં બે ચમચી નાખી, તેમાં પગ બોળી રાખવાથી પાનીમાં વાઢિયા પડવાની સમસ્યા દૂર થાય છે. નહાવા માટે પણ ગરમ પાણીમાં બે ચમચી નાખીને ઉપયોગ કરવાથી શરીરે સાબુ લગાવવાની પણ જરૂર રહેતી નથી. હિમાલયન રોક સોલ્ટના સ્નાનથી અદ્દભુત તાજગીનો અનુભવ થાય છે. એવી જ રીતે ક્લાઉડ-૯ એરોમાથેરાપી કેન્ડલનું કામ પણ ગજબનું છે. શોક, એન્ઝાઈટી, ડિપ્રેશન, ઈન્સોમેનિયા જેવી વ્યાધિમાં એરોમાથેરપીની કેન્ડલ બહુ જ ફાયદાકારક છે. ઉક્તમાંથી કોઈ પણ વ્યાધિમાં આ કેન્ડલ પ્રગટાવવાથી વાતાવરણ એકદમ પ્રફુલ્લિત થઈ જાય છે. કેન્ડલ પાંચેક કલાક સુધી પ્રજ્વલિત રહે છે. આ ઉપરાંત, છાશ અને દૂધમાં નાખી પીવા માટે એપેટિટો અને રેસ્પિરો પણ અનોખી પ્રોડક્ટ છે. તેની સાથે સ્યુગર ફ્રિ અને ઈમ્યુનિટી બૂસ્ટિંગ માટે આમલા લાડુ પણ બનાવવામાં આવે છે.

આ બન્ને યુવાનોએ પોતાને મળતી પૉકેટમનીમાંથી રૂ. ૪૫ હજાર બચાવી આ કંપની બનાવી છે. આ કંપની જે નફો કરે છે, તે ફરી મૂડી તરીકે કંપનીમાં જ રોકવામાં આવે છે. હાલની પ્રોડક્ટ રેન્જને ભવિષ્યમાં વધારવાની પણ યોજના છે. હાલમાં ફોર્મ્યુલા આપી અન્ય યુનિટ પાસે જોબવર્ક કરાવવામાં આવે છે. કેટલાંક ઉત્પાદનોના વેચાણ માટે અન્ય કંપનીઓ સાથે કૉલોબ્રેશન કરવામાં આવ્યું છે. વળી, પ્રોડક્ટને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયાનું સર્ટિફિકેટ મળ્યું છે. આ ઉપરાંત, ચિન્મય કપ્રુઆને એક મસાજ જેકેટ બનાવ્યું છે. જે જેકેટ પહેરવાથી શરીરને ગરમ શેક મળવા સાથે વિવિધ ભાગોમાં મસાજ પણ થાય છે. ●

# લોકહિતને અભિપ્રેત કરતું ગુજરાતનું અંદાજપત્ર : મુખ્યદંડકશ્રી



સુખ, સમૃદ્ધિ અને સુવિધાથી સંપન્ન લોકજીવનના વિચારને અભિપ્રેત કરતા ગુજરાત સરકારના બજેટને વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈએ આવકાર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંતુલિત અને સંવેદનાસભર લોકાભિમુખ વહીવટના અભિગમ સાથે રૂ.560.09 કરોડની પુરાંતવાળા રજૂ કરેલા અંદાજપત્રમાં રાજ્ય સરકારના દિર્ઘદૃષ્ટિકોણનો પરિચય જોવા મળ્યો છે.

મુખ્ય દંડકશ્રીએ અંદાજપત્રના વિવિધ પાસાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત 61 લાખ ખેડૂત ખાતેદારોના બેંક ખાતામાં સીધા જ રૂ.10 હજાર કરોડની સહાય અપાઈ છે. કૃષિકલ્યાણ ઉપરાંત સૌરાષ્ટ્રને પાણીથી તરબતર કરતી યોજના સૌની યોજના ગુજરાત સરકારના જળ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજ્ય સરકાર નવી 5 મેડિકલ કોલેજ શરૂ કરવા જઈ રહી છે તેનો ઉલ્લેખ કરતાં શ્રી પંકજભાઈ દેસાઈએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે અંદાજપત્રમાં 12,240 કરોડ ફાળવાયા હોવાનું જણાવી તેમાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને આવરી લેતી યોજનાઓ પર વધુ ભાર મુકવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. ગરીબો અને વંચિતોનું હિત વર્તમાન સરકારના હૃદયસ્થાને છે તે માટે અનેક યોજનાઓ અમલી હોવાની વાત પણ તેમણે કરી હતી. ●

# એક જ દિવસમાં બે અંગદાતાઓથી સાતને નવજીવન



✎ **અમિતસિંહ ચૌહાણ**

જીવન દુર્લભ છે એ આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ. કોઈને જીવતદાન આપવું એ સૌથી મોટું પુણ્ય છે તેવી શીખ વડીલો આપણને આપતા હોય છે. કોઈને જીવતદાન આપવાનું કાર્ય અંગદાનથી પણ થઈ શકે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક દિવસમાં બે બ્રેઈન ડેડ વ્યક્તિઓનાં અંગદાન થયાં, જેના થકી સાત વ્યક્તિઓને નવજીવન મળ્યું અને તેમની વર્ષોની પીડાનો અંત આવ્યો છે.

બે અંગદાતાઓમાંથી ૨૦ વર્ષીય બ્રેઈનડેડ પુરનસિંહ પરમારના હૃદય, બે કિડની અને એક લીવરનું દાન મળ્યું છે. રાજસ્થાનના પુરનસિંહ પરમારનું હૃદય હવે જામનગરના ૧૪ વર્ષીય બાળકમાં ધબકી રહ્યું છે. રિટ્રાઈવલ બાદ અંગદાનમાં મળેલા હૃદયને ગ્રીન કોરિડોર મારફતે ૧૧ કિ.મી. દૂર સિમ્સ હોસ્પિટલમાં ગણતરીની મિનિટોમાં પહોંચાડવામાં આવ્યું. સિમ્સના તબીબ ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ દ્વારા માત્ર ૩ કલાકમાં ૧૪ વર્ષીય બાળકમાં હૃદયનું સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરીને બાળકને વર્ષોની પીડામાંથી ઉગારવામાં આવ્યું.

પુરનસિંહને ૧૩મી માર્ચે માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં સઘન સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેઓ બ્રેઈનડેડ જાહેર થયા હતા. સિવિલ હોસ્પિટલ SOTTOની ટીમના ડૉ. સંજય સોલંકી અને તેમની ટીમ દ્વારા પરિવારજનોની કાઉન્સેલિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. પરિવારજનોને અંગદાન અંગેની સમજ આપવામાં આવતાં અને અન્ય કિસ્સાઓ તેમના સમક્ષ દર્શાવાતાં પરિવારે અંગદાન માટેની સંમતિ આપી હતી. અંગોના રિટ્રાઈવલ માટે સિવિલના તબીબ ડૉ. નીલેશ અને ડૉ. પુંજિકાએ સમગ્ર પ્રક્રિયા હાથ ધરી હતી.

રિટ્રાઈવલથી હૃદય પ્રત્યારોપણની ૧૨થી ૧૪ કલાકની ભારે જહેમત બાદ આખરે ૧૪ વર્ષના બાળકની વર્ષોની પીડાનો અંત આવ્યો. હવે બાળકના શરીરમાં ખામીવાળુ નહીં, પરંતુ ૨૦ વર્ષીય યુવકનું હૃદય ધબકતું થયું.

અન્ય અંગદાનની વિગતોમાં ભાવનગરનાં ૫૫ વર્ષીય જીકુબહેન સોલંકીને પણ માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઈજા થયા બાદ સારવાર દરમિયાન બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. જીકુબહેનની બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી છે, જેને અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઈન્સ્ટિટ્યૂટમાં જરૂરિયાતમંદ દર્દીને પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશી કહે છે કે, દર્દી જ્યારે બ્રેઈનડેડ થાય ત્યાંથી લઇ પ્રત્યારોપણની પ્રક્રિયા અને કામગીરી અત્યંત સંવેદનશીલ હોય છે. અંગદાન અને પ્રત્યારોપણની તબક્કાવારની આ પ્રક્રિયાની સાંકળમાં એક પણ કડી તૂટે તો સમગ્ર મહેનત એળે જવાની સંભાવનાઓ પ્રબળ રહેલી હોય છે, પરંતુ સિવિલ હોસ્પિટલની SOTTOની ટીમ છેલ્લા ૧૪ મહિનાથી અથાક પરિશ્રમ કરીને શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે, જેના પગલે જ અત્યાર સુધીમાં ૧૨૯ અંગોનું ૧૧૩ દર્દીઓમાં પ્રત્યારોપણ કરીને પીડિતોના જીવનમાં ઉજાસ પાથરવામાં સફળતા મળી છે. ●



આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

ગુજરાત બજેટ 2022-2023

# ખેડૂતોના થશે સપના સાકાર, **પડખે ઉભી છે અમારી સરકાર**

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે
## કુલ ₹.૭૭૩૭ કરોડ

ખેડૂતોને ખરીફ પાકધિરાણ ઉપરાંત હવે... **રવી તેમજ ઉનાળુ પાકધિરાણ માટે ₹.૧૨૫૦ કરોડની વ્યાજ રાહતની યોજના**



### કૃષિ કલ્યાણ

કૃષિ યાંત્રિકીકરણના સંદર્ભે ટ્રેક્ટર સહિત અન્ય મશીનરીની ખરીદીમાં સહાય માટે **₹.૨૬૦ કરોડની ફાળવણી**

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રો માટે **₹.૨૩૧ કરોડની ફાળવણી**

ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અતંર્ગત **₹.૮૧ કરોડની ફાળવણી**

કાંટાળા તારની વાડ બનાવવા માટે સહાય આપવા **₹.૧૦૦ કરોડની ફાળવણી**

કૃષિ ક્ષેત્રે કૃષિ વિમાન (ડ્રોન ટેકનોલોજી)ના ઉપયોગ માટે **₹.૩૫ કરોડની ફાળવણી**

કૃષિ બજાર વ્યવસ્થાના સંચાલન હેતુ **₹.૫૦ કરોડની જોગવાઈ**

### પશુપાલક કલ્યાણ

સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે **₹.૨૧૩ કરોડની જોગવાઈ**

પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે **₹.૩૦૦ કરોડની જોગવાઈ**

### આદિજાતિ કલ્યાણ

આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામુહિક સિંચાઈ કૂવા સાથે ૩ એચ.પી. સોલાર પંપની સહાય આપવા **₹.૭૫ કરોડની ફાળવણી**

આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા નવી સહાય યોજના માટે **₹.૩૮ કરોડ વપરાશે**

આદિજાતિ વિસ્તારની ખાંડ મીલોને પુનઃ કાર્યાન્વિત કરવા શેરમૂડી માટે **₹.૪૦ કરોડ લોન સહાયની જોગવાઈ**

પ્રાકૃતિક કૃષિનો ઉપહાર
ખેડૂતોની પ્રગતિ અપરંપાર






**Published on Date 1-4-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**64 + 4 Cover = Total 68 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦